અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ નવેમ્બર ૨૦૨૩, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ પાંચમ | અંક : ૯૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ઘરેલું ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી

## એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૦૦ રૂપિયાથી વધુનો વધારો થયો

**દેશની આર્થિક રાજધાની મુંબઈમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ઘટીને ૧૭૮૫.૫૦ રૂપિયા થઈ ગઈ છે અને ૧૦૧.૫૦ રૂપિયા મોંઘી થઈ ગઈ છે**

। નવી દિલ્હી, તા.૧ ।

દેશમાં લોકોને તહેવારોની સિઝનમાં મોંઘવારીના મોટા આંચકાનો સામનો કરવો પડ્યો છે. આજે દેશમાં કરવા ચોથનો તહેવાર મનાવવામાં આવી રહ્યો છે અને આજથી એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૦૦ રૂપિયાથી વધુનો વધારો થયો છે. ગેસના આ ભાવ ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડર (કોમર્શિયલ એલપીજી સિલિન્ડર રેટ) માટે છે અને તેની અસર ખાસ કરીને ફૂડ ઈન્ડસ્ટ્રી અને રેસ્ટોરન્ટ બિઝનેસ પર જોવા મળશે, પરંતુ બહારનું ખાવાનું તમારા માટે મોંઘું થઈ જશે. જાણો ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ LPG સિલિન્ડરની કિંમતમાં કેટલો વધારો કર્યો છે. આજે, ૧ નવેમ્બરથી, દિલ્હીમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત વધીને ૧૮૩૩ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગઈ છે અને ગયા મહિને ૧ ઓક્ટોબરના રોજ તે ૧૭૩૧.૫૦ રૂપિયા હતી. દિલ્હીમાં આજથી વાણિજ્યિક



એલપીજી ૧૦૧.૫૦ રૂપિયા મોંઘો થયો છે. કોલકાતામાં એલપીજીની કિંમત ૧૦૩.૫૦ રૂપિયા વધીને ૧૯૪૩ રૂપિયા થઈ ગઈ છે જ્યારે ગયા મહિને તેનો દર ૧૮૩૯.૫૦ રૂપિયા હતો. દેશની આર્થિક રાજધાની મુંબઈમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ઘટીને ૧૭૮૫.૫૦ રૂપિયા થઈ ગઈ છે અને ૧૦૧.૫૦ રૂપિયા મોંઘી થઈ ગઈ છે. ઓક્ટોબરમાં તેના ભાવ ૧૬૮૪ રૂપિયા હતા. ચેન્નાઈમાં ગેસ સિલિન્ડરની કિંમત ઘટીને ૧૯૯૯.૫૦ રૂપિયા થઈ ગઈ છે અને તેમાં ૧૦૧.૫૦ રૂપિયાનો વધારો થયો છે. ઓક્ટોબરમાં તેના ભાવ ૧૮૯૮ રૂપિયા હતા. ગયા મહિને પણ ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૦૯ રૂપિયાનો વધારો કરીને લોકોને મોટો ઝટકો આપ્યો હતો. આ પછી દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ઘટીને ૧૭૩૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે. સતત બીજા મહિને તેલ કંપનીઓએ કોમર્શિયલ એલપીજીના ભાવમાં વધારો કર્યો છે. ૧ નવેમ્બરે ઘરેલુ એલપીજીના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે જૂના દર પર યથાવત છે. જો આપણે દેશના ચાર મોટા મેટ્રો શહેરો પર નજર કરીએ તો, ૧૪.૨૦ કિલોનું ઘરેલું ગેસ સિલિન્ડર દિલ્હીમાં ૯૦૩ રૂપિયા, કોલકાતામાં ૯૨૯ રૂપિયા, મુંબઈમાં ૯૦૨.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૯૧૮.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ છે.



મરાઠા અનામત પર સર્વપક્ષીય બેઠક યોજાઈ

## મરાઠા અનામત અંગે તમામ પક્ષો સહમત, થોડો સમય લાગશે : શિંદે

**અત્યાર સુધીમાં કુલ ૨૬ લોકોના આપઘાત, આ આપઘાતની ઘટનાઓ મરાઠા અનામતની માગ સાથે જ સંકળાયેલી છે**

। મુંબઈ, તા.૧ ।

મહારાષ્ટ્રમાં મરાઠા અનામતની માગ સાથે સતત દેખાવો થઈ રહ્યા છે. નાંદેડ જિલ્લાના પોલીસ સુપ્રીન્ટેડન્ટ શ્રીકૃષ્ણ કોકાટે મરાઠા અનામતની માગ કરતા આંદોલનકારીઓ દ્વારા કરાયેલા પથ્થરમારા દરમિયાન ઘવાયા હતા. તેની માહિતી એક અધિકારીએ આપી હતી. મરાઠા અનામત અંગે સર્વપક્ષીય બેઠકમાં પસાર થયેલા પ્રસ્તાવ બાદ કાર્યકર મનોજ જરાંગેને અનિશ્ચિતકાળ માટેના અનશનનો અંત લાવી દેવા કહેવાયું છે. આ મામલે હવે સીએમ શિંદેનું નિવેદન સામે આવ્યું છે.

સર્વપક્ષીય બેઠક અંગે મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેએ કહ્યું કે મરાઠા અનામત અંગે ઝડપથી કામ ચાલી રહ્યું છે. તેમણે કહ્યું કે અનામત આપવા માટે થોડાક સમયની જરુર છે. મરાઠા સમાજ સમાજને અનામત આપવી એ મહત્ત્વનો મુદ્દો છે. મરાઠા અનામત અંગે તમામ પક્ષો સહમત છે અને તેના માટે ઝડપથી કામ ચાલી રહ્યું છે પણ બધાએ આ મામલે થોડીક સમજ દાખવવી પડશે.

મહારાષ્ટ્રમાં મરાઠા અનામતની માગ સાથે મોટાપાયે દેખાવો કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન આજે સવારે મહારાષ્ટ્ર સરકારમાં એનસીપીના અજિત પવાર જૂથના મંત્રી હસન મુશ્રીફની કાફલામાં સામેલ કાર પર હુમલો કરાયાની ઘટનાએ ચકચાર મચાવી હતી. આ હુમલો આંદોલનકારીઓ દ્વારા જ કરાયો હોવાની માહિતી હતી.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કુલ ૨૬ લોકો આપઘાત કરી ચૂક્યા છે. આ આપઘાતની ઘટનાઓ મરાઠા અનામતની માગ સાથે જ સંકળાયેલી છે. ગઈકાલે વધુ ૯ લોકે મરાઠા અનામતની માગ સાથે જીવન ટૂંકાવ્યું હતું. ૧૯થી ૩૧ ઓક્ટોબર વચ્ચે એટલે કે માત્ર ૧૩ દિવસમાં આ સમુદાયના કુલ ૨૬ લોકો જીવન ટૂંકાવી ચૂક્યા છે.

### આંદોલનકારીઓનો મહારાષ્ટ્રના પ્રધાનના કાફલાની કાર પર હુમલો

મહારાષ્ટ્રમાં મરાઠા અનામતની માગ સાથે મોટાપાયે દેખાવો કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન તાજેતરના અહેવાલ અનુસાર મહારાષ્ટ્ર સરકારમાં એનસીપીના અજિત પવાર જૂથના મંત્રી હસન મુશ્રીફની કાફલામાં સામેલ કાર પર હુમલો કરાયાની ઘટનાએ ચકચાર મચાવી છે. ઉલ્લેખનીય છે કે આજે સીએમ એકનાથ શિંદેએ સર્વપક્ષીય બેઠક બોલાવી છે. જોકે આ વચ્ચે એવા પણ અહેવાલો છે કે ઉદ્ધવ ઠાકરેના જૂથની શિવસેનાને આ બેઠકમાં ચર્ચા કરવા માટે આમંત્રણ નથી આપવામાં આવ્યું જેના લીધે સંજય રાઉત અને ઉદ્ધવ ઠાકરે પણ ભડક્યાં હતાં.

### ગાઝામાં ગ્રાઉન્ડ ઓપરેશનમાં ઈઝરાયેલના નવ સૈનિકનાં મોત

। જેરૂસલેમ, તા.૧ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા ૨૬ દિવસથી ચાલી રહેલા યુદ્ધમાં દિવસેને દિવસે વધુ તણાવની સ્થિતિ બની રહી છે અને યુદ્ધમાં બંને દેશોના અનેક નાગરિકોનો ભોગ લેવાઈ ગયો છે ત્યારે ગાઝામાં ગ્રાઉન્ડ ઓપરેશન દરમિયાન ઈઝરાયેલના ૯ સૈનિકોના મોત થયા હોવાની આઈડીએફએ કરી પુષ્ટી કરી છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ગાઝામાં ઈઝરાયેલની સતત કાર્યવાહી ચાલુ છે.

### ભારતીય શેરબજારમાં પ્રોફિટ બુકિંગના કારણે ઘટાડો

## સેન્સેક્સમાં ૨૮૪ અને નિફ્ટીમાં ૯૧ પોઈન્ટનો કડાકો જોવા મળ્યો

**મેટલ, આઈટી, પીએસઇ શેર્સમાં વેચવાલી, ઓટો, એનર્જી, એફએમસીજી ઈન્ડેક્સ ઘટાડાની સાથે બંધ**

। મુંબઈ, તા.૧ ।

આજે ફરી માર્કેટમાં ઉથલપાથલ જોવા મળી છે. મહિનાની શરુઆતમાં જ માર્કેટ લાલ નિશાન સાથે બંધ થયું છે. નિફ્ટી બેંક વીકલી એક્સપાયરી પર માર્કેટમાં દબાણ હતું. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ અને નિફ્ટી નુકસાન સાથે બંધ થયા છે. મેટલ,આઈટી, પીએસઈ શેર્સમાં વેચવાલી થઈ હતી જ્યારે ઓટો, એનર્જી, એફએમસીજી ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ થયા હતા. રિયલ્ટી, પીએસયુ બેંક, ફાર્મા શેર્સમાં ખરીદી હતી. મિડકેપ શેર્સમાં દબાણ હતું જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ સપાટ બંધ રહ્યો હતો.અદાણી એન્ટરપ્રાઈઝ, કોલ ઈન્ડિયા, અદાણી પોર્ટ્સ, એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ અને એશિયન પેઈન્ટ્સ નિફ્ટીના ટોપ લૂઝર હતા. સન ફાર્મા, બીપીસીએલ, એચડીએફસી લાઈફ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ નિફ્ટીમાં ટોપ ગેઈનર્સ હતા. નવેમ્બરના પ્રથમ ટ્રેડિંગ દિવસે ભારતીય શેરબજાર પ્રોફિટ બુકિંગના કારણે ઘટાડા સાથે બંધ થયું હતું. બેંકિંગ, આઈટી અને ઓટો શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું જેના કારણે બજાર ઘટ્યું.

### અમેરિકામાં ફરી એક વખત મૂળ ભારતીય ટાર્ગેટ

## ઈન્ડિયાનામાં ભારતીય મૂળના વિદ્યાર્થી ઉપર ચપ્પુથી હુમલો

। અમદાવાદ તા.૧ ।

અમેરિકામાં ફરી એકવાર ભારતીય મૂળના એક યુવક પર હુમલો કરવામાં આવ્યો છે, અમેરિકાના ઈન્ડિયાના રાજ્યમાં ભારતીય મૂળના વિદ્યાર્થી પર ચપ્પા વડે હુમલો કરવાની ઘટના સામે આવી છે જેમાં યુવક ગંભીર રીતે ઘાયલ થયો હતો. હાલ તેની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. અમેરિકામાં ભારતીય પર હુમલાની ઘટના અવારનવાર સામે આવી રહી છે ત્યારે હવે ફરીથી આવી જ એક ઘટના પ્રકાશમાં આવી છે જેમાં ઈન્ડિયાના રાજ્યમાં વાલપરાઈસો શહેરમાં એક સાર્વજનિક જીમમાં ૨૪ વર્ષીય ભારતીય મૂળના વિદ્યાર્થી પર ચપ્પા વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ભારતીય યુવક ગંભીર રીતે ઘાયલ થયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ભારતીય યુવકની ઓળક વરુણ તરીકે થઈ હતી.

### ઈઝરાયલ-હમાસ યુદ્ધનો મૃતાંક ૧૦૦૦૦ને વટાવી ગયો

## ગાઝામાં જબાલિયા શરણાર્થી કેમ્પ પર ઈઝરાયેલના હુમલામાં ૫૦થી વધુનાં મોત

। તેલઅવિવ, તા.૧ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે જારી યુદ્ધ વચ્ચે મૃતકાંક ૧૦૦૦૦ને વટાવી ગયો છે ત્યાં પેલેસ્ટાઈનના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે ઉત્તર ગાઝામાં આવેલા જબાલિયા શરણાર્થી કેમ્પ પર ઈઝરાયલ દ્વારા હુમલો કરી દેવામાં આવ્યો હતો જેમાં ૫૦થી વધુ લોકો મૃત્યુ પામી ગયા છે અને ૧૫૦થી વધુ ઘવાયા હતા. અત્યાર સુધી ઈઝરાયલે આ હુમલા અંગે કોઈ ટિપ્પણી નથી કરી. જ્યારે ગાઝામાં હમાસના આતંકીઓએ ઈઝરાયલી સૈન્યના બે જવાનોને ઠાર માર્યા હતા. બીજી બાજુ ઈઝરાયલના લોકોએ અપહરણ અને હત્યાઓ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ કોર્ટમાં અપીલ કરી છે. અહેવાલો અનુસાર ઈજિપ્તે ઈઝરાયલના હવાઈ હુમલાનેને અમાનવીય ગણાવ્યો છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

આણંદ જિલ્લાના તમામ તાલુકાઓમાં માનદ પત્રકાર નિમવાના છે સંપર્ક કરો



મનિષ પ્રજાપતિ
મો.88493 69594



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.co.in વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

# દિવાળી પહેલા ૧૧થી ૧૨ હજાર કરોડનો વેપાર થવાની આશા

## દિવાળીની સિઝનના કારણે ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ૨૦૦થી વધુ ટ્રક માલ ભરી ટ્રાન્સપોર્ટ મારફતે અન્ય રાજ્ય બહાર જઈ રહી છે

। સુરત, તા.૧ ।

શહેરનો ટેકસટાઈલ ઉદ્યોગ દેશ અને દુનિયામાં જાણીતો છે. ટેકસ્ટાઈલ્સ માર્કેટનો મુખ્ય વેપાર દિવાળી પર રહેલો છે. દર વર્ષે સુરત ટેક્સટાઈલ માર્કેટનો વાર્ષિક વેપાર અંદાજિત ૧૧થી ૧૨ હજાર કરોડ રૂપિયાનો હોય છે. જોકે ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે સુરત ટેક્સટાઈલ માર્કેટનો વેપાર હાલ નવથી દસ હજાર કરોડ સુધી પોહચી ગયો હોવાનો દાવો ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડર્સ એસોસીએશનના મહામંત્રી દિનેશ કટારીયા દ્વારા કરવામાં આવ્યો છે. સુરત ટેક્સટાઈલ માર્કેટની સામાન્ય સિઝનો મંદિના માહોલમાંથી પસાર થાય છે. જેથી સૌ કોઈ વેપારીઓ દિવાળીની સીઝનમાં સારા વેપારની આશા લગાવી બેઠા હતા. જે આશા વેપારીઓની અંતે ફળી છે અને હમણાં સુધીમાં નવથી દસ હજાર કરોડ સુધીનો વેપાર સુરત ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓએ કરી લીધા હોવાનો દાવો કરાયો છે.

દિવાળીની સિઝનના કારણે ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ૨૦૦થી વધુ ટ્રક માલ ભરી ટ્રાન્સપોર્ટ મારફતે અન્ય રાજ્ય બહાર જઈ રહી છે. સુરત ટેક્સટાઈલ માર્કેટમાં મલ્ટીપલ પ્રોડક્ટના કારણે સારો એવો વેપાર થયો છે. આ અંગે ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડર્સ એસોસીએશનના મહામંત્રી દિનેશ કટારીયાએ જણાવ્યું હતું કે, રક્ષાબંધનના તહેવાર બાદ ટેક્સટાઈલ માર્કેટમાં તેજીનો માહોલ જોવા મળ્યો છે. અન્ય તહેવારોની સરખામણીએ દિવાળીના તહેવાર દરમિયાન ૨૫ થી ૩૦ ટકા જેટલો વેપાર થતો હોય છે. દિવાળીના તહેવાર દરમિયાન થતાં વેપારના કારણે અન્ય સિઝનના વેપારની ઓન સરભરા થઈ જાય છે. જેથી વેપાર બંધ થવાની સમસ્યા પણ ઉદભવતી નથી. વીતેલા દિવસોમાં પણ સારો વેપાર થયો છે.

રક્ષાબંધન બાદ એકધારા વેપારના કારણે દિવાળી સુધીમાં જે વેપારનો લક્ષ્યાંક વેપારીઓએ ધાર્યો હતો તે ધારણા મુજબ ૯,૦૦૦ હજાર કરોડ સુધીનો વેપારનો લક્ષ્યાંક પૂર્ણ કરી લીધો છે. સામાન્ય દિવસોમાં ટ્રાન્સપોર્ટ મારફતે ૧૨૦થી ૧૨૫ જેટલી ટ્રકો સુરતથી અન્ય રાજ્યોમાં જતી હતી. જે ટ્રકોની સંખ્યા ૨૪૦થી વધુ રહી છે. જેના કારણે વેપારીઓના માલનું ડિસ્પેચિંગ પણ ખૂબ જ ઝડપી રહ્યું છે.

વેપારીઓએ ડિસ્પેચિંગનો લક્ષ્યાંક ધાર્યો હતો તે મુજબ હાલ મળી ચૂક્યો છે. સુરત માત્ર સાડીના બિઝનેસ પૂરતું હક નથી પરંતુ હવે મલ્ટીપલ ફેબ્રિક્સના કારણે સારો વેપાર સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને મળી રહ્યો છે. જેથી તમામ સેક્ટર મળીને ૧૦,૦૦૦ કરોડ સુધીનો વેપારનો લક્ષ્યાંક પૂર્ણ થઈ ગયો હોવાનું અનુમાન છે. બીજી તરફ ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડર્સ એસોસીએશનના પૂર્વ ડિરેકટર અને વેપારી રંગનાથ શારદાના જણાવ્યા અનુસાર, દિવાળી નજીક આવતા જ વેપારીઓના ચહેરા ઉપર ખુશીની લાગણી જોવા મળે છે.

દિવાળીનો તહેવારે વેપારીઓ માટે વર્ષ દરમિયાનની સૌથી મોટી વેપાર માટેની સિઝન ગણવામાં આવે છે. હાલ પ્રતિદિવસ સુરતથી ૨૦૦ જેટલી ટ્રકોનું રાજ્ય બહાર ડિસ્પેચિંગ થાય છે. પરંતુ ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષની વાત કરવામાં આવે તો દિવાળીની સિઝન નબળી રહી છે. અગાઉ દિવાળીના નજીકના દિવસોમાં ૪૦૦ થી ૪૫૦ જેટલી ટ્રકોનું સુરતથી રાજ્ય બહાર ડિસ્પેચિંગ થતું હતું, જે ચાલુ વર્ષે ખૂબ જ ઓછું રહ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### સુરત પોલીસે મોબાઈલનું મોટું નેટવર્ક ઝડપ્યું

। સુરત, તા.૧ ।

સુરત મેટ્રો સિટી બની ગયેલા હું સુરતમાં મોબાઈલ ચોરીના કિસ્સા મોટી સમસ્યા થઈ ગઈ છે અને આ ગોરખધંધો કરનારાઓનું મોટુ નેટવર્ક છે. આ ધંધો ફેલાવા પાછળનું મોટું કારણ એ પણ છે કે મોબાઈલ ચોરો તો પકડાય છે પરંતુ આ ચોરીના મોબાઈલનો વેપાર કરનાર હજી સુધી પોલીસના હાથે લાગતા નથી. ઉધના પોલીસે પહેલી વખત મોબાઈલ ચોરને પકડી પાડી આ ચોરીના મોબાઈલ ખરીદનારને ત્યાં રેઈડ કરી હતી અને તેની પાસેથી ૪૩ જેટલા મોબાઈલ મળી આવ્યા છે. શહેરમાં લાંબા સમયથી રેલ્વેમાં મુસાફરી કરતા પેસેન્જરોની નજર ચૂકવી મોબાઈલ ચોરીના કેસ વધવા પામ્યા છે. આ મોબાઈલ ચોરને પકડવા માટે પોલીસકમિશનરનીસૂચનાબાદઉધના પીઆઈ એસ.એન.દેસાઈએ તેમની ટીમને કામે લગાડી હતી. દરમિયાન પીએસઆઈ એસ.વી.ચૌધરી અને તેમની ટીમ સાથે પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમીના આધારે પીર ઉર્ફે પીરૂ ઉર્ફે બચકુન્ડા મહંમદ સઈદ શેખ ને ચોરીના ૫ મોબાઈલ સાથે પકડી પાડ્યો હતો.

### સુરતમાં પુત્રીના લગ્નના ૧૫ દિવસ પહેલા પિતાનો આપઘાત

। સુરત, તા.૧ ।

સુરતમાં થોડા દિવસ પહેલા જ એક જ પરિવારનાં સાત સભ્યોએ આર્થિક સંકડામણમાં સામુહિક આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. એ ઘટના હજુ લોકોનાં મગજમાંથી નીકળી નથી. ત્યાં જ આજે એક પિતાએ દીકરીનાં લગ્ન માટે પૂરતા પૈસા ભેગા કરી ન શકતા જીવન ટૂંકાવ્યું હતું. મળતી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્રનાં રહેવાસી અને કેટરર્સમાં રસોઈ કરી પોતાનાં પરિવારનું ગુજરાન ચલાવતા અનીસ શેખ (ઉ.વર્ષ.૩૫) ની એકની એક દીકરીનાં લગ્ન નક્કી થયા હતા. જેને લઈ પરિવારનાં તમામ સભ્યોમાં ખુશીનો માહોલ હતો. ત્યારે દિકરીનાં લગ્નનાં ૧૫ દિવસ પહેલા જ પિતા દ્વારા ઝેરી દવા પી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. ત્યારે આ અંગેની જાણ પરિવારજનોને થતા પરિવારજનોમાં શોક વ્યાપી જવા પામ્યો હતો.અનીશ શેખની મોટી દીકરીનાં ૧૫ દિવસ બાદ લગ્ન હોઈ પરિવારનાં તમામ લોકો ખુશ હતા. ત્યારે લગ્નમાં પૂરતા પૈસાની વ્યવસ્થા ન થતા અનિશ શેખ નામનાં વ્યક્તિએ ઝેરી દવા પી આપઘાત કરી લીધી હતી.

બેવડી ઋતુની અસરમાં હાલમાં અસ્થમાના દર્દીઓને સામાન્ય રીતે સમસ્યા વધતી હોય છે

# સુરતની સ્મીમેર હોસ્પિટલમાં અસ્થમાની દવાઓને લઈ દર્દીઓને હાલાકી સર્જાઈ

## દવા નહીં મળવાની સમસ્યાને લઈ દર્દીઓએ બજારમાંથી દવાઓ ખરીદવી પડી રહી છે

। સુરત, તા.૧ ।

સુરત સ્મીમેર હોસ્પિટલમાં કેટલીક દવાઓ મળવાને લઈને સમસ્યા સર્જાઈ હોવાની ફરિયાદ ઉઠી છે. સ્મીમેર હોસ્પિટલમાં અસ્થમાની દવાનો જથ્થો ખૂટ્યો હોવાની ફરિયાદ વર્તાઈ છે. દવા નહીં મળવાની સમસ્યાને લઈ દર્દીઓએ બજારમાંથી દવાઓ ખરીદવી પડી રહી છે. જેને લઈ દર્દીઓએ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ અસ્થમાની દવાને લઈ સ્મીમેર હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટનો દાવો છે કે, દવાઓનો સ્ટોક પૂરતો છે. જે દવાઓનો સ્ટોક ઓછો છે તેને માટે ઓર્ડર કરવામાં આવ્યો છે. જે સ્ટોક આવી પહોંચશે. જે દવાની ગોળીને લઈ સ્ટોક ઓછો છે, તેના રિપ્લેસમેન્ટમાં અન્ય દવા પણ હાજર હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આમ દર્દીઓને હાલાકી નહીં પડે એવો દાવો કરવામાં આવી રહ્યો છે.



એસજી હાઇવે કેડીલા સોલા ઓવર બ્રિજ પર વહેલી સવારે અકસ્માત થયો જેમા ૧ ટ્રક પલટી મારી હતી જેના કારણે ટ્રાફિક જામ થયો હતો.

# સીમાડા ખાતે રસ્તામાં શ્વાન વચ્ચે આવી જતા રીક્ષા પલટી મારી

## રિક્ષામાં એક પરિવારના ૪ લોકો સવાર હતા, એકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થ હોસ્પિટલમાં ખસેડયા છે

। સુરત, તા.૧ ।

સુરત શહેરમાં રખડતા શ્વાનનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે. સીમાડા ખાતે રસ્તામાં શ્વાન વચ્ચે આવી જતા રીક્ષા પલટી મારી છે. રિક્ષામાં એક પરિવારના ૪ લોકો સવાર હતા. એકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થ હોસ્પિટલમાં ખસેડયા છે. પરિવાર હોસ્પિટલ માંથી પિતાની સારવાર કરી ઘરે આવી રહ્યા હતા. શ્વાન વચ્ચે આવી જતા રીક્ષા પલટી થઈ હતી.સુરત શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રખડતા શ્વાનનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે.નાના બાળકોથી ઉમર લાયક લોકો પર શ્વાનના હુમલો વધી રહ્યા છે. ત્યારે હવે તો રોડ પર વાહન ચાલકો પણ સુરક્ષીત નથી. શહેરના સીમાડા નાકા ખાતે એક પરિવાર રિક્ષામાં પસાર થઈ રહ્યું હતું. અચાનક રખડતો શ્વાન વચ્ચે આવી જતા અકસ્માત સર્જાયો હતો. શ્વાન વચ્ચે આવી જવાથી રીક્ષા પલટી મારી હતી.

રિક્ષામાં ૪ લોકો હતા. જેમાં ભાવના નામની મહિલાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગંભીર હાલમાં હોસ્પિલટમાં ખસેડાયા હતાસુરતના ગોડાદરા ખાતે આવેલ દવરકેશ નગરમાં રહેતા જયેશભાઈને હૃદયમાં બીમારી હોવાના કારણે તો તેમની પરિવાર સાથે ઘરની જ રિક્ષામાં સારવાર અર્થ ભરૂચ ખાતે હોસ્પિલટમાં ગયા હતા. હોસ્પિલટમાં સારવાર લીધા બાદ તો ફરી રિક્ષામાં બેસી ઘરે આવવા માટે નીકળ્યા હતા. તેમનો પુત્ર હર્ષ જાધવ રીક્ષા ચલાવી રહ્યો હતો. દરમિયાન સુરત શહેરના સીમાડા નાકા પાસે અચાનક રીક્ષાની સામે શ્વાન આવી ગયું હતું. જેથી રિક્ષાએ પલટી મારી હતી.ઘટનાએ લઈ આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. રીક્ષામાંથી ચારે લોકોને બહાર કાઢ્યા હતા. ઘટનામાં જયેશભાઈની પત્ની ભાવના જાધવ ને હાથ, પગ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર હોસ્પિટલમાં લઈ ગયા હતા. જયેશ ભાઈ અને તેમનો પુત્ર દિવ્યશને પણ સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

# અમદાવાદનાં સરખેજમાં ઢોર પકડવા ગયેલી ટીમ પર હુમલો

## આ સમગ્ર મામલે સરખેજ પોલીસ મથકે ૬ લોકો તેમજ મકરબા પોલીસ મથકે ૮ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવામાં આવી

। અમદાવાદ, તા.૧ ।

ગુજરાતમાં રખડતા ઢોરનાં કારણે થઈ રહેલ મોત બાબતે હાઈકોર્ટેની ફટકાર દ્વારા તંત્ર એક્શન મોડમાં આવ્યું હતું. ત્યારે તાજેતરમાં જ હાઈકોર્ટે શહેરી વિકાસ વિભાગ, અમદાવાદ મ્યુનિ. કમિશ્નર અને અમદાવાદ ટ્રાફિક એડિશનલ પોલીસ કમિશ્નરનો ઉઘડો લીધો હતો. જે બાદ તંત્ર હરકતમાં આવ્યું હતું. ત્યારે ગત રોજ અમદાવાદનાં સરખેજ વિસ્તરામાં મોડી રાત્રે ઢોર પકડવા ગયેલ ટીમ પર કેટલાક શખ્સો દ્વારા લાકડીઓ વડે હુમલો કર્યો હતો. જે બાદ સરખેજ પોલીસ મથકે ૬ લોકો સામે ફરિયાદ નોંધાવા પામી હતી. જ્યારે બીજા એક બનાવમાં અમદાવાદનાં મકરબા પ્રાથમિક શાળા પાસે ઢોર પકડવા ગયેલ છસ્ઝ ની ટીમ પર હુમલો કરતા ઝદ્નઝઢ વિભાગનાં ૨ કર્મીઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેઓને ગંભીર ઈજાઓ થતા તેઓને તાત્કાલિક સારવાર અર્થે ખસેડાયા હતા. ત્યારે આ સમગ્ર મામલે ૮ શખ્શો વિરૂદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર પર હુમલો થયો હતો. દબાણ હટાવવાની કામગીરી દરમિયાન ટોળાએ હુમલો કરતા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રમ્ય ભટ્ટને લોહી લુહાણ હાલતમાં સારવાર માટે SVP હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. સમગ્ર મામલે પોલીસે ગણતરીના કલાકોમાં જ બે આરોપીઓને તેમના ઘરમાં ઘૂસીને ઝડપી પાડ્યા હતા. પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

રાજ્ય સરકારે રખડતા ઢોર અંગે માર્ગદર્શિકા જાહેર કરી છે. રાજ્ય સરકાર દ્વારા મનપા તેમજ નપા વિસ્તાર માટે સરકારે માર્ગદર્શિકા જાહેર કરી રખડતા ઢોર માલિકો સામે કડક નિર્ણય લીધો છે. જેમાં રાજ્યની દરેક મનપા તેમજ નપા વિસ્તારમાં ઢોરનું રજીસ્ટ્રેશન ફરજિયાત કર્યું છે. તેમજ મનપા અને નપાએ પશુઓમાં ટેગ લગાવવાની કામગીરી કરવી પડશે.

**વિશેષ** શું આપણાં સૌરમંડળની પાર પણ કોઈ દુનિયા છે ખરી? પૃથ્વી સિવાય સૌરમંડળમાં ક્યાંય જીવનહોવાની શક્યતા અંગેની મથામણ

# વૈજ્ઞાનિકોનું ધ્યાન ગુરૂ, શનિ, યુરેનસ અને નેપ્ચ્યુનના ઉપગ્રહો પર જીવન શોધવામાં લાગ્યું છે



સાંપ્રત પ્રવાહો
લેખક : દીપક જગતાપ

વિશ્વભરના વૈજ્ઞાનિકો સમગ્ર માનવજાત માટે આ સવાલનો જવાબ શોધી રહ્યા છે કે શું બ્રહ્માંડમાં અન્ય કોઈ જગ્યાએ જીવન છે? અને જો છે તો ક્યાં છે ? આમ તોબ્રહ્માંડએટલુ વિસ્તૃત અને અનંત છે કે તેનો તો કોઈ છેડો નથી, એટલે જ આપણાં સૌરમંડળમાં પૃથ્વી સિવાય ક્યાંય જીવન છે કે નહીં તેની શોધ વધુ ઝડપથી થઈ રહી છે.એ માટે દુનિયા ભરના વિજ્ઞાનીકો બીજે ક્યાય જીવન છે કે નહી તેની શોધ કરી રહ્યા છે.

હાલ તો આપણાં સૌરમંડળમાં પણ એવા ઘણાં રહસ્યો છે જે વણઉકેલ્યા છે, એટલે જ વૈજ્ઞાનિકોને આશા છે કે સૌરમંડળમાં બીજે ક્યાંક પણ જીવન છે. મંગળ ગ્રહ પરનું વાતાવરણ પૃથ્વીના વાતાવરણ જેવું લાગી રહ્યું હતું, તેથી મંગળ પર જીવનની શોધ કરવા માટે ઘણાં અવકાશયાન મોકલવામાં આવ્યા. પરંતુ મંગળ પર જીવન હોવાની સંભાવના હવે ધૂંધળી થઈ રહી છે. તમામ માર્સ મિશન એવા સંકેતો આપી રહ્યા છે કે મંગળ પર જીવન હોવાની શક્યતાઓ ઓછી છે. મંગળ સિવાય આપણાં સૌરમંડળમાં જે ગ્રહો છે તે સૂર્યથી ખૂબ દૂર હોવાના કારણે ખૂબ જ ઠંડા છે, તેથી તેમાં જીવન અંકુરિત થવાની શક્યતાઓ ખૂબ ઓછી છે.આ પરિસ્થિતિના કારણે વૈજ્ઞાનિકોનું ધ્યાન ગુરૂ, શનિ, યુરેનસ અને નેપ્ચ્યુનના ઉપગ્રહો પર જીવન શોધવામાં લાગ્યું છે. જ્યારે ’નાસા’નું અવકાશ યાન વોયેજર શનિના ઉપગ્રહ એન્સેલાડસ નજીકથી પસાર થયું ત્યારે તેને ત્યાં પાણી હોવાના પુરાવાઓ મળ્યા હતા.


બર્ફીલા વાતાવરણમાં કેટલાંય કિલોમીટર સુધી પાણી હોવાની આશા વોયેજરે જન્માવી, તો બીજી તરફ નાસાએ બીજું સ્પેસ મિશન કેસિની-હ્યૂજેંસ શનિ ગ્રહ વિશે સંશોધન કરવા રવાના કર્યું છે. હવે તો કેસિની મિશન પણ નાસાએ પૂર્ણ કરી દીધું છે અને આ યાન શનિના વાતાવરણમાં બળીને રાખ થઈ ચૂક્યું છે.શનિના ઉપગ્રહ એન્સેલાડસ પર હવે જીવનની શક્યતાઓ શોધવી હોય તો ત્યાં નવું યાન મોકલવું પડશે.

### ગ્રહના ઉપગ્રહ પર પણ જીવનની શોધ

ગ્રહના ઉપગ્રહ પર પણ જીવનની શોધ કરાઈ રહી છે.નાસા અને યુરોપિયન સ્પેસ એજન્સી તેની તૈયારીઓ પણ કરી રહ્યા છે.ઓછામાં ઓછા ચાર એવા મિશન ચર્ચાઈ રહ્યાં છે, જે આપણાં સૌરમંડળમાં જીવનની શોધ માટે મોકલવામાં આવશે.નાસાના વૈજ્ઞાનિક ક્રિસ મેક્કે કહે છે કે, હવે મંગળ ગ્રહ સિવાયના અન્ય ગ્રહોના ઉપગ્રહો પર જીવવની શોધ પર વધુ ધ્યાન આપવામાં આવશે.

આ સંશોધનનો પહેલો ઉમેદવાર શનિનો એન્સેલાડસ ઉપગ્રહ છે. કેસિનીએ સંશોધન કર્યું છે કે એન્સેલાડસ પર ઊંડાણવાળું પાણી હોઈ શકે છે.ત્યાંના વાતાવરણમાં જીવન અંકુરિત થવા જરૂરી કાર્બન, નાઈટ્રોજન અને હાઈડ્રોજન પણ છે.

તેથી જ એન્સેલાડસની તપાસ માટે આવનારાં વર્ષોમાં નવું યાન મોકલવાની યોજના પર વિચાર થઈ રહ્યો છે. આ ઉપરાંત અમેરિકન સ્પેસ એજન્સી ‘નાસા’ કેટલાક ધૂમકેતુઓ, એસ્ટેરોઈડ અને ગ્રહોની તપાસ માટે અંતરિક્ષ યાન મોકલવા પર વિચાર કરી રહ્યું છે. ક્રિસ મેક્કેને લાગે છે કે આ તપાસમાં એન્સેલાડસ જ મેદાન મારશે.જો કે માત્ર એન્સેલાડસ જ એવો ઉપગ્રહ નથી જેના પર વૈજ્ઞાનિકોની નજર હોય. એ ઉપરાંત





ગુરૂના ઉપગ્રહ યુરોપા, કેલિસ્ટો અને ગૈનીમેડ પર પણ જીવનના શક્યતા હોવાની આશા છે.તો નેપ્ચ્યુનના ઉપગ્રહ ટ્રાઈટન વિશે પણ વૈજ્ઞાનિકો આવી જ અટકળો લગાવી રહ્યા છે. વર્તમાન પરિસ્થિતિ અનુસાર ગુરૂનો ઉપગ્રહ યૂરોપા ભવિષ્યના સ્પેસ મિશનનું સૌથી મોટું લક્ષ્ય હશે.૬૦ના દાયકામાં જ કહેવાતું હતું કે યુરોપા પર જીવન સંભવિત છે. યુરોપા વિશે કહેવાય છે કે બરફના કેટલાંય કિલોમીટર જાડા પડની નીચે પાણીના સમુદ્ર અને તળાવો છે.

‘નાસા’ના યાન ’ગેલીલિયો’એ ૯૦ના દાયકામાં જ આપણને વાકેફ કર્યા હતા કે યુરોપામાં ૧૫-૨૦ કિલોમીટરના ઊંડાણમાં પાણી છે.ભલે એન્ડેસલાડસ વિશે સંશોધન કરવા માટે મિશન મોકલવા માટે કેટલાંક વર્ષ રાહ જોવી પડે પરંતુ યુરોપિયન સ્પેસ એજન્સીએ ’જૂસ’ નામના એક અંતરિક્ષ યાનને યુરોપા પર મોકલવાની તૈયારી શરૂ કરી છે.આ સ્પેસ મિશન ૨૦૨૨માં ગુરૂના ઉપગ્રહ યુરોપા, કેલિસ્ટો અને ગૈનીમંડની તપાસ માટે રવાના કરવામાં આવશે. આવી જ રીતે ‘નાસા’ પણ યુરોપા ક્લિપર નામનું એક યાન યુરોપાની તપાસ માટે મોકલવાનું છે.આવા મિશન માટે સૌથી જરૂરી વસ્તુ એક ખાસ પ્રકારનો રોબોટ છે, એવો રોબોટ છે બરફના મોટા પડ નીચે ઉતરી પાણી અને જીવનની શોધ કરી શકે.નાસા’ અને યુરોપિયન સ્પેસ એજન્સી આ દિશામાં કામ કરી રહ્યા છે. ‘નાસા’ના વૈજ્ઞાનિક હરિ નાયર કહે છે કે, ‘નાસા’ની પાસાડેના સ્થિત જેટ પ્રપલ્શન લેબમાં કેટલાંક વૈજ્ઞાનિકો એવો રોબોટ રોવર તૈયાર કરી રહ્યા છે, જે બર્ફીલા વાતાવરણમાં કામ કરી શકે.નાયર કહે છે કે, કેટલાંક એવા અંતરિક્ષ યાન બનાવવાની તૈયારી કરી છે જે ઠંડા ઉપગ્રહ પર ઉતરીને ખોદકામ કરી શકે. ઠંડા વાતાવરણમાં કામ કરી શકે તેવા રોબોટ તૈયાર કરવા મોટો પડકાર છે. તેના માટે એટોમિક બેટરીથી ચાલનારા રોબોટનું ટેસ્ટિંગ થઈ રહ્યું છે.નાયર માને છે કે આ પ્રકારના રોબોટ તૈયાર કરવામાં ૧૫થી ૨૦ વર્ષનો સમય લાગી શકે છે. સદીઓથી માનવજાતનું સપનું રહ્યું છે કે આપણાં સૌરમંડળમાં કે બ્રહ્માંડમાં એવી જગ્યાઓ શોધવી જ્યાં જીવન આકાર લઈ રહ્યું હોય.જો કોઈ સ્પેસ મિશન આ શોધ કરી શકશે તો આ બહુ મોટી સફળતા હશે.ક્રિસ મેક્કે કહે છે કે, અમે જ્યારે પણ બ્રહ્માંડમાં બીજે ક્યાંય જીવનની શોધ વિશે વિચારીએ ત્યારે અમને લાગે છે કે તેવું શક્ય છે, પરંતુ તે શક્ય હોય તે જરૂરી નથી. હાલ તો આવા કોઈ પુરાવાઓ નથી મળ્યા. હા, એક આશા છે જેના આધારે માનવી ક્યારેક સૌર મંડળમાં તો ક્યારેક તેની બહાર બીજી દુનિયાની શોધમાં લાગેલો છે.

## ન્યૂઝ બ્રિફ

### ગ્લેન મેક્સવેલને ગોલ્ફ રમતા ઈજા, ઈંગ્લેન્ડ સામે નહીં રમે

। નવી દિલ્હી, તા.૧ ।

ઓસ્ટ્રેલિયાની ટીમ વનડે વર્લ્ડ કપ૨૦૨૩માં શરૂઆતની ૨ મેચ હાર્યા બાદ જબરદસ્ત ફોર્મમાં જોવા મળી છે. છેલ્લી ૪ મેચમાં સતત જીત મેળવી ઓસ્ટ્રેલિયા પોઈન્ટ્સ ટેબલ પર ચોથા નંબર પર છે. ઓસ્ટ્રેલિયાની આગામી મેચ ઈંગ્લેન્ડ સામે છે. ઈંગ્લેન્ડ સામે મેચ પહેલા ઓસ્ટ્રેલિયા ટીમને એક મોટો ઝાટકો લાગ્યો છે. ટીમનો સ્ટાર ઓલરાઉન્ડર ગ્લેન મેકસવેલ ઈંગ્લેન્ડ સામે રમાનાર મેચમાંથી બહાર થઈ ગયો છે. મળેલા અહેવાલો મુજબ ગ્લેન મેકસવેલ સોમવારે ક્રિકેટ છોડીને ગોલ્ફ રમી રહ્યો હતો. આ દરમિયાન તે ઈજાગ્રસ્ત થયો હતો. આ ઈજાના કારણે મેકસવેલ લગભગ ૮ દિવસ સુધી ક્રિકેટથી દૂર રહેશે. એક અહેવાલ મુજબ મેકસવેલને સોમવારના રોજ ક્લબ હાઉસમાં

### ગુજરાત યુનિ.એ મોદીની ડિગ્રી બાબતે કેજરીવાલ સામે કેસ કર્યો

। નવી દિલ્હી, તા.૭ ।

ગુજરાત યુનિવર્સિટીએ દિલ્હીના સીએમ અરવિંદકેજરીવાલ સામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી મેળવવા બાબતે બદનક્ષીનો કેસ દાખલ કર્યો છે. જેમાં અરવિંદ કેજરીવાલના કારણે ગુજરાત યુનિવર્સિટીની છબી ખરડાઈ હોવાના આક્ષેપ સાથે આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. અમદાવાદ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં આ કેસ દાખલ કરવામાં આવ્યો છે.પીએમનરેન્દ્ર મોદીની ડિગ્રી વિવાદમાં દંડ ફટકાર્યા બાદ અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓનો અંત આવ્યો નથી. અમદાવાદની મેટ્રો પોલિટન કોર્ટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને રાજ્યસભા સાંસદ સંજય સિંહને સમન્સ પાઠવ્યા છે. બંનેને આજે કોર્ટમાં હાજર થવાનું હતુ. આ કેસમાં કેજરીવાલની સાથે સંજય સિંહ પણ આરોપી છે. બંનેને અગાઉ સમન્સ પાઠવવામાં આવ્યું હતું. આ પહેલા કોર્ટે કેજરીવાલ પર ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. જોકે, યુનિવર્સીટીની છબી ખરડવાના કેસમાં દલીલોને અંતે કોર્ટે ૧૩ જુલાઈનાં ફરજિયાત હાજર રહેવા બંનેને ફરમાન કર્યુ હતું.



બેંગલુરુના શ્રીકાંતિરવા સ્ટેડિયમ ખાતે 'કર્ણાટક રાજ્યોત્સવ'ની ઉજવણી માટે આયોજિત કાર્યક્રમ દરમિયાન એક આર્ટીસી કર્ણાટક ધ્વજ લહેરાવી રહી છે.

### પ્રવર્તમાન વર્લ્ડ કપમાં રોહિતની ૨૦ સિક્સર

# વન-ડે વર્લ્ડ કપમાં ૫૬ સિક્સર સાથે રોહિત શર્મા ટોચ ઉપર

। નવી દિલ્હી, તા.૧ ।

હાલ ભારતમાં વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ રમાઈ રહી છે. ક્રિકેટનો આ મહાકુંભ તેની ચરમસીમાએ છે. બેટ્સમેનો ચોગ્ગા-છગ્ગાનો વરસાદ કરી રહ્યા છે અને મોટાભાગની મેચમાં સદી પણ ફટકારી રહ્યા છે. ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્માનું નામ છગ્ગા ફટકારવામાં ટોપ પર છે.રોહિતે અત્યાર સુધી ૨૦ છગ્ગા ફટકાર્યા છે. આ સાથે જ તે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડી પણ બની ગયો છે.

રોહિત વનડે ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા મારનાર બેટ્સમેન બની ગયો છે. તેણે અત્યાર સુધી કુલ ૫૬ છગ્ગા ફટકાર્યા છે. જેમાં વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં



ફટકારેલા ૨૦ છગ્ગા પણ સામેલ છે. વર્ષ ૨૦૨૩માં સૌથી વધુ છગ્ગા મારનાર ખેલાડીઓની લીસ્ટમાં રોહિત ટોપ પર છે. રોહિત શર્માએ વર્ષ ૨૦૧૭માં પણ ૪૬ છગ્ગા ફટકાર્યા હતા અને રનના મામલે તે ટોપ સ્કોરર હતો. વર્ષ ૨૦૧૭માં રોહિતે ૧૨૯૩ રન બનાવ્યા હતા. વર્ષ ૨૦૨૩માં રોહિતે અત્યાર સુધી ૧૦૫૬ રન બનાવ્યા છે. આ વર્ષે તે સૌથી વધુ રન બનવાનાર દુનિયાનો ત્રીજો બેટ્સમેન છે. આ લીસ્ટમાં શુભમન ગિલ ૧૩૩૪ રન સાથે ટોપ પર છે. વર્ષ ૨૦૨૩માં યુએઈના સ્ટાર ક્રિકેટર મોહમ્મદ વસીમ વનડે ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાના મામલે બીજા સ્થાને છે. તેણે અત્યાર સુધી ૪૭ છગ્ગા ફટકાર્યા છે. સાઉથ આફ્રિકાનો બેટ્સમેન હેનરી ક્લાસેન ૪૧ છગ્ગા સાથે આ લીસ્ટમાં ત્રીજા નંબરે છે. એબી ડી વિલિયર્સે વર્ષ ૨૦૧૫માં વનડે ક્રિકેટમાં ૫૮ છગ્ગા ફટકાર્યા હતા.

### ભારતે વર્લ્ડ કપમાં તેની તમામ છ મેચ જીતી છે

# શુભમન ગિલ અને શ્રેયસ ઐયરનું નબળું ફોર્મ ભારત માટે ચિંતાજનક

### ગિલે ૪ મેચમાં ૨૬ના એવરેજથી ૧૦૪ રન બનાવ્યા, શ્રેયસે ૬ મેચમાં ૩૩.૫૦ના એવરેજથી ૧૩૪ રન બનાવ્યા

। નવી દિલ્હી, તા.૧ ।

ભારતીય ક્રિકેટ ટીમે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં તેની તમામ ૬ મેચમાં જીત મેળવી છે. ભારતીય ટીમ હાલ શાનદાર પ્રદર્શન કરી રહી છે. પરંતુ આ ૬ મેચ બાદ ભારતીય ટીમની બે નબળાઈઓ સામે આવી છે જે તેને નોક આઉટ રાઉન્ડમાં મોટી મુશ્કેલીમાં મૂકી શકે છે. આ બે કમજોરીઓનું નામ શુભમન ગિલ અને શ્રેયસ અય્યર છે. આ બંને ખેલાડીઓએ તેમની ક્ષમતા મુજબ પ્રદર્શન નથી કર્યું.

શુભમન ગિલના બેટથી વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ પહેલા ખુબ રન નીકળી રહ્યા હતા. પરંતુ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની શરૂઆત થતા જ ગિલને ડેન્ગ્યૂ થઈ ગયો જેના કારણે તે પ્રથમ ૨ મેચમાં રમી શક્યો નહી અને તેનું વજન પણ ૬ કિલો ઘટી ગયું હતું. જો કે ગિલે ટીમમાં વાપસી કરી પરંતુ હજુ સુધી ગિલ તે લયમાં જોવા નથી મળ્યો જેના લીધે તે ઓળખાય છે. તેણે આ ટુર્નામેન્ટની ૪ મેચમાં ૨૬ના એવરેજથી ૧૦૪ રન બનાવ્યા છે. તેણે એક ફિફ્ટી જરૂર ફટકારી છે પરંતુ તેને રન બનાવવામાં મુશ્કેલી થઈ રહી છે. સેમિફાઈનલ પહેલા ભારત ૩ મેચ રમશે અને આ મેચોમાં બધાની નજર ગિલના પ્રદર્શન પર રહેવાની છે. શ્રેયસ અય્યરનું ફોર્મ પણ ભારતીય ટીમ માટે એક સમસ્યા બની ગયું છે. તેણે ૬ મેચમાં ૩૩.૫૦ના એવરેજથી ૧૩૪ રન બનાવ્યા છે. ઓસ્ટ્રેલિયા એન ન્યુઝીલેન્ડ સામે તે કઈ ખાસ કરી શક્યો ન હતો. આ ઉપરાંત વિરોધી ટીમ શોર્ટ બોલ સામે તેની નબળાઈનો ફાયદો પણ ઉઠાવી રહી છે. નોક આઉટ રાઉન્ડ પહેલા અય્યરનું ફોર્મ ટીમની નબળી કડી જણાય છે. હવે તેને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરવાની પણ વાતો થવા લાગી છે. કારણ કે સૂર્યકુમારે રન બનાવ્યા છે અને ઈશાન કિશન જેવો ખેલાડી પણ બેંચ પર બેઠેલો છે જે મિડલ ઓર્ડરમાં રન બનાવવાની ક્ષમતા ધરાવે છે. હવે જોવાનું એ રહેશે કે ભારતીય ટીમ તેની આ બે સમસ્યાઓનું કેવી રીતે અંત લાવશે.

### શુભમન ગિલ મેચ બાદ સૌથી પહેલા પિતાને ફોન કરે છે

**ભારતીય ટીમના ઓપનર શુભમન ગિલે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ દરમિયાન ઘણી બાબતો અંગે ખુલાસો કર્યો છે. ગિલે જણાવ્યું હતું કે તેની જર્સીનો નંબર ૭૭ કેમ છે,**



**તેનો બેસ્ટ ફ્રેન્ડ કોણ છે અને તેનું નીક નેમ શું છે? આ ઉપ રાંત ગિલે એ પણ જણાવ્યું કે તે કયા ખેલાડીઓને પોતાનો આદર્શ માને છે અને મેચ પછી તે સૌથી પહેલા કોને ફોન કરે છે. શુભમન ગિલે વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, 'તેનું નીક નેમ 'કાકા' છે જેનું પંજાબીમાં મતલબ થાય છે બેબી. તેણે પ્રશ્નોના જવાબ આપ તા આગળ કહ્યું, 'જયારે તે મોટો થઇ રહ્યો હતો ત્યારે તેનો આદર્શ ખેલાડી સચિન તેંડુલકર હતો. પરંતુ વર્તમાન સમયમાં તે વિરાટ કોહલીને આદર્શ તરીકે જુવે છે. ભારતીય ટીમમાં તેનો બેસ્ટ ફ્રેન્ડ ઇશાન કિશન છે. ગિલે આગળ જણાવ્યું કે, 'તેની જર્સીનો નંબર ૭૭ એટલા માટે છે કેમ કે જયારે તે અંડર-૧૯ વર્લ્ડ કપમાં ૭ નંબરની જર્સી ઈચ્છતો હતો ત્યારે તે ઉપલબ્ધ ન હતી તો તેણે ડબલ ૭ નંબરની જર્સી પહેરવાનો નિર્ણય કર્યો હતો. આ ઉપરાંત તેણે એ પણ જણાવ્યું કે તે મેચ બાદ પોતાના પિતાને સૌથી પહેલા ફોન કરે છે. તેણે એ પ્રશ્નનો પણ જવાબ કે તે કઈ એક વસ્તુ વિના નથી રહી શકતો. તેણે કહ્યું કે તે પોતાના પરિવાર વિના રહી શકતો નથી.**

# પ્રેશરમાં ખેલાડી હનુમાન બની જાય છે, પોતાની તાકાત ભૂલી જાય છે : ધોની

### શરૂઆતથી જ લોકો મને એક મહાન ક્રિકેટર તરીકે નહિ પણ એક સારા માણસ તરીકે યાદ કરે તેવું હું ઈચ્છું છું

। નવી દિલ્હી, તા.૧ ।

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીનું એક ઈન્ટરવ્યુ વાયરલ થઈ રહ્યું છે જેમાં તેણે પોતાના અંગત જીવનની ઘણી રસપ્રદ વાતોનો ઉલ્લેખ કર્યો છે અને કેટલીક ભાવનાત્મક બાબતો વિશે પણ વાત કરી છે. જેમાં તેમને કહ્યું કે ભારતીયો ઈમોશનલ છે. આપણા દેશમાં ભાવનાઓ ખૂબ જ મહત્વપૂર્ણ છે એટલે ક્યારેય કોઈ ખેલાડીની ભાવનાઓ સાથે રમ્યો નથી. જ્યારે તમારો બધાનો એક જ ઉદ્દેશ્ય છે, તો પછી જો તમે ૩૦-૪૦ લોકોની વચ્ચે કોઈ વ્યક્તિને તેની ખામીઓ વિશે જણાવશો, તો તેને ખરાબ લાગશે અને સારી વાત પણ સાંભળશે નહીં. ઘણી વખત પ્રેશર સમયે ખેલાડી હનુમાન જેવો બની જાય છે અને પોતાની તાકાત ભૂલી જાય છે, પછી તેણે પોતાની તાકાત યાદ કરાવવી પડે છે. ધોની




કહ્યું કે હું કૂલ રહું છું, પણ હકીકત એ છે કે હું મારી જાતને એક્પ્રેસ નથી કરી શકતો. ટીમને મારી કેટલી જરૂર છે તે મુજબ હું કામ કરવા માંગુ છું. તેમને કહ્યું કે શરૂઆતથી જ લોકો મને એક મહાન ક્રિકેટર તરીકે નહિ પણ એક સારા માણસ તરીકે યાદ કરે તેવું હું ઈચ્છું છું. જે આજીવન ચાલતી પ્રક્રિયા છે. મેં હંમેશા એક સારી વ્યક્તિ બનવાનો પ્રયાસ કર્યો છે અને કરતો રહીશ. મહેન્દ્ર સિંહે કહ્યું કે તે ટેક સેવી નથી, પરંતુ એવું નથી કે તેની પાસે ફોન નથી. પરંતુ તેઓ તેમના ફોનમાં વ્યસ્ત રહેતા નથી. ધોનીએ કહ્યું કે હું સોશિયલ મીડિયા પર વધુ સમય વિતાવતો નથી કારણ કે આખરે હું એક માણસ છું અને લોકોના ટીકાત્મક શબ્દો મને અસર કરે છે. હું જાણું છું કે કેટલાક લોકો મારા જેવા છે અને કેટલાક નથી, પરંતુ અર્થહીન ટિપ્પણીઓ ક્યારેક મારા પરફોર્મન્સને અસર કરે છે તેથી હું ફોનથી દૂર રહું છું. ધોનીએ કહ્યું કે જ્યારે હું કેપ્ટન બન્યો ત્યારે મેં પ્રયાસ કર્યો કે ટીમના સભ્યો મારા પર વિશ્વાસ કરે અને તેમની સન્માન મને મળે. ટીમમાં મારી સાથે સિનીયર પણ હતા. મેં ૨૦૦૪માં ડેબ્યૂ કર્યું હતું અને ૨૦૦૭માં કેપ્ટન બન્યો હતો, તેથી મેં ક્યારેય કોઈ પર વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કર્યો નથી. જ્યારે તેઓ કેપ્ટન બન્યા ત્યારે તેને આ વાત પર વિશ્વાસ નહોતો, કારણ કે તે ઝારખંડથી આવે છે.

### આપણાં જ દેશને બદનામ કરી રહ્યા છીએ : આફ્રિદી

। નવી દિલ્હી, તા.૧ ।

પાકિસ્તાનની ક્રિકેટ ટીમ વર્લ્ડ કપમાંથી બહાર થવાના આરે છે. જેને લઈને પાકિસ્તાનમાં રોજ નવા-નવા



વિવાદો સામે આવી રહ્યા છે. ત્યારે હવે પાકિસ્તાનના નેશનલ ટેલિવિઝન પર પાક. ક્રિકેટ ટીમના કેપ્ટન બાબર આઝમની વોટ્સએપ ચેટ બતાવવામાં આવી રહી છે. પરિણામે પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટરો નિરાશ થયા છે. સોમવારે પાકિસ્તાનની જાણીતી ન્યુઝ ચેનલ છઈરૂ ક્ષીજએ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના COO સલમાન નાસિર સાથે બાબર આઝમની વોટ્સએપ ચેટનો સ્ક્રીનશોટ રિલીઝ કર્યો હતો. તેમજ બાબર આઝમને PCBના ચીફને કોલ કરવા અંગે જવાબ મેળવવા પ્રયાસ કરાયો હતો. જેના જવાબમાં બાબરે જવાબ આપ્યો હતો કે તેણે ક્યારેય ઝકા અશરફને કોલ કર્યો નથી. ચેટના સ્ક્રીનશોટ પ્રસારિત કર્યા બાદ ન્યુઝ એન્કરે માફી માંગી હતી, છતાં પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટરોએ મીડિયાની ટીકા કરવાનું ચાલુ રાખ્યું છે. પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદીએ ન્યુઝ ચેનલના આ કામની નિંદા કરીને તેને અશુભ કૃત્ય ગણાવ્યું હતું. સમા ટીવી સાથે વાત કરતાં શાહિદ આફ્રિદીએ કહ્યું કે, હું કહીશ કે આ બઉ શરમજનક કરતૂત છે. આવું નહોતું થવું જોઈતું. આપણે જાતે જ આપણા દેશને બદનામ કરી રહ્યા છીએ. તમે આ રીતે કોઈના પર્સનલ મેસેજ બતાવી શકો? ખાસ કરીને આપણા કેપ્ટન બાબર આઝમના મેસેજ. આફ્રિદીએ કહ્યું કે, "મેં સમાચારમાં ક્યાંક સાંભળ્યું કે બાબર PCBના વડાને અજમાવી રહ્યો છે, પરંતુ તેઓ જવાબ આપી રહ્યા નથી.

### પાકની જીતથી બદલાયું સમીકરણ

# ભારત અને પાકિસ્તાન વચ્ચે સેમિફાઇનલ રમાય તેવી શક્યતા

। નવી દિલ્હી, તા.૧ ।

ODI વર્લ્ડકપ ૨૦૨૩નો ચેમ્પિયન કોણ બનશે તે પછીનો સવાલ છે, તે પહેલા સવાલ એ છે કે આ વર્ષે સેમિફાઇનલમાં જનારી ૪ ટીમો કોણ હશે. અત્યાર સુધી જ્યારે તમામ ટીમો નવમાંથી છ મેચ રમી ચૂકી છે ત્યારે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે ભારત, દક્ષિણ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડની ટીમો સેમીફાઈનલમાં જઈ શકે છે. કારણ કે આ ટીમો હાલમાં ટોપ પર છે. એ વાત સાચી છે કે હજુ સુધી કોઈ ટીમ ઓફિશિયલી રીતે સેમિફાઈનલમાં એન્ટ્રી નથી થઈ, પરંતુ એ પણ સાચું છે કે કોઈ ટીમ બહાર થઈ નથી. મતલબ કે જે ટીમો હાલમાં ટોપ પર છે તે પણ બહાર થઈ શકે છે. પરંતુ અત્યારે આપ ણે માત્ર શક્યતાઓ વિશે જ વાત કરી શકીએ છીએ. સાથે જ સવાલ એ પણ છે કે શું આઈસીસી વર્લ્ડકપ ૨૦૨૩માં ભારત અને પાકિસ્તાન વચ્ચે સેમીફાઈનલ મેચ રમાઈ શકે છે. તો જવાબ છે હા, તે શક્ય છે, કારણ કે ગઈકાલે પાકિસ્તાનને બાંગ્લાદેશને હરાવ્યા બાદ તમામ સમીકરણો બદલાઈ રહ્યાં છે. ટીમ ઈન્ડિયા હાલ વર્લ્ડકપ પોઈન્ટ ટેબલમાં નંબર વન પર છે, એટલે કે ટીમ તેની બાકીની તમામ મેચો અહીંથી જીતે છે અને જો તે બે જીતે તો પણ ટીમ ટોચ પર



રહેશે તેવી પુરી આશા છે. પરંતુ પાકિસ્તાન માટે તે મુશ્કેલ છે. પાકિસ્તાની ટીમે અત્યાર સુધી છ મેચ રમી છે અને તેમાંથી માત્ર બેમાં જ જીત મેળવી છે. ટીમ ચાર પૉઈન્ટ સાથે સાતમા નંબર પર છે.

હવે સવાલ એ છે કે જો ટીમ અત્યાર સુધીની તમામ મેચ જીતવાનું ચાલુ રાખશે તો શું તે ચોથા સ્થાને પહોંચી શકશે? આનો જવાબ એ છે કે માત્ર ચોથા સ્તર પર જ નહીં, ત્રીજા સ્તર પર પણ પહોંચવું શક્ય છે, પરંતુ રસ્તો ખુબ જ મુશ્કેલ છે. એ વાત સાચી છે કે પાકિસ્તાન હવે ભારતની બરાબરી ૧૨ પોઈન્ટ નહીં કરી શકે, પરંતુ તે ચોક્કસપણે આગળ વધી શકે છે. પાકિસ્તાન પાસે હજુ ત્રણ મેચ બાકી છે એટલે કે જો બાકીની ત્રણ મેચ જીતી લેવામાં આવે તો કુલ પોઈન્ટ ચારથી વધીને દસ થઈ જશે. દસમાંથી કોઈ ત્રીજા અને ચોથા સ્થાને રહી શકે છે. પાકિસ્તાન માટે સેમિફાઈનલનો રસ્તો તેમના હાથમાં નથી. જો ટીમ તેની મેચો જીતી જાય અને અન્ય ટીમો જે હાલમાં ટોપ ૪માં છે તે પણ જીતવાનું ચાલુ રાખશે,



દક્ષિણ આફ્રિકાના સ્ટાર ક્રિકેટર ક્વિન્ટન ડી કોકે વર્લ્ડ કપ ૨૦૨૩ પછી વન-ડે ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે. આ પહેલા તે વર્લ્ડ કપને ખાસ બનાવવામાં લાગેલો છે. તેણે પૂણેમાં ન્યૂઝીલેન્ડ સામે સદી ફટકારી છે. વર્લ્ડ કપ ૨૦૨૩માં આ તેની ચોથી સદી છે. ડી કોક જે પ્રકારના ફોર્મમાં છે તે જોતા ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા અને માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરનો રેકોર્ડ ખતરામાં છે.

# બાબરની ટીમની બલ્લે બલ્લે! હજુ વર્લ્ડકપની બહાર નથી થયા

### બાંગ્લાદેશ સામેની જીત બાદ તેના માટે ૪ સુખદ સમીકરણો સર્જાઈ રહ્યા છે, બાંગ્લાદેશની ટીમ જો કે હવે વર્લ્ડકપમાંથી બહાર થઈ ગઈ છે

। નવી દિલ્હી, તા.૧ ।

પાકિસ્તાનની ટીમ આખરે ફરી એક વખત વર્લ્ડ કપ ૨૦૨૩માં જીતના રસ્તે પાછી ફરી છે. સતત ૪ હાર બાદ બાબર આઝમની આગેવાની હેઠળની ટીમે ટુર્નામેન્ટની ૩૧મી મેચમાં બાંગ્લાદેશ સામે ૭ વિકેટે મોટી જીત નોંધાવી હતી. આ સાથે પાકિસ્તાનની ટીમ પોઈન્ટ ટેબલમાં નંબર-૫ પર પહોંચી ગઈ છે. ટુર્નામેન્ટમાં પ્રવેશનારી ૧૦માંથી માત્ર ૪ ટીમોને જ સેમી ફાઈનલ માટે ટિકિટ મળશે. આવી સ્થિતિમાં, બાકીની દરેક મેચ ઘણી મહત્વપૂર્ણ બની રહી છે. પાકિસ્તાનની ટીમ હજુ સેમીફાઈનલની રેસમાંથી બહાર નથી થઈ. બાંગ્લાદેશ સામેની જીત બાદ તેના માટે ૪ સુખદ સમીકરણો સર્જાઈ રહ્યા છે. બાંગ્લાદેશની ટીમ જો કે હવે વર્લ્ડકપમાંથી બહાર થઈ ગઈ છે. ટીમ ઈન્ડિયા માટે પણ આ ફાયદાકારક બાબત છે. ચાલો તમને તેનું સંપૂર્ણ ગણિત જણાવીએ. પાકિસ્તાનના ૭ મેચમાં ૬ પોઈન્ટ છે. પાકિસ્તાને અત્યાર સુધી ૭ મેચ રમી છે અને ૩માં જીત મેળવી છે. તેમાં ૬ પોઈન્ટ મળ્યા છે. જ્યારે ન્યુઝીલેન્ડના ૬ મેચમાં ૮ પોઈન્ટ છે. આવી સ્થિતિમાં, જો તે ૨ મેચ હારી જાય, તો તે પણ મહત્તમ ૧૦ પોઈન્ટ સુધી જ પહોંચી શકશે. બીજી તરફ જો પાકિસ્તાન તેની બંને મેચ જીતી લે છે તો તે પણ ૧૦ પોઈન્ટ સુધી પહોંચી શકે છે. વર્લ્ડ કપ ૨૦૨૩ની ૩૨મી મેચમાં દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે ટક્કર થવાની છે. પાકિસ્તાનની ટીમને આશા રહેશે કે કિવી ટીમ આ મેચ હારે. ન્યૂઝીલેન્ડે અત્યાર સુધી રમાયેલી ૬ મેચમાંથી ૪માં જીત મેળવી છે જ્યારે દક્ષિણ આફ્રિકાએ ૬માંથી ૫ મેચ જીતી છે. આવી સ્થિતિમાં દક્ષિણ આફ્રિકાનો હાથ ઉપર હોય તેવું લાગી રહ્યું છે. આ આંકડા બાબર આઝમને રાહત આપવાના છે. ન્યૂઝીલેન્ડ બાકીની ૩ મેચમાંથી ૨ હારી જાય તો જ પાકિસ્તાનની સેમિફાઈનલમાં પહોંચવાની આશા પૂરી થઈ શકે છે. કિવી ટીમે એક મેચમાં પાકિસ્તાનનો પણસામનો કરવાનો છે. જેમાં ફરી પાકિસ્તાનનો હાથ ઉપર હોય એવું લાગી રહ્યું છે. દક્ષિણ આફ્રિકા ઉપરાંત ન્યૂઝીલેન્ડનો મુકાબલો પાકિસ્તાન અને શ્રીલંકા સામે પણ થવાનો છે.

## તંત્રી લેખ...

# કેરળમાં અસહિષ્ણુતા

કેરળના એર્નાકુલમ જિલ્લામાં ઈસાઈ ધર્મના યહોવા વિટનેસ સમુદાયની પ્રાર્થના સભામાં થયેલ તબક્કાવાર બોમ્બ વિસ્ફોટોને બેહદ ગંભીરતાથી લેવાની જરૂર છે, જેમાં બે મહિલાઓનાં મોત થઈ ગયાં અને કેટલાય શ્રદ્ધાળુઓની સ્થિતિ ચિંતાજનક બનેલી છે. વિસ્ફોટોને અંજામ આપનારાએ બેશક આત્મસમર્પણ કરી દીધું છે, પરંતુ વિસ્ફોટનાં જે કારણો તેણે દર્શાવ્યાં, તે બેહદ ખતરનાક છે. તેનું કહેવું હતું કે આ સમુદાય સાથે જોડાયેલા હોવા છતાં પાછલાં કેટલાંક વર્ષમાં તે એનાથી અસહજતા અનુભવતો હતો. તેનો આરોપ તો એ પણ છે કે આ સમુદાયની શિક્ષા દેશવિરોધી છે. અહીં ઉલ્લેખનીય છે કે કેટલાક દાયકા પહેલાં આ જ સમુદાયના ત્રણ બાળકોને કેરળની એક સ્કૂલો રાષ્ટ્રગાન નહિ ગાવાને કારણે સ્કૂલમાંથી કાઢી મૂક્યાં હતાં. ત્યારે સર્વોચ્ચ ન્યાયાલયના હસ્તક્ષેપ બાદ સ્કૂલે આ બાળકોને પાછાં લીધાં હતાં. પરંતુ કોઈ ધર્મ કે પંથ સાથે એવો પણ શો વિરોધ કે ધાર્મિક સભાને જ નિશાનો બનાવી દેવામાં આવે? આ ધાર્મિક અસહિષ્ણુતા નવી નથી. આ ખતરનાક પ્રવૃત્તિને આપણે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકા ઉપરાંત બીજા દેશોમાં પણ બીજા ધર્મોના ધર્મસ્થળો પર બર્બર હુમલા રૂપે પહેલાં પણ જોઈ ચૂક્યા છીએ. અલબત્ત એક બીજા કારણોસર આ બોમ્બ વિસ્ફોટને બેહદ ગંભીરતાથી લેવાની જરૂર છે. આ વિસ્ફોટ અસલમાં કેરળમાં પેલેસ્ટાઈનના પક્ષમાં સતત થઈ રહેલી રેલીઓ દરમ્યાન થયા છે. તેમાંથી એક રેલીમાં તો હમાસનો એક નેતા પણ વીડિયો કોન્ફરન્સથી હાજર રહીને સભાને સંબોધી હતી. જેમાં તેણે ઈઝરાયલ વિરુદ્ધ જેહાદના આહ્વાનની સાથે સાથે હિંદુત્વ પર પણ વાંધાજનક ટિપ્પણીઓ કરી હતી. એ સમજવું મુશ્કેલ છે કે કેરળની સરકારે જમાત-એ-ઈસ્લામી હિંદની યુવા શાખાને એ આયોજનને અનુમતિ કેવી રીતે આપી, જેમાં હમાસનો નેતા પણ વર્ચ્યુઅલી સંબોધન કરવાનો હતો. એના પર પણ ધ્યાન આપવું જોઈએ કે અમેરિકામાં અસ્તિત્વમાં આવેલ યહોવા વિટનેસ સમુદાયની માન્યતાઓ કેટલાય મામલે ઈસાઈ સમુદાયથી એટલી અલગ છે કે ખુદ ઈસાઈ લોકો તેને યહૂદી માન્યતાઓથી પ્રભાવિત ગણાવે છે. સંપૂર્ણ સચ્ચાઈ તો તપાસ બાદ જ સામે આવશે, પરંતુ ધાર્મિક સભામાં થયેલ બોમ્બ વિસ્ફોટ કેરળમાં બની રહેલ અસહિષ્ણુ માહોલનું પરિણામ હોય, તો આશ્ચર્ય નહીં. કારણ કે પેલેસ્ટાઈનના નામ પર જે રીતે હમાસનું સમર્થન અને મહિમામંડન કરવામાં આવી રહ્યું છે, તે ખતરાની ઘંટડી સમાન છે. વળી જે શક્તિશાળી વિસ્ફોટોમાં આઈઈડીનો ઉપયોગ કરવામાં આવ્યો હોય, તેને માત્ર એક જ વ્યક્તિએ અંજામ આપ્યો હોય એ વાત પણ ગળે ઉતરે તેવી નથી. તહેવારોનો સમય હોવાને કારણે ન માત્ર દેશમાં ધાર્મિક અસહિષ્ણુતા વિરુદ્ધ ચોકસાઈ વધારવાની જરૂર છે, બલ્કે કેરળથી દિલ્હી સુધી આંતરિક સુરક્ષા વ્યવસ્થાને વધુ સતર્ક કરવાની જરૂર છે. એ પણ યોગ્ય નથી કે પેલેસ્ટાઈનના પક્ષમાં ઊભા થનારા રાજકીય પક્ષો અથવા બિનરાજકીય સંગઠનો હમાસની નિંદા કરવાથી ખચકાઈ રહ્યા છે.

## વિદેશી પ્લેટફોર્મ પરથી ઓનલાઈન સેવા આપતા સપ્લાયર કંફર ચૂકવશે

વિદેશી પ્લેટફોર્મ પર, ઘરઘુતી ટીવી પરના, મનોરંજનને પણ જીએસટી વેરો છોડતું નથી. છગનભાઈ કે મગનભાઈએ ઘરની અંદર માણેલા મનોરંજન પર તારીખ, ૧-૧૦-૨૦૨૩ થી જીએસટી લાગુ પડયો. તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા, કપિલ શર્માના ટીવી શો, અનુપમા સિરિયલ, સારેગમાં ગીતમાળા, છોટા ભીમ, ડોરેમોન જેવી નાના બાળકોની સિરિયલો, મોટીવેશનલ સ્પીચ પણ મોંઘી થઈ. જેવા અનેક મોટા મોટા વિદેશી ડિજિટલ પ્લેટફોર્મ પરથી ઘરે બેઠા બેઠા ટીવી પ્રોગ્રામ માણીએ છે, તેના પર ૧૮% આઈ જીએસટી વસૂલવામાં આવે છે. આજના આર્ટિકલમાં આઈ-જીએસટીની ચર્ચા કરીશું. ભારતીય બંધારણના શેડયૂલ ૭ મા, રાજ્ય અને કેન્દ્રની યાદીના આધારે વસ્તુ અને સેવાના સપ્લાય કે વેચાણ પર, રાજ્ય અને કેંદ્ર સરકારને, જુદા જુદા સ્તરે પરોક્ષ વેરા વસૂલ કરવાની સત્તાઓ હતી. દાખલા તરીકે, વસ્તુના ઉત્પાદન અને વસ્તુના આયાત સુધી, પરોક્ષ વેરા વસુલવાની સત્તા, ફક્ત કેન્દ્ર સરકારનેજ હતી. ત્યાર બાદ, વસ્તુના વેચાણ થી વસ્તુના ઉપભોગ સુધી, પરોક્ષ વેરા વસુલવાની સત્તા, ફક્ત રાજ્ય સરકારનેજ હતી. સેવા પર વેરા વસુલવાની સત્તા ફક્ત કેન્દ્ર સરકારનેજ હતી. આંતરરાજ્ય વસ્તુના વેચાણ પર કેન્દ્રીય વેચાણ વેરો વસુલવાની સત્તા ફક્ત કેન્દ્ર સરકારનેજ હતી. સેન્ટ્રલ એક્સાઈઝના કાયદા હેઠળ, દેશ બહારથી વસ્તુના આયાત પર પણ, કેન્દ્રીય વેચાણ વેરો વસૂલાતો હતો. તેમજ સેવાના આયાત પર સર્વિસ ટેક્સ વસૂલાતો હતો. સામાન્યત: વસ્તુ કે સેવાના નિકાસ, એક્સપોર્ટ પર, પરોક્ષ વેરાઓ વસૂલાતા ન હતા. બંધારણમાં આવશ્યકતા પ્રમાણે સુધારા બાદ, તારીખ ૧ જુલાઈ ૨૦૧૭ થી જીએસટી વેરાનો અમલ થયો. વસ્તુ અને સેવા પરની, પરોક્ષ વેરો વસૂલવા માટેની, રાજ્ય અને કેન્દ્રની સત્તાનું સંતુલન જાળવતા, જીએસટીના બે પ્રકાર થયા, એક, રાજ્યનો જીએસટી વેરો, એટલે એસ જીએસટી અને કેન્દ્રનો જીએસટી એટલે સી જીએસટી. આંતર રાજ્ય વસ્તુ, સેવાના વેચાણ કે સપ્લાય પર કેન્દ્રીય વેચાણ વેરોના બદલે આઈજીએસટી વસૂલાય છે. જીએસટીના અમલ બાદ આંતરરાષ્ટ્રીય,વસ્તુ કે સેવાના આયાત પર ઈન્ટરીગેટેડ જીએસટી વેરો વસૂલવામાં આવે છે. સંકલિત વસ્તુ અને સેવા કર કેન્દ્ર સરકાર વસૂલે છે. કેન્દ્ર અને રાજ્યનો વસ્તુ અને સેવા કરનો સરવાળો છે આઈજીએસટી, સંકલિત વસ્તુ અને સેવા કર છે. દેશના દરેક રાજ્યનો વસ્તુ અને સેવા કર, જે, તે, રાજ્યની વિધાન સભામાં પસાર કરેલ કાયદો છે, તે, રાજ્યનો વસ્તુ અને સેવા કર કાયદો છે. આંતરરાજ્ય વસ્તુ સેવાનો સપ્લાય, એટલે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં વસ્તુ કે સેવાના સપ્લાય વેચાણ પર, બે રાજ્યોમાંથી, કોઈ એક રાજ્યનો વસ્તુ અને સેવા કર, કાયદા આધારે વેરો વસૂલી શકાય નહિ, તેથી, આંતર રાજ્ય વસ્તુ સેવાના સપ્લાય પર, કેન્દ્ર સરકાર, સંકલિત વસ્તુ અને સેવા કર કાયદા હેઠળ વેરો વસૂલે છે. રાજ્ય બહાર થી ખરીદેલ વસ્તુ કે સેવા પર, ચૂકવેલ આઈજીએસટીની વેરા શાખ મળવા પાત્ર છે. આય જીએસટીની વેરા શાખનો ઉપયોગ, સરકારને સી જીએસટી અથવા એસ જીએસટી ચૂકવવા માટે, ઉપયોગ થાય.આંતરરાષ્ટ્રીય, એટલે વિદેશથી વસ્તુ અને સેવાના આયાત પર પણ, સંકલિત વસ્તુ અને સેવા વેરો વસૂલવામાં આવે છે. એક એવીજ, આયાત કરેલ ઓનલાઈન સેવા પર આઈજીએસટી વસૂલવામાં આવે છે. ઓનલાઈન પદ્ધતીએ માહિતી આપવી અને ડેટાબેજ ઉપલબ્ધ કરી આપવું અથવા માહિતી ફરીથી ઉપલબ્ધ કરી આપવી.

# હમકો મન કી શક્તિ દેના મન વિજય કરે! એ પ્રાર્થના થકી આપણાં મન પર પહેલાં વિજય કરવો જરૂરી છે



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે ગુરુવાર એટલે પ્રાર્થના! દિવાળી નો તહેવાર આવી રહ્યો છે અને સૌ એકબીજાને નીચા દેખાડ્યા વગર લાગણીથી હળીમળીને તહેવાર ઉજવીએ. સકલ બ્રહ્માંડમાં જેમ એક પાંદડું પણ એની ઈચ્છા વગર હલતું નથી, એવું એક વાક્ય ભગવાન યોગેશ્વર કૃષ્ણ ભગવત ગીતાનાં માધ્યમથી જગતમાં વિચરતા સચરાચર જીવને સંબોધીને કહ્યું છે, એ જ રીતે આ સકલ સૃષ્ટિમા એકપણ સર્જન એવું નથી કે જેનું મુલ્ય નથી કે નકામું છે! પછી તે ઘાસનું તણખલું હોય, કે દિવ્યાંગ હોય, કે ગરીબ હોય, કે અન્ય રીતે ઉતરતું હોય બધું જ એની પ્રસાદી છે, અને એ ક્યારેક ને ક્યારેક તો ઉપર ઉઠે જ છે,! હા આપણા મનમાં મનોબળ હોવું જરૂરી છે, હું તો ત્યાં સુધી કહું છું, કે મનોબળ પણ એ જ બનાવે છે. તો એવાં ભાવ સાથે પ્રાર્થના થકી આપણે બ્રહ્માંડની એક વિરાટ શક્તિ સાથે એકાકાર થઈએ છીએ, અને માનવ આત્મા એક નિરંતર પ્રેમ વરસાવતા પ્રેમી અને અચળ આત્મા સાથે જોડાય છે. પ્રાર્થના અગાઉ કહ્યું તેમ શારિરીક ને માનસિક બળ વધારનાર છે, અને જીવન ને હકારાત્મક અભિગમ શીખવે છે.આપણે જાણીએ છીએ કે પ્રાર્થના એ કોઈ માંગણી કે માત્ર રજુઆતનું માધ્યમ નથી. પરંતુ પ્રાર્થના એ એક આધ્યાત્મિક ખોરાક છે,અને તેનાથી બળ બુદ્ધિ ને જ્ઞાન વધે છે, હૃદયમાં સંવેદના વધે છે, અને જીવન સંતોષને શાંતી તરફ ગતિ કરે છે. ઈશ્વર પાસે આ બધું માંગવાનું ચાલું રાખો, અને દેવ તમને આપશે, અને જો તમે શોધવાનું ચાલું રાખો,તો એ તમને જડશે.આપણે તેને મળવાની ઈચ્છા કરીએ, અને તેનું દ્વાર ખખડાવવાનું ચાલું રાખીએ, તો એક દિવસ એ દરવાજો તમારા માટે અવશ્ય ઉઘડી જશે,આવા ભરોસો સાથે જો પ્રાર્થના કરવામાં આવે તો પ્રાર્થનાથી સત્ય પ્રેમ અને કરુણા પ્રાપ્ત થાય છે. આમ પણ જ્યારે નિશાળમાં ભણતાં ત્યારે બહુ સ્વાભાવિક રીતે જ આપણું બાળપણ હોય, એટલે કોઈ જવાબદારી હોય નહીં, એટલે આપણે કોઈ ભૌતિક સુખની કે અન્ય કોઈ સુખ સમૃદ્ધિની માંગ કરી ન હોય, પણ બળ બુદ્ધિ ને ચતુરાઈ માગ્યું હોય, વિદ્યાના વરદાન આપો એવું ઈચ્છ્યું હોય, તેમજ તેજસ્વીતાની ચાહ કરી હોય, અને તેનું પ્રમાણ છે કે પ્રાર્થના લખનાર આ બધા કવિઓની નિખાલસતા તેમની ઉંમરના જે પણ મુકામ પર આ રચના થઈ હોય, એટલે કે ઘણા કવિ તો ઉંમરના ઉતરાર્ધમાં કવિતા લખી હશે, તો પણ ઈશ્વર પાસે આ સિવાય કોઈ માંગ નહીં!! આજે આપણે પણ એક એવી જ પ્રાર્થના વિશે વાત કરીશું.


**હમકો મન કી શકિત દેના**

હમકો મનકી શક્તિ દેના, મન વિજય કરે
દૂસરોંકી જયસે પહેલે ખૂદકો જય કરેં
ભેદભાવ અપને દિલસે સાફ કર સકે
દોસ્તોસે ભૂલ હો તો માફ કર સકે
જૂઠસે બચેં રહે, સચકા દમ ભરેં
દૂસરોંકી જયસે પહેલેં ખૂદકો જય કરેં
મુશ્કીલેં પડે તો હમ પે, ઈતના કર્મ કર
સાથ હૈં તો ધર્મકા ચલેં તો ધર્મ પર
ખુદ પે હોંસલા રહે બદીસે ના ડરેં
દૂસરોંકી જયસે પહેલે ખૂદકોં જય કરેં.

શ્રી રામકૃષ્ણ મિશનમાં નિયમિત તરીકે ગવાતી આ પ્રાર્થના આમ તો ગુડ્ડી પિક્ચરમાં પીક્ચરાઈઝસ કરવામાં આવી હતી, અને અભિનેત્રી જ્યાં બચ્ચન એટલે કે એ વખતે એ જયા ભાદુરી એ એમાં અભિનય કરેલો. શાળામાં જ્યારે પણ આ પ્રાર્થના કરવામાં આવતી ત્યારે આ સીન નજર સામેથી પસાર થતો, પ્રાર્થનાના શબ્દોને પ્રાર્થના,એ બધું એવે સમયે બહુ સમજાતું નહીં, પણ આ દ્રશ્ય બહુ ગમતું, ને જીવ પણ મોનીટર હોવાથી વચ્ચે આંખ ખોલી જોઈ લેતો. આમ તો આ રચના પણ અજ્ઞાત છે, પરંતુ એક જગ્યાએ સ્વામી જગદાત્માનંદ રચીત આધ્યાત્મ યોગ નામના પુસ્તક છે, અને તેમાં આ રચના છે, એટલે એ નામે આ રચના છે એવું લખાયેલું દેખાયું,પણ આ વાત બહુ સ્પષ્ટ રીતે લખી નથી.કવિ પોતે સંન્યાસી હોય એવું સ્પષ્ટ દેખાઈ આવે છે.

સમાજ કે સંસારમાં ખોટી ખોટી બીજાની વાહ વાહી કરવી નહીં કે સસત સ્પર્ધા માં જીવવું નહીં, ને અન્ય સાથે સ્પર્ધા કરવા કરતાં ખુદ સાથે હંમેશા સ્પર્ધા કરી ને પોતાની જાત પર સંયમ થી જીત હાંસલ કરો, અથવા આત્મ વિશ્વાસમાં વધારો કરો, જેથી જીવનમાં ક્યાંય હાર મળે તો નિરાશા ન આવે. સ્વયં ને સિદ્ધ કરવા જેટલું અઘરું બીજું કંઈ નથી, પરંતુ અહીં અહમ્ ની વાત નથી, થતી એ યાદ રાખવું. નાના-મોટા કે જાતિ પાતિના કે કાળા-ગોરા ના કોઈપણ જાતના ભેદભાવ મારા દિલમાંથી સાફ કરી શકું અને મિત્રોથી ક્યાંય પણ કોઈ જાતની ભૂલ થાય તો અમે તેને માફ કરી શકું તેવી બુદ્ધિ આપજો.જીવનમાં સત્યથી દૂર રહીએ, અને સત્યને સાથ આપી શકીએ, અથવા તો સત્યનો જીવનમાં શ્વાસ રહે,બીજા લોકો ગમે તે કહે પણ સત્યનો પંથ મારો છૂટે નહીં, અનીતિ અને દુરાચાર કે ભ્રષ્ટાચારના રાહ પર ક્યારેય પણ મારા પગલા પડે નહીં, એ વાતનું ધ્યાન રાખજો.અમારી ઉપર જ્યારે જ્યારે મુશ્કેલીઓ પડે, ત્યારે ઈશ્વર તું એટલું કર્મ કરજે, કે અમને અમારા કર્મોના ફળ છે, તે વાત હંમેશા યાદ રહે, અને છતાં ધર્મના માર્ગ પરથી અમારા ડગલા હટે નહીં તેનું ધ્યાન રાખજો.જીવનમાં કોઈપણ દોરાહા ઉપર હોઉં તો મારી જાત પરનો વિશ્વાસ ક્યારેય છૂટે નહીં, અને હંમેશા આત્મવિશ્વાસના બળે, અનીતિ કે અસત્ય સામે ડર્યા વગર જીવનમાં અઘરામાં અઘરા નિર્ણયો લઈ, અને જીવન પથ પર આગળ ડગલાં ભરું.કવિ જાણે છે કે સંસાર રૂપી ભવ સાગર તરવા માટે આત્મ વિશ્વાસ રૂપી શક્તિની જરૂર પડશે, એટલે તે ઈશ્વર પાસે એ જ માંગે છે.ઈશ્વરમાં શ્રદ્ધા અને પોતાનામાં વિશ્વાસ હોય તો જ સારું જીવન જીવી શકાય છે, બાકી તો પછી અન્ય જીવ ની જેમ જન્મીને મૃત્યુ સુધી અહીં તહીં ભટકવાનું જ હોય. જન્મ-મૃત્યુ એ દરેકે દરેક જીવનું સનાતન સત્ય છે, અને લગભગ બધાને એટલું જ્ઞાન તો છે જ, છતાં કોઈ પોતાના રૂપથી મોહિત છે, કોઈ પોતાની વિદ્યાથી, કોઈ પોતાના ધનથી, કોઈ પોતાના જ્ઞાતિથી, અને આ અતિશયના મોહ મમતા એ એક એવુ બંધન છે જેનાથી જીવનમાં અહમ રૂપી દુર્ગુણનો પ્રવેશ થાય છે, અને જીવન પતન તરફ જાય છે.જીવનને સફળ બનાવવો હોય કે પ્રકાશિત કરવું હોય કે પછી અન્ય માટે પણ પ્રેરણા રૂપ જીવન જીવવું હોય તો મીણબતી કે દીવાની જેમ ક્ષણ ક્ષણ બળવું કે જલવું પડે, તો માર્ગ પ્રકાશિત થાય, સંસારમાં નિયમ છે કે સુવર્ણ જેવું કોઈ દેખાય એટલે કે તેની સારાઈ કે ભલાઈનો જરાક પરિચય થાય, એટલે તેને સતત આગમાં તપવું પડે તો જ તે સુવર્ણ સિદ્ધ થાય, સૂર્ય પણ સતત તપે છે ત્યારે અજવાળા પથરાય છે.આમ તો ગઈ કાલથી દીવાળીના તહેવારની શરુઆત થશે,દરેક ઘરમાં દીવડા પ્રગટાવવામાં આવશે, અને ઘર શેરી, મહોલ્લા, બધું જ ઝગમગ ઝગમગ થશે,બસ બધાનાં જીવન આમજ પ્રસન્નતાથી ઝગમગ કે પ્રકાશિત થાય, અને દરેકને રોજ આવી જ ખુશાલી પ્રાપ્ત થાય, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# કથા-કીર્તનમાં અનાયાસે જગત ભૂલાઈ જાય છે બાકી મનુષ્ય માળા લઇને બેસે છે, ત્યારે તો તેને જગત યાદ આવે છે



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



હાથમાં માળાને મનમાં લાળા ખરેખર આ વાત ભગવદ્ જ્ઞાનમાં કરેલ. વિવેકથી સંસારનો અંત ન લાવો ત્યાં સુધી અંત આવવાનો નથી. જીવનમાં સંયમ, સદાચાર જ્યાં સુધી ન આવે, ત્યાં સુધી પુસ્તકમાં જ્ઞાન કાંઈ કામ લાગશે નહીં. ઘણા ઘણા ગ્રંથો વાંચવાથી બુદ્ધિમાં વિક્ષેપ થાય છે. કેવળ જ્ઞાન શું કામનું?એક ગૃહ સ્થનો પુત્ર મરણ પામ્યો. ગૃહસ્થ રુદન કરે છે. તેને ત્યાં જ્ઞાની સાધુ આવે છે અને ઉપદેશ આપે છે કે, ''આત્મા અમર છે.મરણ તો શરીર નું થયું છે, તો તમારે પુત્રના મરણ નો શોક કરવો ઉચિત નથી.''

થોડા દિવસ પછી તે જ્ઞાની સાધુની બકરી મરી ગઈ. તેથી તે રડવા લાગ્યો.સાધુને રડતો જોઈ તે ગૃહ સ્થે સાધુને કહ્યું કે, બાપુજી તમે તો મને ઉપદેશ આપતા હતા ને કે કોઈના મરણનો શોક કરવો નહીં અને તેમ કેમ રડો છો! ત્યારે સાધુ એ કહ્યું કે, છોકરો તારો હતો. પણ બકરી મારી હતી તેથી રડું છું. આનું નામ પરોપદેશે પાંડિત્યમ્ .!

કથા જીવનને સુધારે છે અને મુક્તિ આપે છે એ વાત સાચી છે. રોજ રોજ મૃત્યુને એક-બે વખત યાદ કરો, કદાચ આજે જ મને યમદૂત લેવા આવે તો? એમ રોજ વિચારો તો પાપ થશે નહીં. મનુષ્યો રોજ ભોજનનો વિચાર કરે છે, પણ મૃત્યુનો વિચાર કરતો નથી. દુ:ખની વાત છે.

આ ભાગવત કથાનું માહાત્મય એક વાર સનતકુમારોએ નારદજી ને કહી સંભળાવ્યું હતું. મહાત્મ્યમાં એવું લખ્યું છે કે,મોટા મોટા ઋષિઓ,દેવો,બ્રહ્મલોક છોડી વિશાલ ક્ષેત્રમાં કથા સાંભળવા આવ્યા છે, કારણ કે કથાનો આનંદ બ્રહ્માનંદ કરતાં પણ શ્રેષ્ઠ છે. યોગી એકલો તરે છે. સત્સંગી પોતે તરે છે અને સંગમાં આવેલાં સર્વને તારે છે.બદરિકા શ્રમમાં સનતકુમારો પધાર્યા છે. જેથી લોકો તેને બદરિકાશ્રમ કહે છે તે વિશાલાક્ષેત્ર છે. બદરી વિશાલ લાલ કી જય! સ્કંદ પુરાણ માં કથા છેકે બદ્રિનારાયણ વિશાલ રાજાને માટે પધાર્યા હતા! જેમ પુંડલિકને માટે વિઠ્ઠલનાથ આવ્યા હતા. જે ભક્તને માટે ભગવાન આવે તે ધન્ય! બદ્રિનારાયણ તપ ધ્યાનનો આદર્શ જગતને બતાવે છે. તે બતાવે છે કે હું ઈશ્વર છું છતાં તપ ધ્યાન કરું છું. જીવ એકદમ તપશ્ચર્યા કરી શકતો નથી. તેથી ભગવાન આદર્શ બતાવે છે. બાળક દવા લેતો નથી ત્યારે મા દવા ખાય છે. માને દવાની જરૂર નથી પણ બાળકને સમજાવવા દવા ખાય છે. બદ્રિનારાયણના મંદિરમાં લક્ષ્મીજીની મૂર્તિ મંદિરની બહાર છે. સ્ત્રીસંગ અને બાળકનો સંગ તપશ્ચર્યામાં વિઘ્નરૂપ છે. આમાં સ્ત્રીની નિંદા નથી, પણ કામની નિંદા છે. ઘરમાં સ્ત્રી- બાળકો વચ્ચે રહીને ભગવાનનું ભજન કરવાનું છે. તેવી જ રીતે તપસ્વિની સ્ત્રી માટે પુરુષનો સંગ ત્યજ્ય છે, પણ સામાન્ય સ્ત્રીએ ઘરમાં રહીને પ્રભુ ભજન કરવાનું છે.એક દિવસ ફરતાં ફરતાં નારદ જી વિશાલાપુરીમાં આવ્યા.ત્યાં સનકાદિઋષિઓ અને નારદજીનું મિલન થયું.નારદજીનું મુખ ઉદાસ! ચિંતા ન કરે એ જ વૈષ્ણવ. વૈષ્ણવ હંમેશાં પ્રસન્ન રહે છે. છતાં તમે પ્રસન્ન કેમ નથી? નારદજીએ કહ્યું- મારો દેશ સુખી છે. સત્ય,તપ,દયા દાન રહ્યાં નથી. મનુષ્ય જીભે બોલે છે કાંઈ, મનમાં હોય છે કાંઈ અને કરે છે કાંઈ! બધા પેટભરા બની ગયા છે.

સમાજમાં કોઈને સુખ નથી, શાંતિ નથી. મેં અનેક જગ્યાએ ભ્રમણ કર્યું, પણ મને શાંતિ મળી નથી. આજે સૌ દુ:ખી છે. જ્યાં સુધી ધર્મ અને ઈશ્વરને ન માને, ત્યાં સુધી દેશ સુખી થતો નથી. જેના જીવનમાં ધર્મને સ્થાન નથી, તેના જીવનમાં શાંતિ નથી. જગતમાં હવે ધર્મ રહ્યો નથી.સત્ય રહ્યું નથી. એમ નારદજી દુ:ખથી બોલ્યા છે. આ જગતમાં અસત્ય સમાન કોઈ પાપ નથી. અસત્ય બોલનારના પુણ્યનો ક્ષય થાય છે. ખરો આનંદ મળે તેવી ઈચ્છા હોય તો સત્યમાં ખૂબ નિષ્ઠા રાખવી, અસત્ય બોલનારો સુખી થતો નથી અને થવાનો નથી. તમે મિતભાષી થશો તો સત્યભાષી થશો. જગતમાં ક્યાંય પવિત્રતા દેખાતી નથી. કપડાં અને શરીર ચોખ્ખાં રાખો છો તેવી રીતે મનને ય પવિત્ર રાખો. કારણ કે મન તો મર્યા પછી પણ સાથે આવવાનું છે. જગતમાં કયાંય નીતિ દેખાતી નથી. નીતિ-અનીતિથી ખૂબ ભેગું કરવું છે અને કુમાર્ગે વાપરવું છે. કુટુંબ સિવાય બીજું કોઈ સુખ છે કે નહીં તેનો વિચાર પણ મનુષ્ય કરતો નથી.તે વિચારે છે કે પૈસાથી કુટુંબને સુખી કરીશ. શરીર અને ઈન્દ્રિયોના સુખમાં એ એવો ફસાયો છે કે ખરો આનં ક્યાં છે અને કેમ મળે તેનો તે વિચાર કરતો નથી. જીવનમાં જ્યાં સુધી કોઈ લક્ષ્ય થાય નહીં, ત્યાં સુધી પાપ અટકે નહીં,જે લક્ષ્યને લક્ષમાં રાખે તેનાથી પાપ થાય નહીં. પરંતુ મનુષ્યને લક્ષ્યની ખબર નથી ને કામ કરવાની જરૂર છે તે જ એ કરતો નથી. જગતમાં પાપ બહુ વધી ગયું, તેથી ધરતી માતા અન્ન ગળી ગઈ છે. અન્નવિક્રય પણ છે, જ્ઞાનવિક્રય પણ પાપ છે, જ્ઞાનનો વિક્રય ન કરો. બ્રાહ્મણ નિષ્કામ ભાવથી જગતને જ્ઞાનનું દાન કરે. અન્નદાન કરતાં પણ જ્ઞાનદાન શ્રેષ્ઠ છે તેથી કાયમની શાંતિ થાય છે. અન્નવિક્રય-જ્ઞાનવિક્રય થવા લાગ્યા ત્યારથી પવિત્રતા રહી નથી અને પાપ વધ્યું છે.પાપ મનુષ્યની ભાવના બગડી ત્યારથી જીવન બગડ્યું. નારદજી કહે છે કે દુનિયામાં મને ક્યાંય શાંતિ જોવામાં આવી નહીં. ફરતો ફરતો હું વૃંદાવનમાં ગયો. ત્યાં મેં એક કૌતુક જોયું. એક યુવતી સ્ત્રી હતી તેની પાસે બે વૃદ્ધ પુરુષો મૂર્છામાં પડેલા હતા.તે સ્ત્રીએ મને બોલાવ્યો એટલે હું તેની તે પાસે ગયો.સાધુ પુરુષ કોઈ સ્ત્રી પાસે ન જાય પણ મદદ માટે તો જવું પડે. તે યુવતી સ્ત્રીએ મને કહ્યું કે,હે સાધુ એક ક્ષણ ઊભા રહો. બીજાનું કામ સાથે એ સાધુ. સુવર્ણ કરતાં સમયને કીમતી ગણે તે સાધુ. કોઈની એક ક્ષણ પણ બગાડવી નહીં, એટલે એક ક્ષણ ઊભા રહેવા કહ્યું. મેં પૂછયું : દેવી તમે કોણ છો? તે સ્ત્રીએ કહ્યુંઃ મારું નામ ભક્તિ છે. આ જ્ઞાન અને વૈરાગ્ય નામે મારા બે પુત્રો છે, તેઓ વૃદ્ધ થઈ ગયા છે! મારું જન્મસ્થાન દ્રવિડ દેશ છે. (મહાન આચાર્યો દક્ષિણ ભારતમાં પ્રગટ થયા છે. ભગવાન શંકરાચાર્ય,ભગવાનરામાનુજાચાર્ય ભગવાન માધવાચાર્ય ભગવાન વલ્લભાચાર્યજી દક્ષિણમાં થયા છે. દક્ષિણ દેશ એ ભક્તિનો દેશ છે.) કર્ણાટકમાં મને પોષણ મળ્યું, હું મોટી થઈ. (આચાર-વિચારજ્યાં શુદ્ધ હોય ત્યાં ભક્તિને પુષ્ટિ મળે છે.કર્ણાટકમાં હજુ આચાર- વિચાર વધારે જોવા મળે છે.વ્યાસજીને કર્ણાટક પ્રત્યે પક્ષ પાત ન હતો પણ એ સાચું હતું તેનું વર્ણન કર્યું.) મહારાષ્ટ્રમાં કોઈ કોઈ ઠેકાણે મારું સન્માન થયું (મહારાષ્ટ્રમાં પંઢરપુર જેવા સ્થળમાં ભક્તિ જોવા મળે છે.) અને ગુજરાતમાં હું જીર્ણ થઈ ગુજરાતમાં બે પુત્રો સાથે હું વૃદ્ધ થઈ. (પૈસાના દાસ પ્રભુના દાસ થઈ શકતા નથી. ગુજરાતને પ્રધાન પણે કંચનનો મોહ લાગ્યો છે ભક્તિ તેથી છિન્નભિન્ન થઈ છે.) ભક્તિના નવ અંગ છે, તેથી નવધા ભક્તિ કહે છે. તેમાં પહેલું શ્રવણ. કેવળ કથા સાંભળવાથી ભક્તિ પૂર્ણ થતી નથી. સાંભળ્યું હોય તેનું મનન કરવું.મનન કરી જેટલું જીવનમાં ઊતાર્યું તેટલું સાંભળ્યું ગણાય.કથા સાંભળવાથી પાપ બળે છે, પરંતુ મનન કરવાથી અને જીવનમાં ઊતારવાથી મુક્તિ મળે છે. મનન ન કરવાથી શ્રવણ સફળ થતું નથી. છિન્નભિન્ન થઈ જાય છે. હવે કીર્તનભક્તિ બગડી.

ધનનો લોભ છૂટે પણ કીર્તિનો મોહ છૂટવો કઠિન છે.કીર્તિનો મોહ જ્ઞાનીને પણ પજવે છે.જો કે સાચા જ્ઞાનીને અપમાન વહાલું છે, ને માન ખરાબ લાગે છે. કથા-કીર્તનમાં અનાયાસે જગત ભૂલાઈ જાય છે. બાકી મનુષ્ય માળા લઈને બેસે છે, ત્યારે તો તેને જગત યાદ આવે છે. કથામાં બેસો ત્યારે સંસાર-વ્યવહારના વિચારો કાઢી નાંખો. હું મારા શ્રીકૃષ્ણના ચરણમાં છું એવી ભાવના કરો. કીર્તનભક્તિ નિષ્કામ હોવી જોઈએ. તુલસીદાસજીએ કહ્યું છે કે, મારા સુખ માટે હું કથા કરું છું. બીજાને સુખ મળે છે તેની મને ખબર નથી પણ મારા મનને આનંદ મળે છે તેથી કથા કરું છું. સર્વમાં શ્રીકૃષ્ણની ભાવના રાખી સર્વને વંદન કરો. વંદન કરવાથી વિરોધનો નાશ થાય છે. નરસિંહ મહેતાએ વૈષ્ણવ ભક્તનું લક્ષણ બતાવ્યું છે કે, વૈષ્ણવજન તો સકલ લોકમાં સહુને વંદે. વંદે એ વૈષ્ણવ. વંદન માગે એ વૈષ્ણવ નહીં.હું પણું હશે ત્યાં સુધી ભક્તિ વધશે નહીં.હું પણું એટલે અભિમાન. અભિમાનથી વંદન ભક્તિનો નાશ થાય છે. આજકાલ લોકો દેહની પૂજા બહુ કરે છે.એટલે ઠાકોરજીની પૂજા-સેવા કરવાનો તેને સમય ક્યાંથી મળે? દેહ પૂજા વધી એટલે દેવ સેવા ગઈ. લોકોએ અનેક પ્રકારના સાબુ શોધી કાઢયા છે એ સાબુ ઘસવાથી શરીરનો રંગ સુધરવાનો નથી. પણ ભક્તિનો સાબુ લગાડો તો અંદરનો રંગ સુધરશે. એ જ સાચો રંગ છે. શરીરને લોકો શણગારતા થયા ત્યારથી અર્ચન અને ભક્તિ ગઈ માટે જીવન સાદું રાખો.

# લંચ કે ડિનર પછી ભૂલથી પણ નહીં કરશો આ પાંચ કામ, નહીંતર....

## આખરે એવી કઈ પાંચ આદતો છે જે તમારે જમ્યા બાદ કરવાનું ટાળવું જોઈએ

ઘણા લોકોને લંચ કે ડિનર કર્યા પછી ડેઝર્ટ કે મીઠાઈ ખાવાનું ખૂબ જ પસંદ હોય છે તો વળી કેટલાક લોકોને તરત જ ઊંઘવાની આદત હોય છે. વળી કેટલાક લોકો એવા પણ હોય છે કે જેમને ભોજન કર્યા પછી સ્મોક કરવાની આદત હોય છે. પણ શું તમને ખબર છે કે આ સિવાય પણ પાંચેક એવી આદતો છે કે જે કરવાનું તમારે ટાળવું જ જોઈએ, કારણ કે તમારી આ આદતની આરોગ્ય પર વિપરીત અસર જોવા મળી શકે છે. મોટા ભાગના લોકોને જમ્યા પછી તરત જ સૂઈ જવાની આદત હોય છે, પણ આવું કરવું આરોગ્ય માટે જોખમી છે અને આવું કરવાનું ટાળવું જોઈએ. ભોજન લીધા પછી તરત સૂઈ જવાથી પાચનક્રિયામાં અવરોધ ઊભો થાય છે અને ફૂડને ડાઈજેસ્ટ થવામાં લાંબો સમય લાગી શકે છે.



ઘણા લોકોને જમ્યા પછી તરત જ ધૂમ્રપાન કરવાની આદત હોય છે અને જો તમને પણ આવી ટેવ હોય તો આજે જ આ ટેવને છોડી દો, કારણ કે ખાધા પછી તરત જ સ્મોકિંગ કરવાથી સ્વાસ્થ્ય પર તેની ખરાબ અસર જોવા છે, આ સાથે સાથે જ તેની તમારા મેટાબોલિઝમ પર પણ ખરાબ અસર જોવા મળી શકે છે. આરોગ્ય નિષ્ણાતોના મતે જમ્યા પછી ધૂમ્રપાન કરવું એ ૧૦ સિગારેટ પીવા જેટલું નુકસાન કરે છે. ક્યારેય પણ ભારે ભોજન કર્યા પછી તરત જ નહાવાની ભૂલ ન કરવી જોઈએ. આવું કરવાથી પાચન પ્રક્રિયાને મંદ પડે છે. જમ્યા બાદ નહાવાથી પેટની આસપાસ બ્લડ સર્ક્યુલેશન પર અસર જોવા મળે છે. સ્નાન કરતી વખતે, લોહી શરીરના બાકીના ભાગમાં સર્ક્યુલેટ છે અને પાચન ક્રિયામાં અવરોધ ઉભો કરે છે.

ફળોનું સેવન કરવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે, એ વાતમાં કોઈ શંકા જ નથી, પરંતુ ભોજન કર્યા પછી તરત જ ફ્રૂટ્સનું સેવન કરવાનું ટાળવું જોઈએ, કારણ કે જમ્યા પછી ફળ ખાવાથી અપચો થઈ શકે છે. ફળો ખાવાનો શ્રેષ્ઠ સમય ભોજન પહેલાં અથવા પછીના બે કલાક માનવામાં આવે છે.

ચા એસિડિક હોય છે, કારણ કે તેમાં કેફીન હોય છે. જો તમને પણ જમ્યા પછી ચા પીવાની આદત હોય તો ખોરાક પચવામાં મુશ્કેલી પડી શકે છે. ફૂડ પાર્ટિકલ્સને તૂટવા માટે લાંબો સમય લાગી શકે છે અને જમ્યા પછી ચા પીવાથી આયર્નના શોષણમાં અવરોધ આવી શકે છે. આ જ કારણ છે કે ભોજન કર્યા પછી ચા પીવાનું ટાળવું જોઈએ.

# તરત જ બદલો આવી આદતો



જ્યારે કોઈ વ્યક્તિનું વજન અચાનક વધવા લાગે છે તો તેની પાછળ કેટલીક આદતો જવાબદાર હોઈ શકે છે. આવી સ્થિતિમાં આ આદતો પ્રત્યે સજાગ રહેવું જરૂરી છે. જાણો તેમના વિશેપ જ્યારે કોઈ વ્યક્તિનું વજન વધે છે, ત્યારે તે તેને ઘટાડવા માટે શું ઉપાય અપનાવે છે તે ખબર નથી. પરંતુ જો આપણે પહેલાથી જ જાણીએ કે કઈ આદતોથી વજન વધે છે, તો આપણે આપણું વજન વધતું અટકાવી શકીએ છીએ. હકીકત તો એ છે કે વજન વધવા માટે આપણી ખોટી જીવનશૈલી જ જવાબદાર હોય છે. આપણે આપણી જીવનશૈલીને જાણી જરૂર લાગે તો તેમાં યોગ્ય સુધારા કરી વજન વધતું અટકાવી શકીએ છીએ. આવી સ્થિતિમાં તેમના વિશે જાણવું જરૂરી છે. આજનો લેખ આ વિષય પર છે. આજે અમે તમને આ લેખ દ્વારા જણાવીશું કે કઈ આદતો આપણા વજનમાં વધારો કરવા માટે જવાબદાર હોઈ શકે છે. જો તમે તમારા વજનને નિયંત્રિત કરવા માંગો છો, તો સમયસર ખાવું જરૂરી છે. તણાવપૂર્ણ જીવનશૈલીના કારણે ઘણા લોકો માટે સમયસર જમવું શક્ય નથી હોતું. સમયસર ન ખાવાથી વ્યક્તિનું વજન વધી શકે છે. તમને નવાઈ લાગશે, પણ આ સાચી વાત છે.

પાણી પીવાથી વ્યક્તિના શરીરમાંથી ટોક્સિન્સ બહાર નીકળી શકે છે, પરંતુ જ્યારે વ્યક્તિ પુષ્કળ પ્રમાણમાં પાણી ન પીએ તો તેમાંથી ઝેરી તત્વો બહાર નથી આવતા અને વજન વધવાની સમસ્યા થઈ શકે છે. તંદુરસ્ત વ્યક્તિ માટે ઓછામાં ઓછી ૭ થી ૮ કલાકની ઊંઘ લેવી જરૂરી છે. આવી સ્થિતિમાં, જ્યારે વ્યક્તિ યોગ્ય રીતે ઊંઘી શકતો નથી કે તેની ઊંઘ પૂરી નથી થતી તો તે વ્યક્તિનું વજન વધી શકે છે.

# ઊંઘમાં તમને પણ થાય છે આવો ભાસ?



ઘણી વખત તમે ભર ઊંઘમાં હોવ અને અચાનક એવો ભાસ થાય કે તમે ઊંચાઈથી પડી રહ્યા હોવ એવો ભાસ થાય છેપ બસ આ અનુભવ પછી આંખોમાંથી ઊંઘ ગાયબ થઈ જાય છે અને તમે તમારી જાતને સરસ મજાના બેડમાં સૂતેલા જુઓ છો. આવા સમયે ઘણી વખત સવાલ થાય છે કે આવું કેમ થતું હશે, આવું થવાનું કારણ શું? આજે આ આર્ટિકલમાં તમને આનું કારણ જણાવીશુંપ સાયન્ટિફિક ભાષામાં આ પ્રક્રિયાને હિપ્નિક જર્ક તરીકે ઓળખવામાં આવે છે અને આ સમયગાળા દરમિયાન તમને આભાસ અને વાસ્તવિકતા વચ્ચેના અંતરનો ખ્યાલ જ નથી આવતો. આપણું મગજ કાયમ આપણા શરીરને કન્ટ્રોલ કરે છે અને એને એવી ટેવ હોય છે. મગજને શરીરના બધા અવયવોની માહિતી હોય છે. ક્યારે આપણે શ્વાસ લઈએ છીએ, ક્યારે ઊંઘીએ છીએ વગેરે વગેરે જેવી માહિતી મગજ પાસે હોય છે. સાવ સીધા શબ્દોમાં કહેવાનું થાય તો આપણું મગજ એ આપણા શરીરના કોમ્પ્યુટરનું સીપીયુ છે અને તે આપણને કોઈ પણ પ્રકારના જોખમથી બચાવવાનું કામ કરે છે. જોખમ જણાતા તે તાત્કાલિક આપણા મગજને સરંક્ષણ માટેના સિગ્નલ મોકલાવવાનું શરુ કરે છે. બેક ટુ ટ્રેક આવીએ અને વાત કરીએ તો જ્યારે આપણને ઊંઘમાં ઊંચાઈ પરથી પડી રહ્યા હોવાનો ભાસ થાય છે એ ઘટનાને હિપ્નિક જર્ક તરીકે ઓળખવવામાં આવે છે. આવો ભાસ જ્યારે પણ આપણને થાય છે ત્યારે આપણને ઊંઘ આવતી હોય છે અને આંખો બંધ થતી હોય છે. હાર્ટબીટ મંદ પડી રહી હોય છે અને આવી પરિસ્થિતિમાં ઘણી વખત મગજ ગૂંચવાઈ જાય છે. આપણું મૃત્યુ તો નથી થઈ રહ્યું ને એવી શંકા મગજને પડે છે અને તે તાત્કાલિક કાર્યરત થઈ જાય છે. આપણને જગાડવા માટે મગજ ખૂબ જ સ્માર્ટ ટેક્નિકનો ઉપયોગ કરે છે. મગજ આપણને એવો ભાસ કરાવે છે કે આપણે ઊંચાઈ પરથી પડી રહ્યા છીએ. આવી સ્થિતિમાં મગજ સિગ્નલ મોકલાવે છે અને આ સિગ્નલ મળતાં જ એક ઝટકો લાગે છે આપણને અને આપણે જાગી ઉઠીએ છીએ. આ રીતે મગજ પોતાની કામ પૂરું કરે છે અને આપણે જાગી જઈએ એટલે આપણે જીવતા છીએ એવું સમાધાન મગજને થાય છે.

# રાત્રે દહીં ખાવાથી થઈ શકે છે આ સમસ્યાઓ, જાણો રાત્રે દહીં ન ખાવાનું સાચું કારણ



જો તમે વડીલો ને પૂછો કે રાત્રે દહીં ખાવું જોઈએ તો તેઓ કડક શબ્દોમાં ના કહી દેશે. રાત્રે દહીં ખાવાની મોટાભાગના લોકો ના પાડે છે. તેનું કારણ પૂછવામાં આવે તો અલગ અલગ કારણ જણાવવામાં આવે છે. પરંતુ મોટાભાગના લોકો રાત્રે દહીં શા માટે ન ખાવું તેનું સાચું કારણ જાણતા નથી. આજે તમને રાત્રે દહીં ન ખાવાનું સાચું કારણ જણાવીએ. સ્વાસ્થ્ય નિષ્ણાંતો જણાવે છે કે રાત્રે પણ દહીં ખાઈ શકાય પરંતુ રાત્રે દહીં ખાતી વખતે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. રાત્રે જો દહીં ખાવું હોય તો ખૂબ જ ઓછી માત્રામાં ખાવું જોઈએ. રાત્રે દહીં ખાવાની મનાઈ મોટાભાગના લોકો એટલા માટે કરે છે કે ડેરી પ્રોડક્ટ ફેટ અને પ્રોટીનથી ભરપૂર હોય છે. તેવામાં રાત્રે આ પ્રકારની વસ્તુઓ ખાવાથી પાચનમાં સમસ્યા થાય છે. જો પાચન બરાબર ન થાય તો અપચો, અનિંદ્રા જેવી સમસ્યાઓ થઈ શકે છે.

# ઢગલાબંધ પોષક તત્વોથી ભરપુર છે આ ફ્રૂટ!



આજે અમે તમને નોની ફળના સ્વાસ્થ્ય લાભો રજૂ કરીએ છીએ જીં હા, નોની એક એવું ફળ છે જે ઔષધિઓની યાદીમાં સમાવિષ્ટ છે, જેના પાંદડા, દાંડી, ફળ અને રસ તમામ દવા તરીકે વપરાય છે. એવું કહેવાય છે કે આ ચમત્કારિક ફળ ૧૦૦ થી વધુ રોગોને દૂર કરવાની શક્તિ ધરાવે છે અને ૧૫૦ થી વધુ પોષક તત્વો મળી આવે છે. નોની ફળોના ઔષધીય ગુણધર્મોને કારણે, તેનો ઉપયોગ રોગપ્રતિકારક શક્તિ વધારવા અને બિનઝેરીકરણ માટે પ્રાચીન સમયથી કરવામાં આવે છે. તે એન્ટીઓકિસડન્ટ, વિટામિન સી, વિટામિન બી ૩, વિટામિન એ અને આયર્નથી સમૃદ્ધ છે. તે ઘણા રોગોના ઉપચારમાં અસરકારક છે.જો નોની ફળોનું સેવન કરવામાં આવે તો કેન્સર જેવા જીવલેણ રોગોને પણ રોકી શકાય છે. તમે સરળતાથી નોની જ્યુસ બજારમાં મેળવી શકો છો.

BOLLYWOOD NEWS FLASH

# હદથી વધારે ટાઇટ ડ્રેસ પહેરવો કાજોલને ભારે પડ્યો



। મુંબઈ, તા.૧ ।

બોલિવૂડની પોપ્યુલર અભિનેત્રી કાજોલને લોકો ખૂબ પસંદ કરે છે. કાજોલ એની અદાઓથી હંમેશા લોકોને ફિદા કરતી હોય છે. એક્ટ્રેસની વાતો અને એનો આગવો અંદાજ લોકોને ખૂબ પસંદ પડે છે. કાજોલનો ફેન્સ વર્ગ ખૂબ મોટો છે. આમ વાત કરવામાં આવે તો કાજોલ આ દિવસોમાં એક ઈવેન્ટમાં ગઇ હતી, જ્યાં પેપરાઝીએ સ્પોટ કરી. આ દરમિયાન વિડીયો અને તસવીરો સામે આવી છે જેમાં એક્ટ્રેસની ચાલથી લઈને એટીટ્યૂડને લઈને ટ્રોલ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે કાજોલ ઓટીટી પ્લે એવોડ્સમાં ગઇ હતી ત્યાં એને બ્લેક કલરનો ટાઇટ ડ્રેસ કેરી કર્યો હતો. આ સાથે વાળમાં એક્સટેન્શન પણ લગાવ્યા હતા. બોલ્ડ લુકમાં એક્ટ્રસ ભલે સુંદર લાગી રહી હતી, પરંતુ કાજોલ ટાઈટ ડ્રેસમાં જરા પણ કન્ફોર્ટેબલ ફિલ કરતી હતી નહીં. આમ, આ વાતને લઈને ટ્રોલ થઇ છે. સામે આવેલી તસવીરો અને વિડીયોમાં કાજોલ અનેક પ્રકારના એક્સપ્રેશન્સ આપી રહી છે. આ સાથે કાજોલ થોડી મુશ્કેલીમાં હોય એવું લાગી રહ્યું છે. ટાઇટ ડ્રેસમાં કાજોલનો લુક એકદમ અલગ લાગી રહ્યો છે. વિડીયો અને સામે આવેલી તસવીરોમાં એક્ટ્રેસ પોઝ આપે એ પહેલાં જ ફેસના હાવભાવ બદલાઈ જાય છે. ઘણાં લોકો આ તસવીરો જોઈને કાજોલને બહુ મોટી કહી રહ્યા છે. આમ, જ્યારે બીજા વ્યક્તિએ લખ્યુ છે કે એટલો ટાઇટ ડ્રેસ પહેર્યો છે કે પેટ દેખાય છે. જો કે એક પછી એક લોકોની આવી કોમેન્ટસ આવી રહી છે. આ ઈવેન્ટમાં કાજોલની સાથે અમન દેવગન પણ જોવા મળ્યો હતો. અમન દેવગન પણ બ્લેક ડ્રેસમાં જોવા મળ્યો. કાજોલના કામની વાત કરીએ તો કાજોલ લાસ્ટમાં ધ ટ્રાયલમાં જોવા મળી હતી.

# રણવીર સિંહનો દમદાર ફર્સ્ટ લુક સામે આવ્યો



। મુંબઈ, તા.૧ ।

આલા રે આલા, સિમ્બા આલા! રણવીર સિંહ 'સિંઘમ ૩'માં સિમ્બાના રૂપમાં પાછો ફર્યો છે. રોહિત શેટ્ટીની એક્શન કોપ ફિલ્મ 'સિંઘમ ૩' થી રણવીર સિંહનો પહેલો લુક સામે આવી ગયો છે. રોહિત શેટ્ટી દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં રણવીર પાંચ વર્ષ પછી પોલીસ અધિકારી ભાલેરાવના રૂપમાં પાછો ફર્યો છે. આ પહેલાં રણવીર સિંહે ફિલ્મ સિમ્બાની ભુમિકા નિભાવી હતી જે વર્ષ ૨૦૧૮માં રિલીઝ થઇ હતી. સિંઘમ ૩નાં નવા પોસ્ટરમાં રણવીર સિંહ દોડતો જોવા મળી રહ્યો છે. આ પોસ્ટરના બેકગ્રાઉન્ડમાં ભગવાન હનુમાન સાથે જોવા મળી રહ્યો છે. સોશિયલ મિડીયામાં રણવીર સિંહનું આ પોસ્ટર લોકોને ખૂબ પસંદ પડી રહ્યો છે. આ પોસ્ટરમાં ભગવાન હનુમાનની ઝલક જોઈને ફેન્સ રોહિત શેટ્ટીની અપકમિંગ ફિલ્મની કહાનીને લઈને જાતજાતની વાતો કરી રહ્યા છે, જેમાં જાણવા મળે છે કે રોહિત શેટ્ટીની એક્શન કોપ ફિલ્મ 'સિંઘમ અગેન'માં કંઈક મોટો ફેરફાર જોવા મળશે. સિંઘમ અગેનનું નવું પોસ્ટર રોહિત શેટ્ટી અને દિપીકા પાદુકોણે પોતાના સોશિયલ મિડીયા પ્લેટફોર્મ પર શેર કર્યુ છે. રણવીર સિંહે પણ એનો ફર્સ્ટ લુક શેર કર્યો છે. સોશિયલ મિડીયામાં રણવીરનો આ ફર્સ્ટ લુક ખૂબ ચર્ચામાં છે અને લોકો જાતજાતની અટકળો લગાવી રહ્યા છે. ફિલ્મના પોસ્ટરમાં હનુમાનની ઝલક જોવા મળી રહી છે. નિર્દેશકે આ પહેલાં નવરાત્રીના પહેલાં દિવસે દિપીકા પાદુકોણનો પહેલો લુક શેર કર્યો હતો અને ફોટો શેર કરતા લખ્યું હતુ કે, દિપીકા એની આ ફિલ્મમાં પહેલી પોલીસકર્મી એટલે લેડી સિંઘમની ભૂમિકા નિભાવશે. સિંઘમ અગેનથી રણવીર સિંહનો ફર્સ્ટ લુક શેર કરવામાં આવ્યો છે. પોસ્ટરમાં રણવીર પોલીસના કપડામાં જોવા મળી રહ્યો છે. આ ફિલ્મમાં એક્ટર ફરી એક વાર સંગ્રામ ભાલેરાવના રોલમાં જોવા મળશે અને મોટો ધડાકો કરશે એવી શક્યતા રહેલી છે. આ પોસ્ટરના બેકગ્રાઉન્ડની વાત કરીએ તો એમાં ભગવાન હનુમાનની તસવીર જોવા મળી રહી છે. સિંઘમ ૩ વર્ષ ૨૦૨૪ માં રિલીઝ થશે.

# દેબીના બેનર્જી દીકરી સાથે કરી રહી હતી રેમ્પવોક

। મુંબઈ, તા.૧ ।



ટીવી એક્ટ્રેસ દેબીના બેનર્જી હાલમાં સોશિયલ મિડીયામાં છવાઇ ગઇ છે. એક્ટ્રેસના બહુ મોટી સંખ્યા ફેન ફોલોઈંગ છે. લોકો રૂબીનાની એક એક સ્ટાઈલ પર ફિદા થઈ જાય છે. લોકોને એક્ટ્રેસ અને પતિ ગુરમીત સાથેની જોડી ખૂબ પસંદ પડે છે. સોશિયલ મિડીયામાં એક્ટિવ રહેવાની સાથે સાથે દેબીના પોતાની લાઈફમાં યુટ્યૂબ બ્લોગ્સના માધ્યમથી સ્નીકપીક આપતી રહી છે. હાલમાં એક્ટ્રેસ બે બાળકોની માતા બની. માતા બનવાની જર્નીમાં પણ દેબીના ફેન્સની સાથે દરેક વાત ખુલીને કરતી હતી. પ્રેગનન્સીથી લઈને બેબી આવવા સુધીની સફરથી લોકોને ખુશ કરી દીધા હતા.એવામાં બેબી આવતા પહેલાં લોકો એનાથી કનેક્ટ થઈ ગયા હતા. જો કે હાલમાં દેબીનાનો એક લેટેસ્ટ વિડીયો સામે આવ્યો છે જેમાં બન્ને દીકરીઓ સાથે રેમ્પ વોક કરી રહી છે. એક્ટ્રેલ દેબીના બેનર્જી બોમ્બે ફેશન વીકમાં દીકરીઓ સાથે રેમ્પ વોક કરતી જોવા મળી. એનો આ સુપર ક્યૂટ વિડીયો હાલમાં સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

# આકાંક્ષા પૂરીએ હોટ ડ્રેસમાં ઈન્ટરનેટ પર લગાવી આગ

। મુંબઈ, તા.૧ ।

ટીવી ઈન્ડસ્ટ્રીની જાણીતી એક્ટ્રેસ આકાંક્ષા પૂરી અવારનવાર કોઈને કોઈ કારણોસર ચર્ચામાં રહે છે. આકાંક્ષા સોશિયલ મીડિયા પર પણ ખૂબ જ એક્ટિવ છે અને તેના ફેન્સ સાથે તેની અંગત અને પ્રોફેશનલ લાઈફ સાથે જોડાયેલી વાતો શેર કરતી રહે છે. હાલમાં જ અભિનેત્રીએ તેના બોલ્ડ ફોટા શેર કરીને ઈન્ટરનેટ પર તાપમાન વધારી દીધું છે. આ પહેલીવાર નથી કે જ્યારે અભિનેત્રીએ બોલ્ડ અને હોટ તસવીરો શેર કરીને ચાહકોને ઘાયલ કર્યા હોય. ચાહકો આકાંક્ષા પુરીના આ બોલ્ડ અવતારને ખૂબ પસંદ કરી રહ્યા છે, જેના કારણે તેઓ આ ફોટા પર ઘણો પ્રેમ વરસાવી રહ્યા છે. બિગ બોસ ઓટીટી ૨' ફેમ આકાંક્ષા પૂરીએ સોશિયલ મીડિયા હેન્ડલ ઈન્સ્ટાગ્રામ પર તેની ઘણી તસવીરો શેર કરી છે. આ ફોટામાં અભિનેત્રી હોટ અને બોલ્ડ રેડ કલરના ડ્રેસમાં જોવા મળી રહી છે. રિવીલિંગ ડ્રેસમાં અભિનેત્રીનો બોલ્ડ લૂક જોઈ શકાય છે. અભિનેત્રીએ પોતાના લૂકને પૂર્ણ કરવા માટે ખુલ્લા વાળ અને ગ્લોસી મેકઅપ કર્યો છે. અભિનેત્રીનો આ બોલ્ડ અને સિઝલિંગ અવતાર ચાહકોને પસંદ આવી રહ્યો છે. દરેક તેના લૂકના વખાણ કરી રહ્યા છે. એક્ટ્રેસ તેના બોલ્ડ અને હોટ અંદાજને લઈ સોશિયલ મીડિયામાં સતત ચર્ચામાં રહે છે. ચાહકો પણ તેની સુંદર તસવીરોને લાઈક કરે છે. આકાંક્ષા પૂરી એક અભિનેત્રી અને મોડલ છે.

# ૨૩ વર્ષ બાદ સાવ બદલાઈ ગયો શાકા લાકા બૂમ બૂમના સ્ટારકાસ્ટનો લુક

। મુંબઈ, તા.૧ ।

આ સીરિયલનું નામ લેતા જ ૯૦ અને ૨૦૦૦ના દાયકાથી બાળકોની ન જાણે કેટલી યાદો તાજી થઈ જાય છે. આજે ૨૩ વર્ષ બાદ આજે અમે તમને જણાવવા જઈ રહ્યા છીએ કે આ દિવસે સીરિયલની સ્ટારકાસ્ટ ક્યાં છે અને શું કરી રહ્યા છે. સૌથી પહેલા શરુઆત કરીશું જેનિફર વિંગેટથી.



જેનિફર વિંગેટ આ સીરિયલમાં પોતાની માસૂમિયતથી સૌ કોઈને દીવાના બનાવી રહી હતી. બાળપણમાં દમદાર શરુઆત કર્યા બાદ જેનિફર વિંગેટે ઘણી ધમાકેદાર સિરીયલ અને વેબ સીરિઝમાં કામ કર્યું. હવે વાત કરીએ જાદુઈ પેન્સિલથી પોતાના સપનાને હકીકતમાં બદલનારા 'સંજૂ'ની. 'શાકા લાકા બૂમ બૂમ'માં એક્ટર ખિંશુક વૈદ્યએ સંજૂનું પાત્ર ભજવ્યુ હતું. મોટા થયા બાદ આ એક્ટર 'વો તો હૈ અલબેલા', 'જાત ન પૂછો પ્રેમ કી', 'એક રિશ્તા સાઝેદારી કા' જેવી ઘણી સીરિયલ્સમાં કામ કરેલું છે. શાકા લાકા બૂમ બૂમ'ના 'ઝૂમરુ' એટલે એક્ટર આદિત્ય કપાડિયા હવે અભિનયની દુનિયાનું જાણીતું નામ બની ચુક્યું છે. સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેનારા આ એક્ટર થોડા સમય પહેલા જ પિતા બન્યો છે. ચાઈલ્ડ આર્ટિસ્ટ હંસિકા મોટવાની હવે સાઉથ ઈંડસ્ટ્રીનું જાણીતું નામ બની ચુકી છે. આ એક્ટ્રેસ ફિલ્મ 'કોઈ મિલ ગયા'માં પણ જોવા મળી ચુકી છે. આ એક્ટ્રેસ સાઉથની ઘણી સુપરહીટ ફિલ્મોમાં પણ ભાગ બની ચુકી છે. બાળકોની ફેવરિટ સિરીયલ 'સોનપરી'ની 'ફ્રૂટી' એટલે તન્વી હેગડે 'શાકા લાકા બૂમ બૂમ'માં પણ જોવા મળી હતી.

### કે.આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ

# ઝાલોદના વિદ્યાર્થીઓ દ્વારા યુવક મહોત્સવમાં ૧૪ સ્પર્ધાઓમાં ઇનામ મેળવી ઈતિહાસ સર્જ્યો



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧ ।

ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કે.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ઝાલોદના વિદ્યાર્થીઓએ ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા દ્વારા આયોજિત ચતુર્થ યુવક મહોત્સવ સ્પંદન-૨૦૨૩માં વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હતો. કૉલેજની આ ટીમ સમગ્ર યુનિવર્સિટીમાં સૌથી વધુ ઈનામો મેળવનારી ટીમ બની હતી. કૉલેજના ઈતિહાસમાં સૌ પ્રથમ વાર ૧૪ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓની ટીમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. જેમાં કોલાજમાં પ્રથમ, કાર્ટૂનિંગમાં પ્રથમ, ફોક ઓર્કેસ્ટ્રામાં પ્રથમ, લોકનૃત્યમાં દ્વિતીય, ભારતીય લાઈટ વોકલમાં દ્વિતીય, ભારતીય ગ્રુપ ગીતમાં દ્વિતીય, પશ્ચિમી જૂથ ગીતમાં દ્વિતીય, ક્લાસિકલ ઈન્સ્ટ્રૂમેન્ટલમાં દ્વિતીય, ક્વિઝમાં દ્વિતીય, વક્તૃત્વમાં તૃતીય, વન એક્ટ પ્લેમાં તૃતીય, માઈમમાં તૃતીય, સ્કીટમાં તૃતીય, વેસ્ટર્ન વોકલ સોલોમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સ્પર્ધામાં કૉલેજના પ્રિન્સિપાલ મધુકર પટેલ, ડૉ. આશિષ મોદી, ડૉ. યોગેશ ઝાલા, ડૉ. અનિતા પાદરીયા, અને ભારતીબેન મોદી દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. કૉલેજના પ્રિન્સિપાલ સહિત તમામ કૉલેજ પરિવારે વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

# શ્રી રાષ્ટ્રભક્તિ જન સેવા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસની દબદબાભેર ઉજવણી કરવામાં આવી



। ઝાલોદ, તા.૧ ।

સંજેલી તાલુકામાં આવેલ શ્રી રાષ્ટ્રભક્તિ જન સેવા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ પીછોડા દ્વારા રાષ્ટ્રીય એકતા દીવસ - સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ભારત માતા ભક્તિ મંદિર પીછોડા ખાતે લોખંડી પુરુષ સરદાર પટેલ સાહેબની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી. શ્રી વિનોદકુમાર સોલંકી તેમજ શ્રીમતી અલ્પાબેન દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની છબીને ફૂલહાર પહેરાવીને સરદાર પટેલના નારા લગાવ્યા હતા.

અખંડ ભારતનાં લોખંડી પુરુષના વિચારો જીવનમાં ઉતારવા અને રાષ્ટ્ર વિકાસના કાર્યોમાં સદાયે સહભાગી બની ભારતમાતાનું ઋણ ચૂકવીએ એવા દ્રઢ સંકલ્પ લીધા હતા. બાળકોને ચોકલેટો વહેંચીવામાં આવી હતી. આમ એકતા દિવસ સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની જન્મ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી.

# મહીસાગર જિલ્લા નિવૃત્ત શિક્ષક સન્માન સમારોહ ક્રિસ્ટલ સાયન્સ સ્કુલ લુણાવાડા ખાતે શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરની ઉપસ્થિતિમાં યોજાયો

### મહીસાગર જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના ૧૮૮ વયનીવૃત શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું



। મહીસાગર, તા.૧ ।

મહીસાગર જિલ્લા નિવૃત્ત શિક્ષક સન્માન સમારોહ ક્રિસ્ટલ સાયન્સ સ્કુલ લુણાવાડા ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેર ભાઈ ડિંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો

આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોર અને ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે જિલ્લાના શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરતા શિક્ષકોનું સન્માન, વેકેશનનાં વ્હાલા બાળકો કાર્યક્રમમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર શાળાઓનું સન્માન, એસ એસ સી અને એચ એસ સી માં ૧૦૦% પરિણામ મેળવનાર શાળાઓનું સન્માન અને વિશિષ્ટ સિધ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોર અને ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની પ્રેરણાથી દિવાળી આવી સાક્ષરતા લાવી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો અને મહિમથન મહીસાગર યુ ટ્યુબ ચેનલ નો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોરએ જણાવ્યું હતું કે, શિક્ષકો વ્યકિત નિર્માણ, પરિવાર નિર્માણ, સમાજ નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણનું ભગીરથ કાર્ય કરી સમાજની સેવા કરી રહ્યા છે. "શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મે પલતે હે". હકીકતમાં આ સૂત્ર કામ કરીને સાર્થક કરવાનું છે. શિક્ષકોમાં અદભૂત કલા છે તેઓ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિને બહાર લાવી શકે છે. માનવ નિર્માણનું કાર્ય શિક્ષક કરે છે. જન્મ માટે પિતાને આભારી છે ત્યારે જીવન શિક્ષકને આભારી છે.

નવી શિક્ષણ નીતિનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, નવી શિક્ષણ નીતિ સ્કીલ બેઈઝ હશે. સાથે અતિથિ દેવો ભવ, માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ અને ગુરૂદેવો ભવની પ્રણાલી પણ નવી શિક્ષણ નીતિમાં છે. યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની રાહબરી હેઠળ ભારત મહાસત્તા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ભારતને પુનઃ દિવ્ય બનાવવાનું કામ શિક્ષકોનું છે. બાળકોના ઉત્થાન માટે સવિશેષ કામગીરી કરનાર સન્માનિત શિક્ષકો અભિનંદનને પાત્ર છે. જે શાળાઓ ૧૦૦ ટકા પરિણામ લાવી તે શાળા પાસેથી અન્ય શાળાઓએ બોધપાઠ લઈને પોતાની શાળાઓની પ્રગતિ કરવી જોઈએ. એ જ રીતે જે શિક્ષકોએ સિધ્ધિ મેળવી છે તેમણે જિલ્લા પુરતુ સીમિત રહેવાનુ નથી રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષા સુધી પ હોંચવાનું છે. આપણા વિદ્યાર્થીઓ જિલ્લા અને રાજ્યકક્ષાએ રેંકીગમાં આવે તેવા પ્રયાસ કરવાના છે. વડાપ્રધાનશ્રીના ડિજિટલ ઈન્ડિયાના વિઝનને સાકાર કરવા માટે શિક્ષણ પણ ડિજિટલ થઈ રહ્યું છે. આ પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી અવનીબા મોરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું .

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, સમગ્ર શિક્ષા સચિવશ્રી એમ. પી. મેહતા, મહીસાગર કલેકટરશ્રી ભાવિન પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલ, લુણાવાડા ધારાસભ્યશ્રી ગુલાબસિંહ ચૌહાણ, જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી પીનાકિંનભાઈ શુક્લ, સંતરામ પુર ડાયટ પ્રાચાર્ય કે ટી પોરાણીયા સહિત મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# મસ્જિદ વન મૂવમેન્ટ દ્વારા શાહીન ફાઉન્ડેશનના સહયોગથી ચૂંટણી કાર્ડ નોંધણી કેમ્પ યોજાયો




। મલેક યસદાની ભરૂચ, તા.૧ ।

મસ્જિદ વન મૂવમેન્ટ દ્વારા શાહીન ફાઉન્ડેશનના સહયોગથી શાહીન દાણીલીમડા કેમ્પસ ખાતે ૧૮ વર્ષથી ઉપરના યુવાનો માટે ચૂંટણી કાર્ડ બનાવવા માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મસ્જિદ વન મૂવમેન્ટ દ્વારા શાહીન ફાઉન્ડેશન, દાણીલીમડા ખાતે ૧૮ અને તેથી વધુ વયના યુવાનો માટે સફળ ડોક્યુમેન્ટેશન કેમ્પનું આયોજન કરીને નાગરિકોને જોડવા અને કોમ્યુનિટી સશક્તિકરણ તરફ સક્રિય પગલું ભર્યું. આ કેમ્પનો હેતુ ચૂંટણી કાર્ડ મેળવવાની પ્રક્રિયાને સરળ બનાવવાનો હતો, જેથી યુવાનો આગામી ચૂંટણીમાં ભાગ લેવા તૈયાર થાય તેની ખાતરી કરી શકાય.

શાહીન ફાઉન્ડેશન, દાણીલીમડા ખાતે આયોજિત આ કેમ્પમાં શાહીન ફાઉન્ડેશનના સ્થાપક હમીદ મેમણ દ્વારા જણાવવ્યું હતું કે જે યુવા ઉમેદવાર આ કેમ્પમાં નવો ચૂંટણી કાર્ડની નોંધણી કરાવશે તેને પોતાના સેન્ટર્સમાં કોમ્પ્યુટર કોર્સની પ્રવેશ ફિસ ફ્રી કરી આપવામાં આવશે. જેનાથી યુવા વ્યક્તિઓના વિવિધ જૂથ એકસાથે આવ્યા જેઓ તેમના મતના અધિકારનો ઉપયોગ કરવા આતુર થયા હતા. કેમ્પ સહભાગીઓને તેમની મતદાર નોંધણી પૂર્ણ કરવા માટે એક અનુકૂળ અને માહિતીપ્રદ પ્લેટફોર્મ પ્રદાન કર્યું હતું, જે તેમને લોકશાહી પ્રક્રિયામાં સક્રિય ભૂમિકા ભજવવા સક્ષમ બનાવે છે. યુવાનોને મતદાનના મહત્વ અને તેમના સમુદાય અને રાષ્ટ્રના ભાવિને ઘડવામાં તેમની ભૂમિકા વિશે શિક્ષિત કરવા માહિતી આપવામા આવી હતી. મસ્જિદ વન મૂવમેન્ટના ઈન્ચાર્જ કૌસરઅલી સૈયદે કહ્યું "મસ્જિદ વન મૂવમેન્ટ એ સિવિક સેવાઓને નાગરિકો સુધી પહોંચાડવા અને યુવાનોને લોકશાહી પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લેવા પ્રોત્સાહિત કરવા માટે પ્રતિબદ્ધ છે. અમે માનીએ છે કે યુવાઓને મતદાન માટે માહિતગાર કરવા સાથે સશક્ત બનાવવું એ જીવંત અને જાગૃત સમાજ માટે જરૂરી છે. મસ્જિદ વન મૂવમેન્ટ મુસ્લિમ સંસ્થા છે જે સમુદાયના વિકાસ, સશક્તિકરણ અને નાગરિક જોડાણ, સર્વસમાવેશકતા અને લોકશાહી મૂલ્યોની સાથે દરેક ક્ષેત્રમાં પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે." મસ્જિદ વન મૂવમેન્ટના કોઓર્ડિનેટર ફૈઝાન ખલિફા એ કહ્યુ મતદાન અને યુવા સહભાગીઓના ઉત્સાહથી તેમનો સંતોષ વ્યક્ત કર્યો. વોલેન્ટર્સ અને સાથી સંસ્થાઓનો સમુદાય પ્રત્યેના સમર્પણ અને લોકશાહી મૂલ્યોને સાચવવા માટેની તેની ઉત્સાહ જોવા લાયક હતો. કેમ્પમાં ૬૮ નવા અને સુધારણા માટે ચૂંટણી કાર્ડ નોંધણી કરવામાં આવી હતી અને ૧૭ આવકના દાખલાના ફોર્મ ભરવામાં આવ્યા હતા.

કેમ્પને સફળ આયોજન કરવા માટે શાહબાજ શેખ, વસીમ રંગરેજ, રઝીન શેખ, શાહીના શેખ, આફિયા શેખ, હનીફ સોડાવાલા, યાસીનભાઈ એમદાણી, આરીફ મેમણ, ધારા પટેલ, મસ્જિદ વન મૂવમેન્ટ * શાહીન ફાઉન્ડેશનની ટીમ અને સ્થાનિક કાર્યકર્તાઓનો મહત્વનો ફાળો રહ્યો હતો.

# છોટાઉદેપુર- બોડેલી- સંખેડા- વડોદરા રૂટની અધતન મેટ્રો લીંક બસ શરુ કરવામાં આવો



। કચ્છ, તા.૧ ।

આજરોજ બોડેલી એસટી ડેપો ખાતે છોટાઉદેપુરથી વડોદરા વાયા સંખેડા રૂટની નવી મીની બસ શરુ કરવામાં આવી હતી. તદન નવી નકોર બસ વડોદરા રૂટ પર આ પ્રથમ બસ દોડશે. મેટ્રો લીંક સર્વિસની આ અધતન બસ સર્વિસ વડોદરા જવા માટે છોટા-ઉદેપુરથી બપોરે ૯.૪૦ વાગે નીકળશે. આજ રોજ બોડેલી ડેપો ખાતે જીલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ નાચેરમેન સંજયભાઈ રાઠવા, બોડેલી ડેપો મેનેજર એસ.પી.વસાવા દ્વારા છોટાઉદેપુર-સંખેડા-વડોદરા રૂટની નવી મીની બસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ હતું. બસને પ્રસ્થાન કરાવવા માટે ડ્રાઈવર, કંડકટર અને એસટી ડેપોના કર્મચારીઓ ઉપસ્થીત રહ્યા હતા. એસ.પી વસાવા ડેપો મેનેજરે જણાવ્યું હતું કે આ બસ મીની બસ છે અને નવા મોડેલની આ પ્રથમ બસ છે. લોકોને વધુ ને વધુ લાભ લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

# વડોદરા જિલ્લામાં ૩૩૧ સ્થળોએ સફાઇ કરી ૬૭૦ કિલો કચરાનો કરાયો નિકાલ

। વડોદરા, તા.૧ ।

વડોદરા જિલ્લામાં ચાલી રહેલા સ્વચ્છતા હી સેવા અભિયાન રંગ લાવી રહ્યું છે. ગામેગામ વિવિધ જાહેર સ્થળોની સફાઇ કરવા માટે નાગરિકો પણ સ્વયંભૂ આ અભિયાનમાં જોડાઇ રહ્યા છે. આ અભિયાન હેઠળ જિલ્લામાં એક જ દિવસમાં ૩૩૧ સ્થળોએ સફાઇ કામગીરી કરી ૬૭૦ કિલો જેટલો કચરો એકત્ર કરી નિકાલ કરવામાં આવ્યો હતો. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકે જણાવ્યું કે, બુધવારના રોજ ૩૩૧ સ્થળોએ થયેલી સફાઇ ઝૂંબેશમાં ૩૨૯ નાગરિકોએ પણ શ્રમદાન કર્યું હતું. તેમની સાથે ૨૦૭ જેટલા સ્વચ્છતાકર્મીઓ પણ જોડાયા હતા. વડોદરા જિલ્લાના વિવિધ ગામોમાં આવેલા શાળા પરિસર, પંચાયત કચેરી, નદીનાળા, માર્ગો, પાણીના સ્ત્રોતો, ટાંકા, પ્રતિમાઓ સહિતની સફાઇ કરી સુંદર કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની પ્રેરણાથી વડોદરા જિલ્લામાં ચાલી રહેલા સ્વચ્છતા હી સેવા અભિયાનને વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે.

# ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના થકી સુરતના દંપતીને મળી રૂ. ૨.૫૦ લાખની આર્થિક સહાય

। વડોદરા, તા.૧ ।

રાજ્ય સરકાર દ્વારા સામાજિક સમાનતા જળવાઈ રહે તે હેતુથી અનુસૂચિત જાતિના યુવક - યુવતી અન્ય જાતિના યુવક - યુવતી સાથે લગ્ન કરે અને સમાજમાં સામાજિક સમરસતા જળવાઈ રહે હેતુથી ગુજરાત સરકાર દ્વારા ડો.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના હેઠળ રૂ. ૧ લાખ પતિ - પત્નીના સંયુક્ત નામે નાની



બચતના પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે તથા રૂ. ૧.૫૦ લાખની રકમ ઘર વપરાશના સાધનો ખરીદવા માટે સહાય રૂપે આપવામાં આવે છે. વાત છે સુરતના ભેસ્તાન ગામના વતની એવા પરમાર ચિરાગ તેમજ ચૌહાણ ક્રિષ્ણાબેનની. પરમાર ચિરાગ અનુસૂચિત જાતિના છે તેઓએ અન્ય જાતિની યુવતી સાથે લગ્ન કર્યા છે, જેથી કરી તેઓને રાજ્ય સરકારની ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાનો આર્થિક લાભ મળ્યો છે. પોતાની મહેનતથી ગુજરાન ચલાવતા ચિરાગ પરમારને સરકારની આ યોજના હેઠળ રૂ. ૨.૫૦ લાખની નાણાંકીય સહાય મળતાં તેઓ હવે ખુબ જ ખુશ છે તેઓ કહે છે કે, આ સહાય મળતાં અમે હવે નિશ્ચિંત થઈ ગયા છીએ, હવે અમારી મોટાભાગની આર્થિક ચિંતા ટળી જશે. રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા અમલમાં મુકેલ ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અનુસુચિત જાતિના યુવક - યુવતીઓ માટે આશીર્વાદરૂપ નીવડી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. કામનું દબા તમારા મગજને ઘેરી વળશે છતાં તમારૂં પ્રિયપાત્ર તમને અમર્યાદ રૉમેન્ટિક આનંદ આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે. તમારા પ્રયાસ માટે લોકો કામના સ્થળે તમારી નોંધ લેશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે. સમર્પિત વ્યાવસાયિકો માટે બઢતી અને નાણાકીય લાભો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં.

**તુલા (ર,ત) :**

આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. તમારૂં પ્રિયપ ાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે. નવા પ્રકલ્પ તથા યોજનાઓને અમલમાં મુકવા માટે સારો દિવસ.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારો રૉમેન્ટિક સંબંધ આજે મુશ્કેલીમાં આવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે. તળાવમાંની સૌથી સુંદર માછલી સાથે આજે મુલાકાત થવાની ઊંચી શક્યતા છે. તમારા બૉસ નોંધ લે એ પૂર્વે બાકી રહેલા કાયર્યો પૂરાં કરો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. પરિવારના સભ્યો કદાચ તમારી અપેક્ષાઓ પૂર્ણ નહીં કરે. તમારા મનના તરંગો તથા મુનસફી પ્રમાણે કામ કરવાની આશા રાખશો નહીં અને તમે તમારી કામ કરવાની શૈલી બદલો અને પહેલ કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. પત્ની તમને તમારૂં જીવન બદલવામાં મદદ કરશે.

### ઓક્ટોબર ૨૦૨૩માં જીએસટીકલેક્શનમાં ૧૩ ટકાનો વધારો થયો

# ઓક્ટોબરમાં ૧.૭૨ લાખ કરોડ જીએસટી કલેક્શન, એપ્રિલ બાદનો સૌથી વધુ આંકડો

### નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સરેરાશ ગ્રોસ માસિક જીએસટી કલેક્શન હવે ૧.૬૬ લાખ કરોડ, જે એક વર્ષ અગાઉના સમયગાળા કરતાં ૧૧ ટકા વધુ

। નવી દિલ્હી, તા.૧ ।

નાણા મંત્રાલય દર મહિને માસિક જીએસટીકલેક્શનના આંકડા જાહેર કરે છે. આ આંકડો દર્શાવે છે કે દર મહિને કેટલો જીએસટીવસૂલવામાં આવે છે. વાસ્તવમાં સરકારે કરચોરી રોકવા માટે જીએટી શરૂ કરી હતી. હવે સરકાર લોકોને જીએસટીચૂકવવા માટે ઘણા અભિયાનો પણ ચલાવી રહી છે.નાણા મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર ઓક્ટોબરમાં જીએસટી કલેક્શન રૂપિયા ૧.૭૨ લાખ કરોડ રહ્યું હતું. આ અત્યાર સુધીનો બીજો સૌથી મોટો આંકડો છે. આ કલેક્શન ગયા વર્ષે ઓક્ટોબર ૨૦૨૨માં થયેલા ૧.૫૨ લાખ કરોડ રૂપિયા કરતાં ૧૩ ટકા વધુ છે. નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઓક્ટોબર ૨૦૨૩ માટે જીએસટીરેવન્યુ કલેક્શન રૂ. ૧.૭૨ લાખ કરોડ છે, જે એપ્રિલ ૨૦૨૩ પછી બીજા ક્રમે છે. આ વાર્ષિક ધોરણે ૧૩ ટકા સુધીનો વધારો દર્શાવે છે.




૧.૮૭ લાખ કરોડ રૂપિયાની ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) થી અત્યાર સુધીની સૌથી વધુ આવક એપ્રિલ ૨૦૨૩માં નોંધાઈ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સરેરાશ ગ્રોસ માસિક જીએસટીકલેક્શન હવે ૧.૬૬ લાખ કરોડ રૂપિયા છે, જે એક વર્ષ અગાઉના સમયગાળા કરતાં ૧૧ ટકા વધુ છે.

ઓક્ટોબર મહિનામાં જીએસટી કલેક્શન ૧ લાખ ૭૦ હજાર કરોડના આંકડાને પાર કર્યું છે. નાણા મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે ઓક્ટોબર ૨૦૨૩માં ૧.૭૨ લાખ કરોડ રૂપિયાનું ગૂડ્સ એન્ડ સર્વિસ કલેક્શન થયું છે. આવું બીજી વાર બન્યું છે કે કલેક્શન આ લેવલ સુધી પહોંચ્યું હોય. ઓકટોબરનું જીએસટી કલેક્શન વાર્ષિક ૧૩ ટકા વધ્યું છે. એક વર્ષ પહેલા ઓક્ટોબર ૨૦૨૨માં જીએસટી કલેક્શન ૧.૫૨ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. નાણા મંત્રાલયે કહ્યું કે ઓક્ટોબર ૨૦૨૩નું જીએસટી કલેકશન એપ્રિલ ૨૦૨૩ બાદનો સૌથી વધુ આંકડો છે. એપ્રિલ ૨૦૨૩માં જીએસટી કલેક્શન ૧.૮૭ લાખ કરોડ રૂપિયા હતું. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં એવરેજ માસિક જીએસટી કલેક્શન રૂ.૧.૬૬ લાખ કરોડ રહ્યું હતું. જે ગયા વર્ષ કરતા ૧૧ ટકા વધુ છે. જીએસટી કલેક્શન રૂપિયા ૧,૭૨,૦૦૩ કરોડ છે, જેમાં રૂ. ૩૦,૦૬૨ કરોડ સીજીએસટીછે. જ્યારે, રૂ. ૩૮,૧૭૧ કરોડ એસજીએસટીછે. આ સિવાય રૂ.૯૧,૩૧૫ કરોડ (માલની આયાત પર એકત્રિત રૂ. ૪૨,૧૨૭ કરોડ સહિત) આઈજીએસટીછે. તે જ સમયે, ૧૨,૪૫૬ કરોડ રૂપિયાનો સેસ છે (સામાનની આયાત પર એકત્રિત કરાયેલા રૂ.૧,૨૯૪ કરોડ સહિત). કેન્દ્ર સરકારે આઈજીએસટીથી સીજીએસટીમાટે રૂ. ૪૨,૮૭૩ કરોડ અને એસજીએસટીને રૂપિયા ૩૬,૬૧૪ કરોડ સેટલ કર્યા છે.

### ઈજિપ્ત ગાઝાપટ્ટીમાં રહેતા વિદેશી નાગરિકોની મદદે આવ્યું

# ઈજિપ્તે ગાઝા પટ્ટીના બીમાર વિદેશીઓની સારવાર માટે રાફાહ બોર્ડર ખોલી દીધી

### પાસપોર્ટ ધારકોનું પ્રથમ ગ્રૂપ ઈજિપ્ત માટે રવાના થયું

। તેલ અવિવ, તા.૧ ।

ગાઝા પટ્ટીમાં ઈઝરાયલના હુમલાથી હાહાકાર મચી ગયો છે. સતત બોમ્બમારામાં મોટી સંખ્યામાં જાનહાનિ થઇ રહી છે. આવી સ્થિતિ વચ્ચે ઈજિપ્ત ગાઝા પટ્ટીમાં પહેલાથી રહેતા વિદેશી નાગરિકોની મદદ માટે આગળ આવ્યું છે. ઈજિપ્તે ગાઝા પટ્ટીના બીમાર વિદેશી નાગરિકોની સારવાર માટે રાફાહ બોર્ડરખોલી દીધી છે. એક અહેવાલ અનુસાર વિદેશી પાસપોર્ટ ધારકોનો પ્રથમ ગ્રૂપ આજે યુદ્ધગ્રસ્ત ગાઝા પટ્ટીથી ઈજિપ્ત માટે રવાના થઈ ગયો હતો. નામ ન છાપવાની શરતે અધિકારીએ જણાવ્યું હતું કે વિદેશી પાસપોર્ટધારકોનો પ્રથમ જથ્થો બુધવારે રાફાહ ટર્મિનલથી ઈજિપ્ત માટે રવાના થયો હતો. ઈજિપ્ત અને પેલેસ્ટાઈનના અધિકારીઓ અનુસાર ઈજિપ્તની ગુપ્તચર સેવાઓના નજીકના ટેલિવિઝન ચેનલોએ ૮૧ ગંભીર રીતે ઘાયલ પેલેસ્ટિનીઓને ઈજિપ્તની હોસ્પિટલોમાં સારવાર માટે લાવવા ઈજિપ્ત તરફથી ટર્મિનલમાં પ્રવેશતી એમ્બ્યુલન્સના એક ફ્લિટની લાઈવ તસવીરો જાહેર કરી હતી.

### હમાસ સાથેના યુદ્ધની વચ્ચે ઈઝરાયેલને આંચકો

# બોલિવિયાની સરકારની ઈઝરાયેલ સાથે રાજદ્વારી સંબંધો તોડવાની જાહેરાત

### બોલિવિયાના વિદેશ મંત્રાલયે મંગળવારે ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના હુમલાને માનવતા વિરુદ્ધ ગુનો ગણાવ્યા

। જેરૂસલેમ, તા.૧ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ગાઝામાં ઈઝરાયેલની સતત કાર્યવાહીમાં ૧૦૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. ૧૪ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સ્પષ્ટ કહ્યું છે કે જ્યાં સુધી હમાસનો ખાત્મો નહીં થાય ત્યાં સુધી યુદ્ધવિરામ નહીં થાય. આ બધાની વચ્ચે દક્ષિણ અમેરિકી દેશ બોલિવિયાની સરકારે ઈઝરાયેલ સાથે રાજદ્વારી સંબંધો તોડવાની જાહેરાત કરી છે.

બોલિવિયાના વિદેશ મંત્રાલયે મંગળવારે ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના હુમલાને માનવતા વિરુદ્ધ ગુનો ગણાવતા રાજદ્વારી સંબંધો તોડવાની જાહેરાત કરી હતી. જો કે બોલિવિયા અને ઈઝરાયેલ વચ્ચે રાજદ્વારી સંબંધો તૂટવાની આ ૫ હેલી ઘટના નથી. અગાઉ ૨૦૦૯માં પણ બોલિવિયાએ ગાઝા પટ્ટી પર હુમલાના વિરોધમાં ઈઝરાયેલ સાથે રાજદ્વારી સંબંધો તોડી નાખ્યા હતા. પરંતુ ૨૦૨૦ માં, રાષ્ટ્રપતિ જીનીન એનેઝની સરકારે સંબંધો પુનઃસ્થાપિત કર્યા હતા.

ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં ઈઝરાયેલની સેના ગાઝામાં પ્રવેશી ગઈ છે. અત્યાર સુધી બધું પ્લાન મુજબ ચાલી રહ્યું છે. ઈઝરાયેલી સેનાના સૈનિકો ઝાડીઓમાં છુપાઈને આગળ વધી રહ્યા છે. તેમના હાથમાં ઘાતક હથિયારો છે. તેઓ ગોળીઓ

## હૌથી બળવાખોરો દ્વારા યમનથી ઈઝરાયેલ પર મિસાઈલ-ડ્રોનથી હુમલો

। જેરૂસલેમ, તા.૧ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ૭ ઓક્ટોબરથી યુદ્ધ ચાલી રહ્યું છે. છેલ્લા ૨૬ દિવસથી બંને દેશો વચ્ચે ચાલી રહેલા આ યુદ્ધમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે તો ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે ત્યારે હવે યમનના ઈરાન સમર્થિત હૌથી બળવાખોરોએ પણ આ યુદ્ધમાં ઝંપલાવ્યું છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધ વચ્ચે ચોથા મોર્ચા રુપે હૌથી બળવાખોરોએ યમનથી ઈઝરાયેલ પર મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો હતો. આ પહેલા પણ તેઓ ત્રણ અલગ-અલગ મિશનમાં ડ્રોન અને બેલેસ્ટિક મિસાઈલ છોડી ચૂક્યા છે અને હૌથી બળવાખોરોએ ઈઝરાયેલ સામે વધુ હુમલાની પણ ચેતવણી આપી હતી. જો કે ઈઝરાયેલ દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે કે તેમની સેનાએ એર ડિફેન્સ સિસ્ટમનો ઉપયોગ કરીને હૌથી બળવાખોરોની મિસાઈલોને નષ્ટ કરી દીધી છે. આ ઉપરાંત કેટલાક ડ્રોનને પણ તોડી પાડવામાં આવ્યા છે. હૌથી બળવાખોરોના લશ્કરી પ્રવકાતાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈઝરાયેલ પર મોટી સંખ્યામાં બેલેસ્ટિક મિસાઈલો અને ડ્રોન છોડ્યા હતા અને પેલેસ્ટિનિયનોને જીતવામાં મદદ કરવા માટે આ હજુ પણ આ રીતે વધુ હુમલાઓ ચાલુ રાખવામાં આવશે. ઈઝરાયેલ ગાઝા પટ્ટીમાં હમાસનો નાશ કરવા માંગે છે જ્યારે હૌથી બળવાખોરો હમાસને સમર્થન આપી રહ્યા છે. આવામાં હૌથી બળવાખોરોના લશ્કરી પ્રવકતા સારીના આ નિવેદનથી ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં વધુ તણાવ થવાની શક્યતા વધી ગઈ છે.

### ગાઝા પટ્ટીમાં ઈઝરાયલે હુમલા વધારી દીધા

# ગાઝામાં શાસનને લઈને ઈઝરાયેલ-અમેરિકાની ચર્ચા

। જોરૂસલેમ, તા.૧ ।

ગાઝા પટ્ટીમાં ઈઝરાયલે હુમલા વધારી દીધા છે અને હવે હવાઈ હુમલાની સાથે તેણે ગ્રાઉન્ડ ઓપરેશન પણ શરૂ કર્યું છે. આ હુમલામાં હમાસના અત્યાર સુધી ૧૦૦થી વધુ કમાંડર ઠાર મરાયા છે. આટલું જ નહીં ૭ ઓક્ટોબરના હુમલાને અંજામ આપનારા ઈબ્રાહિમ બિયારી સહિત અનેક આતંકી પણ તેમાં સામેલ છે. ઈઝરાયલે હમાસનો ખાત્મો કરવાના સોગંદ ખાઈ રાખ્યા છે. દરમિયાન ગાઝામાંથી હમાસના સફાયા બાદ તેના પર શાસન કોણ કરશે? તેના માટે અમેરિકા અને ગાઝાએ તૈયારી શરૂ કરી દીધી છે. માહિતી અનુસાર ગાઝામાં હાલમાં હમાસનું શાસન હતું. હવે તેનો સફાયો કર્યા બાદ અમેરિકા અને ઈઝરાયલે અત્યારથી ગાઝામાં શાસન કોણ કરશે તેને લઈને ચર્ચા વિચારણાં શરૂ કરી દીધી છે. જેમાં એક વિકલ્પ એ રખાયો છે કે હમાસના ખાત્મા બાદ



આજુબાજુના જ અનેક દેશો કે પછી યુએનની એજન્સીને જ થોડાક સમય માટે સરકારની કાર્યવાહી સોંપવામાં આવે. દરમિયાન પેલેસ્ટાઈનની એક સરકાર રચવા અંગે પણ વિચારણાં કરાઈ છે અને વ્યવસ્થા યોગ્ય થયા બાદ સ્થાનિક સરકારને જ કમાન સોંપવામાં આવશે. જોકે તેનાથી ઈઝરાયલ દૂર જ રહેવા માગે છે. એવામાં પડકાર એ હશે કે કયા દેશોને ગાઝા પટ્ટીની જવાબદારી સોંપવામાં આવે. અહેવાલ અનુસાર અમેરિકી ડિફેન્સ મંત્રી એન્ટની બ્લિંકને આ મામલે બેઠક કરી હતી. તેના પછી તેમણે કહ્યું હતું કે અનેક વિકલ્પો પર વિચારણાં થઈ છે.

### વિંગ કમાન્ડર અભિનંદને પાક. ફાઈટર જેટ તોડી પાડ્યું હતું

# રશિયામાં બનતું એર-ટૂ-એર મિસાઈલ હવે ભારતમાં બનવવા માટેની તૈયારી

### આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત મેક-૩ પ્રોજેક્ટમાં આ મિસાઈલ બનાવવામાં આવશે

। નવી દિલ્હી, તા.૧ ।

૨૦૧૯માં પાકિસ્તાની એફ-૧૬ ફાઈટર જેટ સરહદ નજીક ઉડતા જોવા મળી હોવાથી તેને ભગાડવાની જવાબદારી વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાનને આપવામાં આવી હતી. આકાશમાં ડોગ ફાઈટ થઈ. અભિનંદને તેમના મિગ-૨૧ બાઈસન ફાઈટર જેટમાંથી આર-૭૩ એર-ટુ-એર મિસાઈલ ફાયર કરીને પાકિસ્તાની ફાઈટર જેટને તોડી પાડ્યું હતું. હવે આ મિસાઈલને ભારતમાં બનાવવાની તૈયારી ચાલી રહી છે. હાલમાં તે રશિયાના ટેક્ટિકલ મિસાઈલ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવે છે.

ઈન્ડિયન એરફોર્સ ઈચ્છે છે કે તેના ફાઈટર જેટ્સ આ મિસાઈલના લેટેસ્ટ વર્ઝન આર-૭૩ઈ મિસાઈલથી સજ્જ હોય. તેને આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત મેક-૩ પ્રોજેક્ટમાં બનાવવામાં આવશે. લેટેસ્ટ વર્ઝનની



રેન્જ ૩૦ કિલોમીટર છે. ઉપરાંત, તે આરવીવી-એમડીટેકનોલોજીથી સજ્જ છે, જે તેની રેન્જને ૪૦ કિલોમીટર સુધી વધારી દે છે. ક્લોઝ-કોમ્બેટ મિસાઈલો (સીસીએમ) 'ડોગ-ફાઈટ' વિઝ્યુઅલ રેન્જના હથિયારોની રેન્જ ૧૬ કિલોમીટરથી ઓછી છે. મોટાભાગના ઈન્ફ્રારેડ ગાઈડન્સનો ઉપયોગ કરે છે. આ મિસાઈલ માત્ર ડોગ ફાઈટર માટે જ બનાવવામાં આવી છે. તે કોઈપણ દિશામાંથી દિવસ હોય કે રાત હવાઈ ટાર્ગેટને સરળતાથી હિટ કરીને નાશ કરી શકે છે. ઈલેક્ટ્રોનિક કાઉન્ટરમેઝર્સવાળા વાતાવરણમાં પણ આ મિસાઈલ દુશ્મનના ટાર્ગેટનું ચોક્કસ નિશાન સાધી શકે છે. આ મિસાઈલ ફાઈટર જેટ, બોમ્બર્સ અથવા એટેક હેલિકોપ્ટર પર લગાવી શકાય છે.

આ મિસાઈલ કમ્બાઈન્ડ ગેસ એરોડાયનેમિક કંટ્રોલ સિસ્ટમથી સજ્જ છે. જે લાઈન ઓફ સાઈટમાં ૬૦ ડિગ્રી સુધી તાકાત આપે છે. આનો અર્થ એ છે કે દુશ્મન પર હુમલો કરતી વખતે, સીધી રેખામાંથી મિસાઈલ અચાનક આવા ખૂણા પર ફેરવી શકાય છે. તેની મહત્તમ ઝડપ ૨૫૦૦ કિલોમીટર પ્રતિ કલાક છે. તે ૨ મીટરની ઊંચાઈથી ૨૦ કિલોમીટરની ઊંચાઈ સુધી જઈ શકે છે અને ૩૦ કિલોમીટરની મહત્તમ ઊંચાઈ સુધી પહોંચી શકે છે.

વિંગ કમાન્ડર અભિનંદને આ મિસાઈલ વડે પાકિસ્તાની હ્વ-૧૬ ફાઈટર જેટને તોડી પાડ્યું હતું. જોકે, બાદમાં તેમના ફાઈટર જેટ પર હુમલો કરવામાં આવ્યો હતો. જો કે તેને પાકિસ્તાની સેનાએ પકડી લીધો હતો.

# એસએફસીમાં તૈનાત એક સૈન્ય અધિકારીને રાષ્ટ્રપતિએ બરતરફ કર્યો

### બરતરફ અધિકારી ઉત્તર ભારતમાં એસએફસી યુનિટમાં પોસ્ટિંગ દરમિયાન ડેટા પાકિસ્તાની એજન્ટને મોકલતો હતો

। નવી દિલ્હી, તા.૧ ।

ભારતીય સશસ્ત્ર દળોના સુપ્રીમ કમાન્ડર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ એક મોટી કાર્યવાહી કરતા સૈન્ય અધિકારીને બરતરફ કરી દેવામાં આવ્યો છે, આ સૈન્ય અધિકારી પાકિસ્તાન માટે જાસૂસી કરતો હતો અને સેનાની માહિતી પાકિસ્તાનને આપતો હતો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્ટ્રેટેજિક ફોર્સિસના કમાન્ડ (એસએફસી) યુનિટમાં તૈનાત સૈન્ય અધિકારી વિરુદ્ધ કાર્યવાહી કરી છે. સેનાની તપાસમાં અગાઉ જાણવા મળ્યું હતું કે અધિકારીએ ઘણી ભૂલો કરી હતી જેના કારણે દેશની સુરક્ષા પણ જોખમમાં મુકાઈ હતી. આ અધિકારી સામે માર્ચ ૨૦૨૨થી તપાસ ચાલી રહી હતી. આ પહેલા કર્નલ અને બ્રિગેડિયર સહિત ચાર વરિષ્ઠ સૈન્ય અધિકારીઓને આ જ જાસૂસી કેસમાં જ સસ્પેન્ડ કપવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિએ બરતરફ કરેલા સૈન્ય અધિકારી પર ઉત્તર ભારતમાં એસએફસીયુનિટમાં પોસ્ટિંગ દરમિયાન પોતાના મોબાઈલમાં પટિયાલા પેગ નામનું એક વોટ્સએપ ગ્રુપ બનાવ્યું હતું જેમાં તે સંપૂર્ણ ડેટા પાકિસ્તાની એજન્ટને મોકલતો હતો. સસ્પેન્ડ કરાયેલા કર્નલ, બ્રિગેડિયર સહિત વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ પણ આ ગ્રુપનો ભાગ હતા. ગયા વર્ષે જ એસએફસીએ આ અધિકારી વિરુદ્ધ તપાસ માટે એક બોર્ડની રચના કરી હતી, જેમાં ઘણા વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આર્મી એક્ટ, ૧૯૫૦ ની કલમ ૧૮ અને બંધારણની કલમ ૩૧૦ હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને મેજરની સેવાઓ તાત્કાલિક અસરથી સમાપ્ત કરવાનો આદેશ આપ્યો હતો.. આ આદેશ ૧૫મી સપ્ટેમ્બરના રોજ જાહેર કરવામાં આવ્યો હતો અને આ મહિનાની શરુઆતમાં સ્ટ્રેટેજિક ફોર્સીસ કમાન્ડ યુનિટમાં અમલમાં મૂકવામાં આવ્યો હતો.

## વિશેષ | AMC દ્વારા આજના આ સફાઈ ઝૂંબેશ કાર્યક્રમોમાં ભાગ લીધેલા લોકો દ્વારા કુલ ૭૬૦૧.૫ કલાકનું શ્રમદાન કરવામાં આવ્યું હતું

# 'સ્વચ્છતા હી સેવા' થીમ હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્વચ્છતા અભિયાનમાં ૬૪.૬૪ મેટ્રિક ટન કચરાનું કલેક્શન કરી તેનો આખરી નિકાલ કરવામાં આવ્યો

### મ્યુનિસિપલ ઝોનલ ઓફિસો, મ્યુનિસિપલ કચેરીઓ અને સબ ઝોનલ કચેરીઓ તેમજ મસ્ટર સ્ટેશનો તથા સરકારી ઓફિસોનાં સફાઈ અભિયાન અન્વયે આજ રોજ શહેરમાં કરવામાં આવેલ કામગીરી

ગુજરાત સરકારનાં 'સ્વચ્છતા હી સેવા' થીમ હેઠળ શરૂ કરવામાં આવેલ ૬૦ દિવસ સફાઈ ઝુંબેશ કાર્યક્રમોનાં સ્વચ્છતાનાં અભિયાનમાં તારીખ પ્રમાણે આપવામાં આવેલ શિડ્યુલ પ્રમાણે ૩૦ ઓક્ટોબરથી ૫ નવેમ્બર ૨૦૨૩ દરમ્યાન મ્યુનિસિપલ ઝોનલ ઓફિસો, મ્યુનિસિપલ કચેરીઓ અને સબ ઝોનલ કચેરીઓ તેમજ મસ્ટર સ્ટેશનો તથા સરકારી ઓફિસોની સફાઈ અને કાટમાળ નિકાલની ઝુંબેશ અંતર્ગત આજ રોજ શહેરના ૭ ઝોનમાં આવેલા નીચે મુજબના વિવિધ લોકેશનોની સફાઈ હાથ ધરવામાં આવેલ હતી.

શહેરના પૂર્વ ઝોનમાં ગ્રામ પંચાયત ઓફિસ નિકોલ રખિયાલ ચાર રસ્તા, ગોમતીપુર જય ભારત રોડ સ્ટોર્સ, અમરાઈવાડી ઓઢવ લાઈબેરી સબઝોનલ ઓફિસ, વસ્ત્રાલ, ધીરજ હાઉસિંગ, ભાઈપૂરા, શમાઁ હોસ્પિટલ રોડ, જશોદાનગર, રામોલ જેવા વિસ્તારોમાં ૩૮૭.૨૫ કલાકનું શ્રમદાન કરી ૫.૬ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

શહેરના પશ્ચિમ ઝોનમાં મ્ઈજી ડેપો, ચાંદખેડા, મસ્ટર રોડ, રેલવે સ્ટેશન રોડ, સાબરમતી, અંધકલ્યાણ કેન્દ્ર રોડ, રાણીપ, નિર્ણયનગર પેટા મસ્ટર સ્ટેશન, સુરગીરી એપા. રોડ, નવા વાડજ નારણપુરા સીટી સિવિક સેન્ટર બાલભવન મસ્ટર સ્ટેશન સિવિક સેન્ટર, નવરંગપુરા સુબોધ સાગર લાયબ્રેરી, અંજલી ચાર રસ્તા રોડ,પાલડી, ગોદાવરી રોડ સ્ટોર, વાસણા જેવા વિસ્તારોમાં ૨૫૧૪ કલાકનું શ્રમદાન કરી ૩૨.૮૮ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

શહેરના ઉત્તર ઝોનમાં સરદારનગર સબ ઝોનલ ઓફિસ, નરોડા સબ ઝોન ઓફિસ, સૈજપુર માસ્ટર સ્ટેશન, ઈંડિયા કોલોની વોર્ડ ઓફિસ, અશોક મીલ રોડ, મ્યુ.લાઈબ્રેરી કલ્યાણ ચોક રોડ, ઠકકરબાપા નગર, મરઘાં ફાર્મ સબ ઝોનલ ઓફિસ, મરઘાં ફાર્મ રોડ બાપુનગર, રખિયાલ મસ્ટર ઓફીસ જેવા વિસ્તારોમાં ૧૭૨.૨૫ કલાકનું શ્રમદાન કરી ૦.૫૮ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

શહેરના દક્ષિણ ઝોનમાં ગૌતમનગર પાસે, બહેરામપુરા, ઈજનેર સ્ટોર વૈકુંઠધામ મંદિર સામે, મણિનગર, સિંધી નગર માર્કેટની બાજુમાં, મણિનગર, ખોખરા સબ ઝોનલ ઓફિસ, ખોખરા, ઘોડાસર સેવા સદન ઓફિસ, રાજેશ્વરી કાંસ પાસે, ઈસનપુર જેવા વિસ્તારોમાં ૨૦૦૨.૫ કલાકનું શ્રમદાન કરી ૭ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

શહેરના મધ્ય ઝોનમાં અસારવા ગામ મસ્ટર ઓફીસ સફાઈ, ગીરધરનગર સબ, મસ્ટર ઓફીસ, શાહીબાગ, દુધેશ્વર ઓફીસ સફાઈ, શાહપુર, ફુટી મસ્જિદ સબ મસ્ટર, દરિયાપુર, કાપડીવાડ મસ્ટર ઓફીસ, ખાડીયા જેવા ૧૨૫.૫ વિસ્તારોમાં કલાકનું શ્રમદાન કરી ૦.૫૮ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

શહેરના ઉત્તર પશ્ચિમ ઝોનમાં ન્યુ RCH સેન્ટર ગોતા, ચાંદલોડિયા ગ્રામ પંચાયત ઓફીસ, મેમનગર વોર્ડ ઓફીસ, પલુંડીયા ટેકરા જેવા વિસ્તારોમાં ૧૯૦૭.૫ કલાકનું શ્રમદાન કરી ૧૩ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

શહેરના દક્ષિણ પશ્ચિમ ઝોનમાં જોધપુર જૂની ઓફીસ, વેજલપુર સબ કંપાઉન્ડ અંદરની લાઈબ્રેરી જેવા વિસ્તારોમાં ૪૯૨.૫ કલાકનું શ્રમદાન કરી ૫ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત મિશન મોડ પર આજ રોજ નીચે મુજબથી જણાવેલ લોકેશનો પરથી લીગસી વેસ્ટ દૂર કરી જગ્યાને સ્વચ્છ કરવાની સફાઈ ઝુંબેશ પણ સ્થાનીક નગરીકો અને સેવાભાવી સંસ્થાઓની મદદ સાથે જરૂરી વાહનો અને મશીનરીનો ઉપયોગ કરી હાથ ધરવામાં આવેલ હતી. પૂર્વ ઝોનમાં જીવનવાડી, વિરાટનગર. પશ્ચિમઝોનમાં ચાંદખેડા સ્મશાન પાસે ઈલાઈટ ૩૨ મેદાન, સાબરનગર, SP સ્ટેડિયમ. દક્ષિણ ઝોનમાં કેનાલની બાજુમાં, વસ્ત્રાલ ગેટની બાજુમાં, ઈન્દ્રપુરી ઈસનપુર બ્રીજ પાસે, લાંભ વટવા મહાલક્ષ્મી તળાવ પાસે. મધ્ય ઝોનમાં સરદાર પટેલ ભવન પ્લોટ, લાલદરવાજા, જમાલપુર. ઉત્તર પશ્ચિમ ઝોનમાં શનિદેવ મંદિર રેલ્વે લાઈન, ઘાટલોડિયા. દક્ષિણ પશ્ચિમ ઝોનમાં સાણંદ સર્કલથી શાંતિપુરા રોડ, સરખેજ ફતેવાડી કેનાલ હાફિજી મસ્જીદ રોડ, મક્ત્મપુરામાં લીગસી વેસ્ટ દૂર કરી જગ્યાઓને સ્વચ્છ બનાવવામાં આવી હતી.

આજના આ સફાઈ ઝૂંબેશ કાર્યક્રમોમાં કુલ ૭૬૦૧.૫ કલાકનું શ્રમદાન કરી ૬૪.૬૪ મેટ્રિક ટન કચરાનું કલેક્શન કરી તેનો આખરી નિકાલ કરવામાં આવ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### વલસાડના ઉદવાડામાં ૫ દુકાનોમાં તસ્કરો ત્રાટક્યા

| વલસાડ, તા.૧ |

વલસાડમાં ફરી તસ્કોરોનું તરકટ સામે આવ્યું છે. જેમાં ૫ દુકાનોમાં ચોરીની ઘટના બની છે. ઉદવાડામાં ૫ દુકાનોમાં તસ્કરો ત્રાટક્યા હતા. જેમાં કિકરલા રોડ પરની દુકાનોમાં ચોરીની ઘટના બની. દુકાનમા રોકડ રકમની ચોરી થયાની ફરિયાદ પણ નોંધાઈ છે. ફરિયાદને આધારે પારડી પોલીસે તસ્કરોને પકડવા ચક્રો પણ ગતિમાન કર્યા છે. વધી રહેલા ચોરોના આતંક સામે શહેરીજનો પણ ત્રાહિમામ પોકારી ચૂક્યા છે. વલસાડના ઉદવાડામાં ૫ દુકાનોમાં તસ્કરો ત્રાટક્યા. કિકરલા રોડ પરની નાસ્તા અને બેકરી સહિતની દુકાનોમાં ચોરીની ઘટના સામે આવી છે. ૫ દુકાનોમાં કુહાડી અને પથ્થરો લઈને તસ્કરો ત્રાટક્યા હતા. દુકાનદારોએ નોંધપાત્ર રોકડ રકમની ચોરી થયાની ફરિયાદ પણ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી.

### રાજકોટમાં બે અને દેવગઢ બારિયામા એક યુવાનનુ હાર્ટ એટેકથી મોત

| રાજકોટ, તા.૧ |

રાજકોટમાં વધુ બે લોકોના હાર્ટ એટેક આવવાથી મોત નિપજ્યુ છે. રાજકોટમાં ૨૦ વર્ષીય અને ૩૫ વર્ષના યુવકનું મોત નિપજ્યું છે. નેપાળથી ૩ મહિના અગાઉ મજૂરી અર્થે આવેલો ૨૦ વર્ષીય યુવાન યુવકનું મોત થયુ છે. જ્યારે રૂખડિયાપરા વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષીય યુવકનું પણ હાર્ટ એટેકથી મોત થયુ છે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં યુવનોમાં હાર્ટ એટેક આવવાની ઘટનામાં વધારો થયો છે. ત્યારે રાજકોટમાં વધુ બે લોકોના હાર્ટ એટેક આવવાથી મોત નિપજ્યુ છે. રાજકોટમાં ૨૦ વર્ષીય અને ૩૫ વર્ષના યુવકનું મોત નિપજ્યું છે. નેપાળથી ૩ મહિના અગાઉ મજૂરી અર્થે આવેલો ૨૦ વર્ષીય યુવાન યુવકનું મોત થયુ છે. જ્યારે રૂખડિયાપરા વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષીય યુવકનું પણ હાર્ટ એટેકથી મોત થયુ છે. તો બીજી તરફ દાહોદના દેવગઢ બારિયામાં વધુ એક યુવકનું હાર્ટ એટેકને કારણે મોત થયું છે. રૂવાબારી ગામના ૧૯ વર્ષીય યુવક બારીયા ગામના મેળામાં ગયો હતો.

### રાણપુરના નાગનેશ ગામમાં નદીમાં ખાણખનીજ વિભાગે દરોડા પાડ્યા

| બોટાદ, તા.૧ |

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના નાગનેશ ગામમાં નદીમાં ખાણખનીજ વિભાગે દરોડા પાડ્યા હતા. અચાનક રેડના કારણે ખનીજ ચોરો ભાગતા જોવા મળ્યા હતા. ખાણખનીજ વિભાગના અચાનક દરોડાના કારણે વાહનો અને મશીનો મુકીને ખીનીજચોરોમાં નાશભાગ મચી ગઈ હતી, જો કે ખાણખનીજ વિભાગે ૪૫ લાખથી વધારેનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાનું નાગનેશ ગામની પાસેથી નિકળતી નદીમાં છેલ્લા અનેક વર્ષોથી ખનીજ માફિયા રેતીની ચોરી કરે છે અને આ કામ થોડા સમય બંધ થાય છે, ત્યારબાદ ફરી ચાલુ કરી દેવામાં આવે છે. દિવસમાં ચેકીંગના ડરના કારણે રાત્રે ખનીજચોરો ટ્રેક્ટર અને ટ્રકના ફેરા મારે છે. ખાણખનીજ વિભાગે નાગનેશની નદીમાં ખનીજ માફિયાની પર દરોડા પાડ્યા હતા.

#### કોર્ટ દ્વારા આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીને હુકમ કરાયો હતો

# સુરત શહેરમાં ૭૮૦૦ કરોડના સટ્ટાકાંડમાં મોટો પર્દાફાશ થયો

### એકાદ વર્ષ પહેલાં ઈકોસેલે ૭૮૦૦ કરોડનું સટ્ટાકાંડ ડિંડોલીમાં રાજમહલ મોલમાં પકડી પાડ્યું હતું

| સુરત, તા.૧ |



સુરત શહેરમાં ૭૮૦૦ કરોડના સટ્ટાકાંડમાં ઝડપાયેલા ૪ આરોપીઓને જ્યુડીશ્યલ કસ્ટડી મોકલી આપવામાં આવ્યો છે. રિમાન્ડ પૂર્ણ થતાં આરોપીઓને કોર્ટમાં રજૂ કરાયા હતા, જ્યાં નામદાર કોર્ટે આજે કસ્ટડીમાં મોકલી આપ્યા હતા. દેશભરમાં ચકચાર મચાવનારા કરોડોના આ કૌભાંડની તપાસ ઈકો સેલને કરી રહી હતી. હાલ ઝડપાયેલા ચારે આરોપીઓને રિમાન્ડ પૂર્ણ થતા સુરત કોર્ટમાં રજૂ કરાયા હતા. કોર્ટ દ્વારા આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીને હુકમ કરાયો હતો. પોલીસ તપાસમાં ૭૮૦૦ કરોડના ઓનલાઈન ટ્રાન્જેક્શન મળી આવ્યા હતા. શિવ એન્ટરપ્રાઈઝ નામની ઓનલાઈન કાપડની ઓફિસની આડમાં ધમધમતા ઓનલાઈન સટ્ટાકાંડનું કૌભાંડ ઝડપી પાડ્યું હતું. એકાદ વર્ષ પહેલાં ઈકોસેલે ૭૮૦૦ કરોડનું સટ્ટાકાંડ ડિંડોલીમાં રાજમહલ મોલમાં પકડી પાડ્યું હતું. આ ગુનામાં ઈકોસેલે બે દિવસ પહેલાં ૪ને પકડી પાડ્યા હતા. ચકચારી સટ્ટાકાંડમાં પકડાયેલા આરોપીમાં ૧ બકુલ કિર્તીપાલ શાહ, ૨ હર્ષ કમલેશ શાહ, ૩ પાર્થ શૈલેષ જોષી, ૪ આકાશ પ્રવિણચંદ્ર પારેખ છે. ચારેયને ઈકોસેલે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવ્યા હતા. એક આરોપીનો ફોટો નેતાના પુત્ર સાથે છે. દુબઈમાં બેસી કિશન સટ્ટાંના કરોડોના હવાલા કરતો હતો. કિશને ૩૦થી ૪૦ હજારના પગાર પર ૪ જણાને નોકરીએ રાખ્યા હતા. કિશનના કહેવાથી ૪ આરોપી એક બેંક ખાતામાંથી બીજા બેંક ખાતામાં નાણાં ટ્રાન્સફર અંગે જણાવતો હતો. હજુ કિશન સહિત ૧૫ આરોપીઓ વોન્ટેડ છે. જેમાં મોટેભાગના આરોપી દુબઈ ભાગી ગયા હોવાની વાત છે. તે વખતે શરૂઆતમાં સૂત્રધાર સહિત ૪ પકડાયા હતા. જેમાં કુલ ૯ પકડાયા છે.

આરોપી પાસેથી બેંકોના ૭૬ ડમી ખાતાઓ પોલીસે ફ્રીજ કર્યા હતા. આરોપીના IDBI બેંકના ૩ ખાતામાંથી ૧૨૧૭ કરોડ ૮૦ લાખ ટ્રાન્જેક્શનો થયેલા હોવાની ચોંકાવનારી વિગતો મળી છે. સાથે ૧.૭૨ કરોડ ફ્રીઝ કર્યા હતા. હુઝેફાને ઓનલાઈન બેટીંગ એપમાં ગેરકાયદે લેવડદેવડ માટે બેંક ખાતાઓ નાણાકીય વ્યવહારો કરતો હતો. પોલીસે આરોપીના બેંકના ખાતાઓનું સ્ટેટમેન્ટ બેંકમાંથી કઢાવ્યું હતું. જેમાં માત્ર એક જ એકાઉન્ટનું સ્ટેટમેન્ટ ૬૦૦ પાનાનું હતું. જે જોઈને પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઊઠ્યા હતા.જોકે આજે ઝડપાયેલા ૪ આરોપીઓને કોર્ટ માં રજૂ કરી રિમાન્ડ ની માંગણી નહિ કરતા જ્યુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા છે.

#### અમદાવાદ ઇસ્કોન બ્રિજ અકસ્માત કેસ

# ઇસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં આરોપી તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલના જામીન મંજૂર થયા

### આખરે ૧૦૩ દિવસ પછી આજે પ્રજ્ઞેશ પટેલને ગુજરાત હાઇકોર્ટે જામીન આપ્યા છે

| અમદાવાદ, તા.૧ |



અમદાવાદના ચકચારી ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં આરોપી તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલના જામીન મંજૂર થયા છે. ગુજરાત હાઈકોર્ટે પ્રજ્ઞેશ પટેલના જામીન મંજૂર કર્યા છે. અગાઉ કેન્સરની સારવાર માટે સેશન્સ કોર્ટ અને હાઈકોર્ટ પાસેથી પ્રજ્ઞેશ પટેલે જામીન માગ્યા હતા. આખરે આજે પ્રજ્ઞેશ પટેલને ગુજરાત હાઈકોર્ટે જામીન આપ્યા છે.

અમદાવાદના ચકચારી ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં આરોપી તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલના જામીન મંજૂર થયા છે. ગુજરાત હાઈકોર્ટે પ્રજ્ઞેશ પટેલના જામીન મંજૂર કર્યા છે. અગાઉ કેન્સરની સારવાર માટે સેશન્સ કોર્ટ અને હાઈકોર્ટ પાસેથી પ્રજ્ઞેશ પટેલે જામીન માગ્યા હતા. આખરે ૧૦૩ દિવસ પછી આજે પ્રજ્ઞેશ પટેલને ગુજરાત હાઈકોર્ટે જામીન આપ્યા છે. અમદાવાદના ઈસ્કોન ઓવરબ્રિજ પર અકસ્માત સર્જી ૯ લોકોને મોતને ઘાટ ઉતારનાર તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલને આખરે જામીન મળ્યા છે. તેના પિતા પ્રજ્ઞેશ પટેલે કોર્ટમાં હંગામી જામીન અરજી કરી હતી. જેને ગુજરાત હાઈકોર્ટે અગાઉ ફગાવી દીધી હતી. ગ્રામ્ય કોર્ટના ઓર્ડર છતાં તપાસ માટે કેન્સર હોસ્પિટલ જવાનો પ્રજ્ઞેશ પટેલે ઈનકાર કર્યો હતો. તેથી કોર્ટે હંગામી જામીન અરજી ફગાવી હતી. જો કે હવે તેની જામીન અરજી મંજુર કરવામાં આવી છે.

પ્રજ્ઞેશ પટેલે ૪ સપ્ટેમ્બરે તબિયત સારી ન હોવાની વાત કરી હતી. તેથી ગ્રામ્ય કોર્ટે કેન્સર હોસ્પિટલમાં તપાસ કરાવવા જણાવ્યું હતું. જે બાદ ૮ સપ્ટેમ્બરે તપાસ માટે કેન્સર હોસ્પિટલ જવાનો પણ પ્રજ્ઞેશ પટેલે ઈનકાર કર્યો હતો. તપાસ માટે હોસ્પિટલ ન જતાં તબીબી દસ્તાવેજો રેકોર્ડ પર ન આવતા કોર્ટે અરજી ફગાવી છે. મહત્વનું છે કે ગત ૧૯ જુલાઈના રોજ તથ્ય પટેલે પોતાની જગુઆર કાર વડે ઈસ્કોન બ્રિજ પર ૯ લોકોને ફંગોળી દીધા હતા. જે બાદ લોકોના ટોળાએ તથ્ય પટેલને માર માર્યો હતો. આ સમયે તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલ ઘટના સ્થળ પર આવી ચડ્યા હતા અને રિવોલ્વર વડે લોકોને ધમકી આપીને પોતાના પુત્ર તથ્ય પટેલને છોડાવીને લઈ ગયા હતા. આથી તથ્યના પિતા પ્રજ્ઞેશ પટેલ વિરુદ્ધ પણ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. હાલ તથ્ય પટેલ અને પ્રજ્ઞેશ પટેલ બન્ને સાબરમતી જેલમાં છે.

#### લોકો પાસેથી કરોડો પડાવ્યા હોવાનો આરોપ

# વેપારીએ પત્નીને કેનેડા મોકલવાના ચક્કરમાં ૬ લાખ રૂપિયા ગુમાવ્યા

| અમદાવાદ, તા.૧ |

ગુજરાતીઓની વિદેશ જવાની ઘેલછા જાણીતી છે. તેમની આ ઘેલછાનો લાભ એજન્ટો ઉઠાવતા હોય છે. વિદેશના આંબા પીપળી બતાવીને લાખો રૂપિયા પડાવી એજન્ટ છૂમંતર થઈ જતા હોય છે. આવો જ કિસ્સો સુરતમાં સામે આવ્યો છે. એક વેપારીએ તેની પત્નીને કેનેડા મોકલવાના ચક્કરમાં છ લાખ રૂપિયા ગુમાવ્યા હતા. એજન્ટે ૩૦ લોકો પાસેથી કરોડો પડાવ્યા હોવાનો આરોપ છે. ઉત્રાણ પોલીસે ભાગેડુ એજન્ટ જયદીપ પટેલ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મોટા વરાછાના લજામણી ચોક સ્થિત મેરીડીયન બિઝનેશ સેન્ટરમાં આવેલી ઈગોન ઈમિગ્રેશનનો સંચાલક કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના વર્ક પરમીટ વિઝા અપાવવાની લાલચ આપી અંદાજે ૧૦૦ થી વધુ લોકો પાસેથી લાખ્ખો રૂપિયા ઉઘરાવી ભુગર્ભમાં ઉતરી જતા ઉત્રાણ પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી ભેજાબાજની શોધખોળ હાથ ધરી છે. પુણા ગામના ગુલાબ ચોક નજીક કોળીવાડ ફળીયામાં રહેતા ફર્નિચર વેપારી કલ્પેશ પરસોત્તમ પટેલ (ઉ.વ. ૨૯) પત્ની ભુમિને કેનેડા મોકલવા માટે મે ૨૦૨૩ માં પોતાના ફેસબુક આઈડી પર ઉપર જાહેરાત જોય મોટા વરાછાના લજામણી ચોક સ્થિત મેરીડીયન બિઝનેશ સેન્ટર ખાતે ઈગોન ઈમિગ્રેશનના સંચાલક જયદીપ મહેન્દ્ર પટેલ (રહે. ૧૧, પટેલ કોલોની, કાલાવાડ રોડ નં. ૩, જામનગર) નો સંપર્ક કર્યો હતો. જયદીપે કેનેડાના વર્ક વિઝાનો રૂ. ૧૫ લાખનો ખર્ચ અને રૂ. ૧૦ લાખ પોતાની ઓફિસમાં જમા કરાવવાના અને રૂ. ૫ લાખ કેનેડામાં જોબ ચાલુ થાય ત્યારે દર મહિને રૂ. ૫૦ હજાર લેખે ૧૦ મહિના સુધી કપાશે તેવી લોભામણી લાલચ આપી હતી. જેથી કેનેડા જવાની લાલચમાં કલ્પેશે પત્ની ભુમિનો આધારકાર્ડ, પાસપોર્ટ સહિતના જરૂરી ડોક્યુમેન્ટ્સ તથા એડવાન્સ પેટે રોકડા રૂ. ૧ લાખ આપ્યા હતા. જયદીપે કલ્પેશને વિશ્વાસ કેળવવા રૂ. ૧ લાખની સામે સિક્યુરીટી પેટે તારીખ વગરનો રૂ. ૧ લાખનો સહી વાળો ચેક આપ્યો હતો. ત્યાર બાદ સ્ટેમ્પ પેપર ઉપર નોટોરાઈઝ લખાણ કરાવી જોબ ઓફર લેટરનો મેઈલ આવશે ત્યારે બીજા રૂ. ૨ લાખ આપવાનું કહ્યું હતું. વીસેક દિવસ બાદ કેનેડાના શોપર્સ લેન્ડમાર્ક મોલનો જોબ લેટર મેઈલ થકી મોકલાવી રૂ. ૨ લાખ લઈ લીધા હતા અને તેની સામે પણ સિક્યુરીટી પેટે ચેક આપ્યો હતો. ત્યાર બાદ જયદીપે વધુ રૂ. ૫ લાખની માંગણી કરતા કલ્પેશના સસરાના બેંક એકાઉન્ટનો રૂ. ૩ લાખનો ચેક આપ્યો હતો અને જયદીપે તા. ૧૫ થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન અમદાવાદ મેડીકલ ચેકઅપ માટે તૈયારી કરવા કહ્યું હતું.

#### જિલ્લા શિક્ષણ અધિકારી લાલ ઘૂમ

# સરદાર પટેલ જયંતિએ રજા ન રાખનારી શાળાઓને નોટિસ

| અમદાવાદ, તા.૧ |

સરદાર પટેલ જયંતીએ શાળા-કોલેજો અને સરકારી કચેરીમાં જાહેર રજા હતી. જો કે નવકાર, ફૈઝાન, શ્રેયસ અને લિટલ ફ્લાવર સ્કૂલમાં વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકારે ઉજવણીના કાર્યક્રમો આપ્યા હોવાથી કેટલીક CBSE શાળાઓ પણ ચાલુ રહી હતી. ૩૧ ઓક્ટોબરે એટલે કે ગઈકાલે સરદાર પટેલ જયંતી હતી.સરદાર પટેલ જયંતી નિમિત્તે શાળા-કોલેજો અને સરકારી કચેરીઓમાં જાહેર રજા હતી. જો કે શહેરની કેટલીક શાળાઓએ વિદ્યાર્થીઓને જાહેર રજાના દિવસે પણ બોલાવ્યા હતા. ત્યારે જાહેર રજા હોવા છતાં સ્કૂલો ચાલુ રાખવા બદલ અને વિદ્યાર્થીઓને બોલાવનાર શાળાઓને નોટિસ ફટકારવામાં આવી છે.સરદાર પટેલ જયંતીએ શાળા-કોલેજો અને સરકારી કચેરીમાં જાહેર રજા હતી. જો કે નવકાર, ફૈઝાન, શ્રેયસ અને લિટલ ફ્લાવર સ્કૂલમાં વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકારે ઉજવણીના કાર્યક્રમો આપ્યા હોવાથી કેટલીક CBSE શાળાઓ પણ ચાલુ રહી હતી.

#### મરાઠા આંદોલનની અસર ગુજરાતની આંતરરાજ્ય બસ સેવા પર

# ગુજરાત રાજ્યથી મહારાષ્ટ્ર જતી એસ ટી બસો રોકી દેવામાં આવી

### મહારાષ્ટ્ર જતી બસ સાપૂતારામાં અટકાવાઈ છે, આંદોલનકારીઓ બસને નુક્સાન કરતા હોવાથી આ નિર્ણય કરવામાં આવ્યો છે

| અમદાવાદ, તા.૧ |



મહારાષ્ટ્રના મરાઠા આંદોલનની અસર હવે છેક ગુજરાતમાં પડી છે. વાત જાણે એમ છે કે, ગુજરાતની એસટી સેવા પર મરાઠા આંદોલનની અસર થઈ છે. ગુજરાતથી મહારાષ્ટ્ર જતી બસોને રોકી દેવામાં આવી છે. વિગતો મુજબ મહારાષ્ટ્ર જતી બસ સાપૂતારામાં અટકાવાઈ છે. આંદોલનકારીઓ બસને નુક્સાન કરતા હોવાથી આ નિર્ણય કરવામાં આવ્યો છે. જેને લઈ હવે મહારાષ્ટ્ર જતાં મુસાફરો અટવાયા છે.

મરાઠા આંદોલનને કારણે હવે ગુજરાતની આંતરરાજ્ય બસ સેવા પર અસર પડી છે. વિગતો મુજબ ગુજરાત રાજ્યથી મહારાષ્ટ્ર જતી એસ ટી બસો રોકી દેવાઈ છે. જેમાં નાશિક, શિરડી, પુણે જતી એસ ટી.બસોને સાપુતારા બસ સ્ટેન્ડ પર અટકાવી દેવાઈ છે. મહત્વનું છે કે, આંદોલનકારીઓ બસને નિશાન બનાવી નુકસાન કરતા હોવાથી આ નિર્ણય લેવાયો છે. એસ. ટી વિભાગ દ્વારા પ્રવાસીઓની સુરક્ષાને પણ ધ્યાને લઈ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. મહારાષ્ટ્રમાં મરાઠા આંદોલન વધુ ઉગ્ર બનવા જઈ રહ્યું છે. આંદોલનના ઉગ્ર થવા અંગેના એંધાણોને જોતા પ્રશાસન હાઈ એલર્ટ પર છે. રાજ્યમાં સુરક્ષાના પુરતા અને કડક બંદોબસ્ત કરવામાં આવ્યાં છે.

### કાલોલમાં ફરી સરકારી અનાજ સગેવગે કરવાનું કૌભાંડ ઝડપાયુ

| પંચમહાલ, તા.૧ |

પંચમહાલના કાલોલમાં ફરી સરકારી અનાજ સગેવગે કરવાનું કૌભાંડ ઝડપાયું છે. કાલોલના વી.આર.ખેર નામના સસ્તા અનાજની દુકાનનો પરવાનો ધરાવતા સંચાલકને ત્યાં પુરવઠા અધિકારીએ આકસ્મિક તપાસ કરી હતી. તપાસ દરમિયાન દુકાનમાંથી અનાજ તેમજ અન્ય ચીજ વસ્તુઓનો વધારાનો જથ્થો મળી આવ્યો છે. ૧૦ કટ્ટા ઘઉં, ૧૦ કટ્ટા તુવેર દાળ, ૩૪ કિલો ચણાનો વધારાનો જથ્થો મળી આવ્યો હતો. હાલ પુરવઠા અધિકારીએ વધારાનો જથ્થો સીઝ કર્યો છે અને દુકાનદાર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અગાઉ પણ કાલોલના વેજલપુરમાં સસ્તા અનાજની દુકાનમાં જિલ્લા પુરવઠા અધિકારીની તપાસમાં ગેરરીતિ ઝડપાઈ હતી.

#### નવા ઇનોવેટિવ આકર્ષણો જોડવા માટેના આયોજનની સમીક્ષા કરી

# સાયન્સ સિટીમાં હ્યુમન એન્ડ બાયોલોજીકલ સાયન્સ અને એવીએશન એન્ડ ડિફેન્સ ગેલેરી ઉભી કરાશે

### સાયન્સ સિટીમાં હાલ મ્યુઝિકલ ફાઉન્ટેન, રોબોટિક્સ ગેલેરી, એક્વાટીક ગેલેરી, પ્લેનેટ અર્થ અને લાઈફ સાયન્સ પાર્ક જેવા આકર્ષણો મુલાકાતીઓને રોમાંચકારી અનુભવ કરાવે છે

| અમદાવાદ, તા.૧ |

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ સાયન્સ સિટીમાં આગામી સમયમાં નવા ઈનોવેટિવ આકર્ષણો જોડવા માટેના આયોજનની સમીક્ષા કરી હતી.સાયન્સ સિટીમાં વિવિધ ગેલેરીઝ અને પાર્કસ ઉભા કરીને ટેકનોલોજી યુક્ત અભિગમ સાથે લોકોમાં વિજ્ઞાન પ્રત્યે રસ-રૂચિ વધે અને ગમ્મત સાથે જ્ઞાન વર્ધન થાય તેવો અભિગમ રાખવામાં આવ્યો છે. દર વર્ષે એક-એક નવીન ગેલેરી સાયન્સ સિટીમાં નિર્માણ કરવામાં આવે છે.આ સાયન્સ સિટીમાં હાલ મ્યુઝિકલ ફાઉન્ટેન, રોબોટિક્સ ગેલેરી, એક્વાટીક ગેલેરી, પ્લેનેટ અર્થ અને લાઈફ સાયન્સ પાર્ક જેવા આકર્ષણો મુલાકાતીઓને રોમાંચકારી અનુભવ કરાવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાયન્સ સિટીમાં પ્રવર્તમાન ગેલેરીઝ અને વિવિધ પ્રોજેક્ટસની વિશેષતાઓ તથા તેને વધુ સુવિધા સભર બનાવવા અંગે પણ સમીક્ષા કરી હતી. તેમણે સાયન્સ સિટીમાં આગામી સમયમાં જે વધુ નવીનતા સભર આકર્ષણો ઊભા કરવાનું આયોજન છે તેની પણ વિસ્તૃત માહિતી મેળવી હતી. સાયન્સ સિટીમાં હાલના મ્યુઝિકલ ફાઉન્ટેનના અપગ્રેડેશન અને વધુ આકર્ષક બનાવવા સાથે એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરીનું નિર્માણકાર્ય અગ્રિમ તબક્કામાં છે.હ્યુમન એન્ડ બાયોલોજીકલ સાયન્સ ગેલેરી તેમજ એવીએશન એન્ડ ડિફેન્સ ગેલેરીનું નિર્માણ અંદાજે કુલ ૭૫૦ કરોડના ખર્ચે હાથ ધરવાનું પ્રાથમિક આયોજન કરવામાં આવ્યું છે.

#### આ તરફ જામનગરમાં તો આ ટીમ બે શિફ્ટમાં કામ કરશે આ તરફ ઢોર પાર્ટીની ટીમો પર હુમલા વધતાં તંત્ર પોતાની સાથે પોલીસ રાખી રહી છે

# વડોદરા, અમદાવાદ સહિતના શહેરોમાં રખડતા ઢોરને પકડવાની ઝુંબેશ શરૂ

| અમદાવાદ, તા.૧ |

રાજ્યમાં રખડતાં ઢોર મામલે ગુજરાત હાઈકોર્ટની ફટકાર બાદ હવે તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. વાત જાણે એમ છે કે, વડોદરા, અમદાવાદ સહિતના શહેરોમાં આજથી રખડતા ઢોરને પકડવાની ઝુંબેશ શરૂ કરાઈ છે. આ તરફ જામનગરમાં તો આ ટીમ બે શિફ્ટમાં કામ કરશે. આ તરફ ઢોર પાર્ટીની ટીમો પર હુમલા વધતાં તંત્ર પોતાની સાથે પોલીસ રાખી રહી છે. આ તરફ વડોદરામાં કેટલ પોલિસીનો અમલ સાથે પોલીસ બંદોબસ્ત સાથે ઢોર પકડવાની કામગીરી શરૂ કરાઈ છે. પોલીસને સાથે રાખી તંત્ર દ્વારા કામગીરી શરૂ

રખડતાં ઢોરનાં ત્રાસ સામે હાઈકોર્ટની ફટકાર બાદ તંત્ર દોડતું થયું છે. આ તરફ ઢોર પાર્ટીની ટીમો પર હુમલા વધતાં તંત્ર પોતાની સાથે પોલીસની ટીમ રાખી રહી છે. જેને લઈ આજે અમદાવાદના વાડજ વિસ્તારનાં



કિરણ પાર્ક સોસાયટી પાસે ઢોર પકડવાની કામગીરી કરાઈ હતી. ઢોર પકડવામાં છસ્ક્રનાં ઙ્રરૂસ્ઝ્રની ટીમ સાથે પોલીસ તૈનાત છે. છસ્ઝ્ર ની ટીમ પોલીસનો મોટો કાફલો લઈ ઢોર પકડવા પહોંચી હતી.

હાઈકોર્ટની ટકોર બાદ જાગેલ તંત્ર હવે એક્શન મોડમાં આવ્યું છે. રખડતા ઢોરને પકડવા ફરી ઝુંબેશ શરૂ કરાઈ છે. જેના ભાગરૂપે જામનગર મનપાની ટીમ બે શિફ્ટમાં કામગીરી કરશે. આ સાથે ઢોર પકડવા માટેના ૮ કર્મીઓ કામ કરશે. રખડતાં ઢોરને પકડી લેવા મનપા દ્વારા બે ટીમને શહેરમાં દોડતી કરવામાં આવશે.

વડોદરામાં આજથી કેટલ પોલિસીના અમલ સાથે પોલીસ બંદોબસ્ત સાથે ઢોર પકડવાની કામગીરી શરૂ કરાઈ છે. આ તરફ વારસિયા વિસ્તારમાં પશુમાલિકોએ હોબાળો કર્યો હોવાનું સામે આવ્યું છે. જેમાં માલધારીઓને શહેર બહાર જગ્યા ફાળવવા માંગ કરાઈ છે. જગ્યા ફાળવ્યા બાદ કેટલ પોલિસીનો અમલ કરવા માંગ કરાઈ છે. આ તરફ મનપાની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૧૧ ગાયો પકડવામાં આવી છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨